બફ્ય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)


**જુન-૨૦૨૨**

શવ્વાલુલ મુકર્રમ-ઝીલ કઅ્દ
હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૯, અંક : ૦૬, સળંગ અંક : ૨૨૧

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બૅંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | જિંદગીને બેકાર કામોમાં ન વેડફો ! ઈલ્મની તરફ આવો ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 12 |
| 05 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 16 |
| 06 | તઝકેરતુલ અવલિયા : હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ | 19 |
| 07 | કાનૂને શરીઅત (ભાગ : ૨) | 21 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 09 | વર્તમાન સંજોગોમાં હિંદના મુસલમાનો શું કરે ?! | 28 |
| | પૂર્વજ બુઝુર્ગોના તાલિબે ઈલ્મીના દૌરની બોધદાયક.. | 32 |
| 10 | સોહબતની માણસના વ્યક્તિત્વ તથા જીવન પર અસર | 36 |
| 11 | કુર્બાની સંબંધે શંકાઓ અને તેનું નિવારણ | 40 |
| 12 | કુર્આને હકીમની આશ્ચર્યજનક અસરકારકતાના... | 44 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## ફૌજે ગમ કી બરાબર ચળ્હાઈ હૈ

અઝ : હુઝૂર મુફ્તિયે આ'ઝમે હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ

ફૌજે ગ઼મ કી બરાબર ચળ્હાઈ હૈ
દાફ-એ-ગ઼મ તુમ્હારી દુહાઈ હૈ
ઉમ્ર ખેલોંમેં હમને ગંવાઈ હૈ
ઉમ્ર ભરકી યહી તો કમાઈ હૈ
જબ ખુદા ખુદ તુમ્હારા હુઆ તો ફિર
કૌન સી ચીઝ હૈ જો પરાઈ હૈ
તાજ રખા તેરે સર ર-ફઅ઼-ના કા
કિસ કદર તેરી ઈઝ્ઝત બળ્હાઈ હૈ
અંબિયાકો રસાઈ મિલી તુમ તક
બસ તુમ્હારી ખુદા તક રસાઈ હૈ
મેરા બેળા કિનારે લગે પ્યારે
નૂહ઼ કી નાવ કિસને તિરાઈ હૈ
કાશ ! વો હશ્ર કે દીન કહેં મુઝસે
નારે દોઝખસે તુઝ કો રિહાઈ હૈ
પ્યારે ખુશ્બુ તુમ્હારે પસીને કી
ખુલ્દ કે ફૂલોં સે ભી સિવાઈ હૈ
તયબાહ જાઉં વહાંસે ન વાપસ આઉં
મેરે જી મેં તો અબ યે સમાઈ હૈ
મર રહા હું તુમ આ જાઓ જી ઉઠ્ઠું
શરબતે દીદ મેરી દવાઈ હૈ
શૌકે દીદારે નૂરમેં અય **'નૂરી'**
રૂહ ખીંચ કર અબ આંખોમેં આઈ હૈ

# જિંદગીને બેકાર કામોમાં ન વેડફો ! ઈલ્મની તરફ આવો !

તંત્રી લેખ.....

હદીષે પાકમાં છે : "માણસ સહીહ તથા કામિલ મોમિન ત્યાં સુધી નથી થતો જ્યાં સુધી કે બેકાર કામોને ત્યજી ન દે." હઝરત અલી ઈબ્ને હુસૈન એટલે ઈમામ ઝયનુલ આબિદીન رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "માણસ સારો મુસલમાન ત્યારે બને છે જ્યારે તે બેકારની તથા ફુઝૂલ વાતોને ત્યજી દે (સુનને તિર્મિઝી, ૯/૯૮, હદીષ-૨૪૮૮...વગેરે) એટલે કે જિંદગીને બેકાર કામોમાં ન વેડફે એ જ મોમિનની શાન છે. અને મોમિન માટે તો રબ તઆલાનું એલાન છે કુર્આનમાં કે : وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ **"ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ થશો ! શર્ત એ છે કે મોમિન બની જાવ !"**

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૯)*

## ★ સાચા મુસલમાન અને ડુપ્લિકેટ મુસલમાન ! ★

હવે મોમિન કોણ ?! તો વધારે ડીટેઈલમાં ન જતાં જોઈએ કે અક઼ીદાની દષ્ટિએ, અમલોની દષ્ટિએ મોમિન કેવો હોવો જોઈએ ? તો એક બાજુ અક઼ીદાની ગુમરાહીમાં "અહલે સુન્નત વ જમાઅત"માંથી નીકળીને અનેક ફિર્ક઼ાઓ અલગ થઈ ગયા જેમની સંખ્યા ઘણી મોટી છે પણ તેઓ નામના મુસલમાન રહી ગયા ! બાકી ઈમાનનો પટ્ટો તેમણે ગળેથી કાઢી નાખેલો છે ! (અલ્લાહની પનાહ !) રહ્યા બાકીના મુસલમાન, તો આપણા સમાજ તરફ નજર કરો અને આપણા દિલમાં ઝાંકીને જુઓ કે શું આપણે સાચા અર્થમાં મોમિન છીએ ? તો જવાબમાં એક પ્રકારની માયૂસી મેહસૂસ થશે કે આપણે મોમિન હોવાનો દાવો તો કરીએ છીએ પણ કુર્આન હદીષની કસોટી પર સાચા મોમિન નથી ! ઝબાની દાવા સુધી આપણે સીમિત છીએ. આપણી અમલી જિંદગીમાં ઈસ્લામની ઝલક નહિવત જોવા મળે છે. સાચા મોમિન કેવા હતા એ જ આપણને ખબર નથી ! સાચા મોમિન બનવા માટે આપણે સૌથી સાચા મોમિન એટલે કે રસૂલે પાક ﷺના જાંનિષાર સહાબીઓની જિંદગીની તેમજ અલ્લાહના વલીઓની જિંદગીઓની ભીતરમાં જવું પડશે. તેમણે કેવી રીતે જિંદગી ગુજારી એ શોધવું પડશે. શું તેઓ બેનમાઝી હતા ? શું તેઓ દાઢી મૂંડા કે ચોખા ચોખા જેટલી દાઢીવાળા હતા ? શું તેઓ જૂઠ્ઠુ બોલતા હતા ? શું તેઓ બેરોઝાદાર હતા ? શું તેઓ દીન માટે કુર્બાન થવા તૈયાર ન હતા ? શું તેઓ ગીબત, ચુગલી, ગાળાગાળી, મારા મારી કરનારા હતા ? શું તેઓમાં હયા શરમ ન હતી ? શું તેમની આંખો, પર સ્ત્રીઓ તથા ગંદા મન્ઝર જોવાની શોખિન હતી ? શું તેઓ વ્યભિચારી હતા ? શું તેઓ ભાઈ ભાઈ વચ્ચે વેર રાખનારા હતા ? શું તેઓ કોઈનો માલ પચાવી પાડવાવાળા હતા ? શું તેમની બહેન દીકરીઓ બજારોમાં પાર્કોમાં, શેરીઓમાં બેપર્દા બેહયા બની રખડતી હતી ? શું તેમની શાદીઓમાં બેન્ડ બાજા, ડીજે, ડાન્સ, છૂટ્ટાવાળો લહેરાવતી અત્યંત મેકઅપથી ચેહરો બદલી નાખનારી બેપર્દા સ્ત્રીઓ તથા અંગ્રેજ તથા યહૂદ જેવા ચહેરાવાળા તથા બેહયાઈના સ્ટેજો પર ડ્રામા કરવાવાળા યુવાન યુવતીઓ હતાં ?! શું તેઓ મા બાપના, વડીલોના બેઅદબ હતા ? શું તેઓ શરાબી, જુગારી, હલાલ હરામની પરવા ન કરનારા હતા ? શું તેઓ ઈલ્મે દીનથી, દીનની વાતો વાંચવા સાંભળવાથી, ઈલ્મી મેહફિલોથી દૂર ભાગનારા તથા અણગમો ધરાવનારા હતા ? વગેરે વગેરે...તો જવાબ હશે ના ! ના ! અને ના ! સહાબા, સહાબિયાત તથા અવલિયાના જીવનોમાં આ બાબતોનો પડછાયો પણ ન હતો. અને એનું નામ જ સાચા મોમિન ! બાકી ડુપ્લિકેટ !

Web.: www.barkatekhwaja.net

## ★ દશ્ત તો દશ્ત હૈ દરયા ભી ન છોળે હમને.... ★

હવે આપણા સમાજમાં જુઓ ! શું હાલ છે આપણો ! જેથી કહેવું પડશે કે તેઓ સાચા મોમિન હતા અને આપણે ''ડુપ્લિકેટ મુસલમાન'' છીએ ! જો ઈમાનને હાડપિંજર અને અમલોને શરીરનો ગોશ્ત પોશ્ત કહીએ તો આપણે કેવળ હાડપિંજરવાળા છીએ, અમલી જિંદગી ખતમ જેવી સ્થિતિમાં છે. (ઈલ્લા માશા અલ્લાહ !) અને તેમાંય મજબૂતી જેવી હોવી જોઈએ તેવી નથી ! અને તેનું જ પરિણામ છે કે આજે ગૈરો મુસલમાનોને જાનવરોની જેમ ફટકારી રહ્યા છે, અને આમથી તેમ હાંકી રહ્યા છે. જગતમાં દેશમાં આટલુ બધું થયા પછી પણ આપણે નહીં જ સુધરીએ ?! સાચા મોમિનો તો તે હતા કે મદીના પાકથી ઈસ્લામના અમ્નના પયગામનો ફેલાવો કરવા નીકળ્યા તો તે સમયની મહાસત્તાઓ કૈસર તથા કિસરાને ધૂળ ચાટતી કરી દીધી અને જગતભરમાં ઈસ્લામનો ડંકો વગાડી દીધો. લગભગ દુનિયા પર તેમનું રાજ હતું અને તેમણે અમ્નો શાંતિ સ્થાપી હતી. શું સરસ કહ્યું છે ડો. ઈકબાલે કે :

*દશ્ત તો દશ્ત હૈ દરયા ભી ન છોળે હમને–બેહરે ઝુલ્માતમેં દોળા દિયે ઘોળે હમને*

*દીં અઝાનેં કભી યુરપકે કલીસાઓંમેં – કભી અફ્રિકાકે તપતે હુએ સહરાઓંમેં*

*નક્શ તૌહીદકા હર દિલમેં બિઠાયા કિસને ? – ઝેરે ખંજર ભી યહ પૈગામ સુનાયા કિસને ?*

કહેવાનો મતલબ એ છે કે આપણે મોમિનની શાન ગુમાવી દીધી છે જેથી આપણો હાથ પકડનાર કોઈ જણાતો નથી ! એનો ઈલાજ એક જ છે કે આપણે સાચા મોમિન બની જઈએ તો રબની રહમતો, રબની ઈનાયતો, રબની મદદો આપણો હાથ થામી લેશે. વર્તમાન મુસીબતોથી બહાર નીકળવાના માર્ગો કહેવાતા બુધ્ધિશાળીઓ અનેક બતાવશે પણ અલ્લાહની વાત પર ઈમાન છે તો એનો બતાવેલ માર્ગ એક જ છે કે સાચા મોમિન બની જાવ !

## ★ ઈલ્મ શીખ્યા વિના સાચા મો'મિન બનવું અશક્ય ! ★

અને સાચા મોમિન થવા માટે ઉલમાથી ઈલ્મ શીખો, ''સુન્ની દા'વતે ઈસ્લામી''ના સુન્ની તર્બિયતી ઈજતેમાઓમાં હાજરી આપો, ઘરોમાં દીની કિતાબો વસાવો, દીની મંથલી મંગાવો, તેમને વાંચો અને સમજો કે સહાબા તથા અવલિયાની જિંદગી કેવી હતી પછી તેમના નક્શે કદમ પર ચાલવા કોશિશ કરો તો સઘળો મામલો સુધરી જશે, દુનિયા તથા આખેરતમાં આપણે કામયાબ થઈ જાશું.

પણ આજે તો મોબાઈલમાંથી કોઈએ મોઢું કાઢવું જ નથી ! ભાઈ ! કબરનું વિચારો ! કબરમાં મોબાઈલ સાથે નહીં આવે ! ઈમાન તથા નેક અમલો, ખુદા વ રસૂલની, સહાબા, અહલે બયત, અવલિયા, ઉલમાની મહોબ્બતો જ કામ આવશે જેથી મોબાઈલથી છૂટકારો મેળવો, અહલે સુન્નતના ઉલમાની કિતાબો વાંચો, તેમનાં બયાનો સાંભળો, સુન્ની મંથલી મંગાવો, પોતે વાંચો, ઔલાદને, ઘરવાળાંને વંચાવો અને ઘરમાં એક પુર સકૂન દીની માહોલ, શરીઅતની પાબંદીવાળો માહોલ બનાવો તો કામયાબી તમારા કદમો ચૂમશે. ઈન્શા અલ્લાહ !

## ★ મુસલમાનો કહે છે : અમારે ત્યાં ધાર્મિક કિતાબો મોકલશો નહીં ! ★

આપણુ ઈલ્મે દીનનો, અહલે સુન્નતનો, મસ્લકે આ'લા હઝરતનો ડંકો વગાડતુ ઈલ્મી રૂહાની માસિક ''બરકાતે ખ્વાજા'' તથા દયાદરા અંજુમનની કિતાબો વરસોથી નિયમિત પ્રકાશિત થઈ રહેલ છે અને સુન્ની ગુજરાતીઓને ઘર બેઠાં પોસ્ટ કરે છે. પણ હવે ઘણે ઠેકાણેથી આવી મહાન કિતાબોને પણ ન મોકલવા કહેવાતા આશિકે રસૂલ ભાઈઓ બહેનો જાણે ધમકીના ટોનમાં કહે છે કે, ખબરદાર ! અમને દીની કિતાબો મોકલતા

Web.:www.barkatekhwaja.net

નહીં ! અમારે ત્યાં કોઈ વાંચનાર નથી ! અમારી પાસે ટાઈમ નથી ! "ટાઈમ નથી" એ એટલુ મોટુ જૂઠ છે કે અલ્લાહ એવું બોલવાથી એમને બચાવે ! કેમ કે દુનિયાનાં સર્વ કામો માટે, મોબાઈલ માટે, મિત્રોમાં ગપસપ માટે, માલ કમાવામાં રચ્યા પચ્યા રહેવા માટે ટાઈમ છે, પણ ટાઈમ નથી તો અલ્લાહ જે આપણો ખાલિક઼, માલિક, રાઝિક઼...... બધુ જ છે તેની વાત સાંભળવાનો તથા નબી કરીમ ﷺ કે જેમના સદક઼ામાં આ જીવન અને તેની નેઅમતો મળી અને ક઼યામતમાં આપણે તેમનાથી શફાઅત ચાહીએ છીએ તેમની વાતો વાંચવામાં આપણે રસ નથી ! તો શું તમારે ફક્ત દુનિયા જ જોઈએ છે ?! આખેરતમાં જે થશે તે ?! એવું ધાર્યું છે ? જો એ જ હોય તો તમારી મરજી ! નહીં તો હવે એ ઈસ્લામ વિરૂધ્ધની વાત ન કહેશો કે અમારે ત્યાં કિતાબો ન મોકલતા ! કેટલાક કહે છે કે એને ક્યાં રાખવી ?! બેઅદબી થાય છે ! અચ્છા ! તો કરન્સી નોટો, સોનુ, ચાંદી ક્યાં રાખો છો ?! તીજોરીમાં ?! ટી.વી. માટે શોકેશ રાખો છો ? તો આ અલ્લાહ વ રસૂલનો પયગામ સંભળાવતી કિતાબો માટે ઘરમાં એક સરસ કબાટ ન રાખી શકો કે ગમે ત્યારે તમે તથા તમારી ઔલાદ એને વાંચતી રહે ?!

ટૂંકમાં એ કે આપણી દુનિયા આખેરતની ભલાઈ ઈલ્મે દીન શીખવવામાં અને તેના પર ચાલવામાં છે જેથી આવી કિતાબોની ક઼દર કરશો કે જે ઘણી મુશ્કેલીઓ મહેનતો બાદ રેડી થઈને આપના હાથો સુધી પહોંચતી હોય છે. ઉમ્મીદ છે ક઼દર કરશો ! ઈન્શા અલ્લાહ !

## ★ આવો ઈલ્મી શોખ હતો ત્યારે દુનિયા તેમની સમક્ષ ઝુકતી હતી ! ★

અંતમાં સહાબીએ રસૂલ હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہના ઈલ્મી શોખનો બનાવ વાંચો અને દિલને ઝંઝોળો કે આપણને ઘર બેઠાં ઈલ્મી વાનગી મળવા છતાં આપણે તેને અડકવામાં જાણે કરંટ લાગશે એવું અનુભવીએ છીએ ! હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ જલીલુલક઼દર સહાબી છે જેમને હિજરત વેળા મદીનામાં હુઝૂર ﷺની મેજબાનીનો શરફ નસીબ થયો અને હુઝૂરની રોજનીશી નજીકથી જોવાનો મોક઼ો મળ્યો. તેમ છતાં હદીષના માટે તેમની મહેનતનો અંદાઝો આના પરથી લગાડો.

એક હદીષ આપે હુઝૂર ﷺથી સાંભળી હતી, પણ તેમાં કાંઈક શંકા મહેસૂસ થતી હતી. જે મજલિસમાં એ હદીષ સાંભળી હતી ત્યાં આપની સાથે હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہ પણ હાજર હતા, પણ તે એ સમયે મિસરમાં રહેતા હતા. જેથી એ શંકાને દૂર કરવા માટે આપ મિસરની સફરે જવા રેડી થઈને નીકળી પડયા. ઈલ્મી શોખના ઉમંગમાં આ સફર શરૂ કરી આપ્યો, જો કે એ વખતે વૃદ્ધાવસ્થાની હાલત હતી. રસ્તો પણ ઘણો કઠિન હતો, તેમ છતાં એકલા હાથે આ તકલીફોને વેઠતા ચાલી નીકળ્યા. મહીનાઓની સફર કરીને મિસર પહોંચ્યા. તે વખતે મિસરના ગવર્નર હઝરત મુસ્લિમા બિન મુખલદ અન્સારી رضی اللہ عنہ હતા. આપ સીધા પ્રથમ તેમને ત્યાં પહોંચ્યા. અમીરે મિસ્રએ મુલાકાત બાદ પૂછયું, અબૂ ઐયૂબ ! શાથી આવવાનું થયું ?! કહ્યું, મારી સાથે એક માણસ મોકલો જે મને ઉક઼બા બિન આમિરના મકાન સુધી પહોંચાડી આપે. જેથી એક જણને લઈને ત્યાં પહોંચ્યા. જ્યારે હઝરત ઉક઼બાને જાણ થઈ તો દોડીને બહાર આવ્યા અને ખુશીના આવેશમાં ગળેથી લગાડી લીધા અને આવવાનું કારણ પૂછયું, ફર્માવ્યું, એક હદીષ છે જેને મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળી છે. હવે આ હદીષ કે જે મો'મિનના સતરના બારામાં છે, તેને રસૂલુલ્લાહ ﷺથી સાંભળનારાઓમાં મારા તથા તમારા સિવાય કોઈ બચ્યું નથી. ઉક઼બાએ કહ્યું, હા ! મેં અલ્લાહના રસૂલ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે, "જે દુનિયામાં મો'મિનની અયબો છુપાવે છે તો ક઼યામતના દિવસે અલ્લાહ તઆલા તેમની અયબો છુપાવશે." તો હઝરત ઐયૂબ અન્સારીએ ફર્માવ્યું, તમે સાચુ કહ્યું. (ઈબ્ને અબ્દુલ બરની જામેઅ બયાનુલ ઈલ્મ–૯૪, ઝિયાઉન્નબી, ૭/૭૯) અલ્લાહ આપણને ઈલ્મે દીનથી મહોબ્બત અતા કરે. આમીન.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

مِنْ اَجْلِ ذٰلِكَ ۚۛ كَتَبْنَا عَلٰى بَنِیْۤ اِسْرَآءِیْلَ اَنَّهٗ مَنْ قَتَلَ
نَفْسًۢا بِغَیْرِ نَفْسٍ اَوْ فَسَادٍ فِی الْاَرْضِ فَكَاَنَّمَا قَتَلَ النَّاسَ
جَمِیْعًا ؕ وَ مَنْ اَحْیَاهَا فَكَاَنَّمَاۤ اَحْیَا النَّاسَ جَمِیْعًا ؕ وَ لَقَدْ
جَآءَتْهُمْ رُسُلُنَا بِالْبَیِّنٰتِ٘ ثُمَّ اِنَّ كَثِیْرًا مِّنْهُمْ بَعْدَ
ذٰلِكَ فِی الْاَرْضِ لَمُسْرِفُوْنَ ﴿۳۲﴾ اِنَّمَا جَزٰٓؤُا الَّذِیْنَ
یُحَارِبُوْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ یَسْعَوْنَ فِی الْاَرْضِ فَسَادًا اَنْ
یُّقَتَّلُوْۤا اَوْ یُصَلَّبُوْۤا اَوْ تُقَطَّعَ اَیْدِیْهِمْ وَ اَرْجُلُهُمْ مِّنْ
خِلَافٍ اَوْ یُنْفَوْا مِنَ الْاَرْضِ ؕ ذٰلِكَ لَهُمْ خِزْیٌ فِی الدُّنْیَا
وَ لَهُمْ فِی الْاٰخِرَةِ عَذَابٌ عَظِیْمٌ ﴿۳۳﴾ اِلَّا الَّذِیْنَ تَابُوْا مِنْ
قَبْلِ اَنْ تَقْدِرُوْا عَلَیْهِمْ ۚ فَاعْلَمُوْۤا اَنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِیْمٌ ﴿۳۴﴾
یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ ابْتَغُوْۤا اِلَیْهِ الْوَسِیْلَةَ وَ
جَاهِدُوْا فِیْ سَبِیْلِهٖ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ ﴿۳۵﴾ اِنَّ الَّذِیْنَ كَفَرُوْا
لَوْ اَنَّ لَهُمْ مَّا فِی الْاَرْضِ جَمِیْعًا وَّ مِثْلَهٗ مَعَهٗ لِیَفْتَدُوْا بِهٖ
مِنْ عَذَابِ یَوْمِ الْقِیٰمَةِ مَا تُقُبِّلَ مِنْهُمْ ۚ وَ لَهُمْ عَذَابٌ
اَلِیْمٌ ﴿۳۶﴾ یُرِیْدُوْنَ اَنْ یَّخْرُجُوْا مِنَ النَّارِ وَ مَا هُمْ
بِخٰرِجِیْنَ مِنْهَا٘ وَ لَهُمْ عَذَابٌ مُّقِیْمٌ ﴿۳۷﴾ وَ السَّارِقُ وَ
السَّارِقَةُ فَاقْطَعُوْۤا اَیْدِیَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا نَكَالًا مِّنَ
اللّٰهِ ؕ وَ اللّٰهُ عَزِیْزٌ حَكِیْمٌ ﴿۳۸﴾ فَمَنْ تَابَ مِنْۢ بَعْدِ ظُلْمِهٖ وَ

## સૂરએ માઈદાની તફસીર

આટલા કારણે અમે બની ઈસ્રાઈલ માટે લખી દીધું કે જેણે કોઈ જીવનો નાશ કર્યો જીવના બદલા વગર, અથવા ધરતીમાં ફસાદ ફેલાવ્યો,[૧૫૧] તો જાણે કે તેણે બધા લોકોને મારી નાખ્યા[૧૫૨] અને જેણે એક જીવને જીવાડી લીધો,[૧૫૩] જાણે કે તેણે બધા લોકોને જીવાડી લીધા. અને બેશક ! તમારી પાસે અમારા રસૂલ સ્પષ્ટ દલીલો સાથે આવ્યા[૧૫૪] પછી બેશક ! તેમનામાં ઘણા એ પછી ધરતીમાં વધુ પડતુ કરનાર છે[૧૫૫] (૩૨) તેઓ કે અલ્લાહ અને તેના રસૂલ સાથે લડતા[૧૫૬] અને દેશમાં ફસાદ કરતા ફરે છે. તેમનો બદલો એ જ છે કે ગણી ગણીને મારી નાખવામાં આવે, અથવા સુળીએ દેવામાં આવે, અથવા તેમના એક તરફના હાથ અને બીજી તરફના પગ કાપી નાખવામાં આવે, અથવા ધરતી પરથી દૂર કરી નાખવામાં આવે, આ દુનિયામાં તેમનું અપમાન છે, અને આખિરતમાં એમના માટે મોટો અઝાબ (છે) (૩૩) પણ તેઓ જેમણે તવબહ કરી લીધી એ પહેલાં કે તમે તેમના પર કબ્જો મેળવો[૧૫૭] તો જાણી લો કે અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩૪) હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને

*તેના તરફ વસીલો ઢુંઢો,[૧૫૮] અને તેની રાહમાં જિહાદ કરો, એ આશાએ કે સફળતા મેળવો (૩૫) બેશક ! તેઓ જે કાફિર થયા (તો) જે કંઈ જમીનમાં છે તે બધું અને તેના જેટલું બીજુ (પણ) જો તેમની માલિકીનું હોય કે તે આપીને ક઼યામતના અઝાબથી પોતાનો જીવ છોડવે તો તેમની પાસેથી નહીં લેવાય, અને તેમના માટે દુઃખ દાયક અઝાબ છે[૧૫૯] (૩૬) દોઝખમાંથી નીકળવા માગશે પણ તેઓ એમાંથી નહીં નીકળે, અને તેમને કાયમી સજા છે (૩૭) અને જે પુરૂષ કે સ્ત્રી ચોર હોય[૧૬૦] તો તેમનો હાથ કાપો[૧૬૧] તેમની કરણીનો બદલો, સજા અલ્લાહ તરફથી. અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે. (૩૮) તો જે પોતાના જુલ્મ પછી તવબહ કરે અને સારો થઈ જાય તો અલ્લાહ પોતાના મહેરથી તેના તરફ ધ્યાન આપશે[૧૬૨] બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩૯) શું તને ખબર નથી કે જમીન અને આકાશનું રાજ્ય અલ્લાહ માટે છે. સજા આપે છે જેને ઈચ્છે અને માફ કરે છે જેને ઈચ્છે અને અલ્લાહ બધું જ કરી શકે છે[૧૬૩] (૪૦)*

**:: સમજૂતી ::**

**૧૫૧ :** એટલે કે નાહક ખૂન કર્યું, યાને જેનું ખૂન કર્યું હોય તેને ન તો ખૂનના બદલામાં કિસાસ તરીકે માર્યો હોય ન તો શિર્ક, કુફ્ર, લૂટફાટ વગેરે મૃત્યુ દંડ લાયક કૃત્યોના કારણે માર્યો હોય.

**૧૫૨ :** કારણ કે તેણે અલ્લાહના હક અને શરીઅતની સીમાબંધીનો ખ્યાલ ન રાખ્યો.

**૧૫૩ :** એવી રીતે કે ક઼ત્લ થવાથી અથવા ડૂબી મરવાથી અથવા સળગી જવાથી વગેરે વિનાશક બાબતોથી ઉગારી લીધો.

اَصۡلَحَ فَاِنَّ اللّٰهَ يَتُوۡبُ عَلَيۡهِ‌ؕ اِنَّ اللّٰهَ غَفُوۡرٌ رَّحِيۡمٌ ﴿۳۹﴾ اَلَمۡ تَعۡلَمۡ اَنَّ اللّٰهَ لَهٗ مُلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ‌ؕ يُعَذِّبُ مَنۡ يَّشَآءُ وَيَغۡفِرُ لِمَنۡ يَّشَآءُ‌ؕ وَاللّٰهُ عَلٰى كُلِّ شَىۡءٍ قَدِيۡرٌ ﴿۴۰﴾

**૧૫૪ :** અર્થાત બની ઈસ્રાઈલ પાસે, સ્પષ્ટ મો'જિઝા પણ લાવ્યા અને આદેશો અને બંધારણ પણ.

**૧૫૫ :** (તેઓ) કુફ્ર અને ખૂનામરકી કરીને હદોને ઓળંગી જાય છે.

**૧૫૬ : અલ્લાહ સાથે લડવું એ જ છે કે તેના અવલિયા સાથે અદાવત રાખે,** જેમકે હદીષ શરીફમાં બયાન થયું છે, આ આયતમાં લૂંટારાઓની સજાનું વર્ણન થયું છે.

**શાને નુઝૂલ :** હિ.સ. ૬ માં અરીનાના અમુક લોકો મદીના શરીફમાં હાજર થઈને ઈસ્લામ લાવ્યા, અને બીમાર થઈ ગયા, તેમનો રંગ પીળો પડી ગયો, અને પેટ વધી ગયાં. હુઝૂરે હુકમ કર્યો કે સદકાનાં જે ઉંટો છે તેમનું દૂધ અને મૂત્ર બન્ને મેળવીને પીયા કરો. એવું કરવાથી તેઓ તંદુરસ્ત થઈ ગયા. પણ તંદુરસ્ત થયા પછી ઈસ્લામથી ફરી ગયા. અને ૧૫ ઊંટો લઈને પોતાના દેશ તરફ નાસી ગયા. સૈયદે આલમ ﷺએ તેમની પાછળ હઝરત સૈયારને દોડાવ્યા. તે લોકોએ તેમના હાથ પગ કાપી નાખ્યા અને તકલીફો આપી આપીને શહીદ કરી નાખ્યા, પછી જ્યારે તે લોકો પકડાયા ને હુઝૂરની સામે લાવવામાં આવ્યા ત્યારે તેમના માટે એ આયત ઉતરી.

*(તફસીરે અહમદી)*

**૧૫૭ :** અર્થાત ઘરપકડ પહેલાં તવબહ કરી લેવાથી તેઓ આખિરતના અઝાબ અને લૂટફાટની સજાથી તો બચી જશે, પણ (લૂટેલો) માલ પાછો

Web.: www.barkatekhwaja.net

આપવો અને (જો કોઈને મારી નાખ્યો હોય તો તેનો) ક઼િસાસ (ખૂનનો બદલો) બાકી રહેશે. કારણ કે એ બન્દાઓનો હક છે. *(અહમદી)*

**૧૫૮ :** જેના કારણે તમને તેની નજીકી પ્રાપ્ત થાય.

**૧૫૯ :** અર્થાત કાફિરો માટે અઝાબ અનિવાર્ય છે, અને તેમાંથી છૂટવાનો કોઈ માર્ગ નથી.

**૧૬૦ :** અને તેની ચોરી હાકિમ સમક્ષ બે વખતની કૃબૂલાત અથવા બે પુરૂષોની ગવાહીથી સાબિત થાય, અને જે વસ્તુ ચોરી છે તે દસ દિરહમથી ઓછી કિંમતની ન હોય. *(હદીષ)*

**૧૬૧ :** એટલે કે જમણો. કારણ કે ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہની કિરઅતમાં ''અયમાનહુમા'' આવ્યું છે.

**મસ્અલો :** પહેલી વખતની ચોરીમાં જમણો હાથ કાપવામાં આવશે. પછી બીજી વાર કરે તો ડાબો પગ એના પછી જો ચોરી કરે તો કેદ કરવામાં આવશે, જ્યાં સુધી તે તવબહ કરે.

**મસ્અલો :** ચોરનો હાથ કાપવાનો તો વાજિબ છે, અને ચોરીનો માલ જો મૌજૂદ હોય તો તે પાછો આપવો પણ વાજિબ છે. અને જો તે નાશ થયો હોય તો ઝમાન (બદલો) આપવો વાજિબ નથી.

*(તફસીરે અહમદી)*

**૧૬૨ :** અને આખિરતના અઝાબથી એને મુક્તિ આપશે.

**૧૬૩ :** આથી જણાયું કે અઝાબ કરવો અને મહેરબાની કરવી અલ્લાહ તઆલાની ઈચ્છાને આધિન છે. તે માલિક છે, જે ઈચ્છે તે કરે, કોઈને વાંધો ઉઠાવવાની મજાલ નથી, આથી કૃદરિયા અને મુઅતઝિલા (ફિર્કૃઓ)ની (માન્યતા) જૂઠી સાબિત થઈ જેઓ આજ્ઞાંકિત પર રહેમ કરવી અને ગુનેહગારને અઝાબ કરવો અલ્લાહ પર વાજિબ સમજે છે. *(ક્રમશઃ)*

પેજ નં. ૪૯ નું ચાલુ...

ચર્ચાઓ તથા હરામ દશ્યો વગેરે પાછળ કલાકો રમત રમતમાં ગુમાવી શકે છે !) જો નથી કરી શકતા તો એ કે કુર્આને હકીમની તિલાવતના માટે પોતાનો સમય કાઢીને પોતાની રૂહને હમેશાંની ખુશીથી ખુશ ખુશાલ કરે. અલ્લાહ તબારક વ તઆલા આપણને સૌને કુર્આન કરીમની તિલાવત (તેને સમજીને પઢવાની) તૌફીક અતા કરે. આમીન. *(મક઼ાલાતે શયખુલ કુર્આન અબ્દુલ્લાહખાન અઝીઝી رحمۃ اللہ علیہ)*

### ★ મુસલમાનો ખુદ કુર્આન પઢે અને ગૈરોમાં તેનો પયગામ પહોંચાડે ★

હે મુસલમાનો ! સમજો કાંઈ ! કુર્આનથી તમે જ દૂર ભાગો છો ! ન તિલાવત ન તર્જુમો ન તફસીર વાંચવામાં તમને રસ છે. કુર્આને પાકે જયારે સખત પ્રકારના કાફિરોને સત્ય સ્વીકારવા મજબૂર કર્યા જેનાં અમુક દષ્ટાંતો તમે ઉપર વાંચ્યાં તો તમે તેને પઢશો સમજશો તો શું તમારી જિંદગીમાં ઈન્કિલાબ નહીં આવે ?! હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ડાકૂ હતા પણ કુર્આનની એક જ આયત કાને પડી તો સુધરીને વલી બની ગયા ! તો શું ડાકૂ કરતાં પણ તમે ગયા ગુજરેલા છો કે કુર્આન સાંભળવા, સમજવા કે સુધરવાનું વિચારતા નથી ?! માટે ખુદ કુર્આન પઢો, સાંભળો, સમજો અને ગૈરોમાં એની સચ્ચાઈનો ક્રાંતિકારી અવાજ પહોંચાડો તો સખત દિલ કાફિરો પણ આપોઆપ કલમો પઢી શકે છે. ઈન્શા અલ્લાહ !

web.www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક એટલે
# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

*"રિવાયત છે હઝરત અલી ઈબ્ને હુસૈનથી (ઈરસાલન)[1] ફર્માવે છે કે નબી કરીમ ﷺ નમાઝમાં જ્યારે ઝુકતા અને ઉઠતા તો તકબીર કહેતા. હુઝૂર ﷺની આ જ નમાઝ રહી, ત્યાં સુધી કે આપ અલ્લાહ તઆલાને મળી ગયા[2]." (માલિક)*

**૧.** આપનો લક઼બ ઝયનુલ આબિદીન છે. કુન્નિયત અબુલ હસન છે. અહલે બયતે અત્હારમાંથી છે. ૫૮ વરસની ઉમર થઈ. હિ.સ. ૯૪માં વફાત પામ્યા. કેમ કે આપ હુઝૂર ﷺને ન જોઈ શક્યા એટલા માટે તાબઈનમાંથી છે. અને આ રિવાયત મુરસલ છે.

**૨.** એટલે કે આ અમલ શરીફ મન્સૂખ છે.

*"હઝરત અલ્ક઼માથી[1] રિવાયત છે. ફર્માવે છે કે અમને ઈબ્ને મસ્ઊદે ફર્માવ્યું કે હું તમારી સામે હુઝૂરની નમાઝ પઢુ. તો નમાઝ પઢી. તો પોતાના હાથ કેવળ એક જ વાર એટલે કે શરૂની તકબીરની સાથે ઉઠાવતા[2]. (તિર્મિઝી, નિસાઈ, અબૂ દાઊદ) અબૂ દાઊદ કહે છે કે આ હદીષ આ અર્થમાં સહીહ નથી."*

**૧.** અલ્ક઼મા કેટલાક છે, અહીં અલ્ક઼મા ઈબ્ને ક઼ૈસ ઈબ્ને માલિક મુરાદ છે, જે મશહૂર તાબઈ છે અને હઝરત ઈબ્ને મસ્ઊદના સાથીઓમાંથી છે. આપની મુલાકાત ખુલફાએ રાશિદીનથી પણ થયેલી છે.

**૨.** આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની મજબૂત દલીલ છે કે રુકૂઅમાં જતાં આવતાં રફએ યદૈન નથી. હઝરત ઈબ્ને મસ્ઊદ મહાન ફક઼ીહ સહાબી તથા છેવટના દમ સુધી હુઝૂર ﷺના સફર તથા ઉતાર સાથે રહ્યા છે. હુઝૂર ﷺની નમાઝ પર જેટલા આપ માહિતગાર હોય શકે છે એટલા અન્ય તે સહાબીઓ જેઓ કદી કદી બારગાહમાં હાજર થતા રહેતા હતા માહિતગાર નથી થઈ શકતા. દારકુત્ની તથા ઈબ્ને અદીએ એ જ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત કરી. ફર્માવે છે કે હુઝૂર ﷺની પાછળ પણ નમાઝો પઢી છે અને હઝરત સિદીક઼ તથા ફારૂક઼ رضی اللہ عنہماની ઈક઼તેદામાં પણ પઢી છે. જેમનામાંથી કોઈ બુઝુર્ગ તકબીરે તહરીમા સિવાય અન્ય કોઈ વખતે નમાઝ હાથ ઉઠાવતા ન હતા. તેમજ ઘણા બધા સહાબાએ કિરામથી આ જ પ્રકારની રિવાયતો છે. અમે રફએ યદૈન કરવાની પચીસ હદીષો અમારી કિતાબ 'જા અલ્ હક્ક઼' ભાગ–રમાં એકત્ર કરી છે. યાદ રાખશો કે હઝરત ઈબ્ને મસ્ઊદ સહાબા તથા તાબઈનના મજમામાં આ નમાઝ પઢીને દેખાડતા અને કોઈ આપના પર વાંધો ઉઠાવતુ ન હતું. જાણવા મળ્યું કે તે તમામ હઝરાત રફએ યદૈન ન કરવા પર એકમત હતા.

*"હઝરત અબૂ હુમૈદ સાઅદી رضی اللہ عنہથી રિવાયત છે[1] ફર્માવે છે કે નબી ﷺ જ્યારે નમાઝના માટે ઉભા થતા તો મોં કાબાની તરફ કરતા અને પોતાના હાથ ઉઠાવતા[2]. અને અલ્લાહુ અકબર કહેતા." (ઈબ્ને માજહ)*

Web.:www.barkatekhwaja.net

**૧.** આ હદીષ ઘણી અસ્નાદોથી રિવાયત પામેલી છે જેમાંથી **એક** અસ્નાદ તો એ છે જે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ ઈમામ અવઝાઈના મુક઼બલામાં પેશ કરી જેને અમે પહેલાં વર્ણન કરી ચૂકયા છીએ. حَدَّثَنَا حَمَّادٌ عَنْ اِبْرَاهِيْمَ عَنْ عَلْقَمَةَ عَنِ ابْنِ مَسْعُوْدٍ આ એવી મજબૂત તથા સહીહ અસ્નાદ છે એમાં ઝોઅબ (ઝઈફપણા)નો સાયો પણ નથી આવી શકતો. **બીજી** અસ્નાદ તે જે ઈમામ તિર્મિઝીની છે. તે ફર્માવે છે : وَحَدِيْثُ اِبْنُ مَسْعُوْدٍ حَسَنٌ એટલે કે હઝરત ઈબ્ને મસ્ઊદની હદીષ હસન છે. **ત્રીજી** અસ્નાદ તે જે અબૂ દાઊદને મળી જેના બારામાં ફર્માવે છે કે એ સહીહ નથી. જેથી આ હદીષ ઝઈફ નથી બલ્કે અબૂ દાઊદની અસ્નાદ વગેરે સહીહ છે. હદીષનું ઝઈફ હોવું ઔર છે અને અસ્નાદનુ ઝઈફ હોવુ કાંઈ અલગ છે. યાદ રાખશો કે અબૂ દાઊદ પણ આ હદીષને ઝઈફ નથી કહેતા, બલ્કે ફર્માવે છે કે સહીહ નથી. સહીહ ન હોવાથી ઝઈફ હોવું લાઝિમ નથી થતું. એની નીચે હસન બિઅયનિહી, હસન લિગયરિહી પણ છે. તેમજ જો ઝઈફપણુ પણ હોય તો અન્ય હદીષોથી એને શક્તિ પહોંચશે. એની સંપૂર્ણ તેહક઼ીક઼ અમારી કિતાબ "જાઅલ હક઼્ક઼" ભાગ–૨માં જુઓ.

**૨.** આ રીતે કે પહોંચાં ખભાઓ સુધી અને અંગૂઠા કાનો સુધી પહોંચી જતા. જેમ કે પહેલાં વર્ણન કરવામાં આવી ચૂક્યું. આ પરથી જાણવા મળ્યું કે **ગૈર મક્કીના માટે અયન (બરાબર એકદમ) કા'બા તરફ મોં કરવું ફર્ઝ નથી, કા'બાની દિશા પૂરતી છે.** કેમ કે અહીં ક઼િબ્લો ફર્માવવામાં આવ્યું, ન કે કાબા. અને ક઼િબ્લો કા'બા બાજુની દિશાનું નામ છે.

*"રિવાયત છે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી. ફર્માવે છે કે નબી ﷺ એ અમને ઝહોરની નમાઝ પઢાવી અને અંતિમ સફમાં એક શખ્સ હતો જેણે નમાઝ બુરી રીતે પઢી[૧]. જ્યારે સલામ ફેરવી તો તેને હુઝૂરે અવાજ આપ્યો કે હે ફલાણા ! શું તું અલ્લાહથી નથી ડરતો ? શું તું નથી જોતો કે કેવી રીતે નમાઝ પઢે છે ? તમે એમ સમજો છો કે મારા પર તમારો કોઈ અમલ છુપો રહે છે ? **અલ્લાહની ક઼સમ ! હું પાછળ એવી જ રીતે જોઉં છું જેવી રીતે કે આગળ જોઉં છું."** (અહમદ)*

**૧.** આ હદીષથી અમુક મસ્અલા સાબિત થયા : **એક** એ કે હુઝૂર ﷺ ની આંખ શરીફ આગળ પાછળ, ડાબે જમણે, અંધારા અજવાળામાં દરેક ચીજ જોઈ લે છે. જેવી રીતે આપણા કાન દરેક તરફનો અવાજ ગમે તે રીતે સાંભળી લે છે એવી જ રીતે હુઝૂર ﷺ ની આંખ મુબારક જોઈ લે. **બીજુ** એ કે હુઝૂર ﷺ ની આંખ પાકના માટે કોઈ ચીજ આડ કે પર્દો નથી. જુઓ હુઝૂર ﷺ ઈમામતના મુસલ્લા પર છે અને તે શખ્સ છેલ્લી સફમાં, દરમિયાનમાં ઘણી સફો છે પણ હુઝૂર ﷺ ની નિગાહે પાક તેની દરેક હરકતને જોઈ રહી છે. કેમ ન હોય ?! જ્યારે હઝરત સુલેમાન علیہ السلام ત્રણ માઈલના અંતરેથી કીડીને જોઈ લે અને તેનો અવાજ સાંભળી લે. આસિફ બિન બર્ખિયા શામમાં બેસીને બિલ્કીસના યમની તખ્તને જોઈ લે. ઈસા علیہ السلام ઘરોની અંદર ખાવામાં આવેલ ખાણા અને જમા કરવામાં આવેલ અનાજને જોઈ લે, તો હુઝૂર ﷺ તો સૈયદુલ અંબિયા છે ! **ત્રીજુ** એ કે જે હદીષમાં વર્ણન આવી ગયું કે સરકારે નમાઝની હાલતમાં જોડા શરીફ ઉતાર્યા અને ફર્માવ્યું કે મને જિબ્રઈલ علیہ السلام એ બતાવ્યું એનામાં "ક઼િઝર" (નાપાકી) છે, ત્યાંથી મુરાદ પલીદી (ગંદકી) નથી, અને ન હુઝૂર ﷺ પોતાના નાલૈનથી બેખબર હતા, જેની તેહક઼ીક અગાઉ કરવામાં આવી ચૂકી છે. કેવી રીતે બની શકે છે કે સરકારને પાછલી સફના નમાઝીની હાલતની ખબર ન હોય, અને પોતાના નાલૈન શરીફની ખબર ન હોય. **ચોથુ** એ કે હુઝૂર ﷺ એકી સમયે રબની તરફ પણ ધ્યાનિત રહેતા અને આલમનો મુશાહેદો પણ કરતા. આ તરફની તવજ્જોહ પેલી તરફની તવજ્જોહથી (ધ્યાનથી) બેખબર ન કરતી. આ જુઓ નમાઝની હાલતમાં હુઝૂર ﷺ નો ખુશૂઅ તથા ખુઝૂઅ, રબની તરફ તવજ્જોઅ કમાલના દરજ્જો ધરાવે છે પણ એ જ સમયે પોતાના દરેક ઉમ્મતી પર નિગાહ પણ છે. **પાંચમું** એ કે **દરેક ઉમ્મતીએ જોઈએ કે નમાઝમાં ખયાલ રાખે કે મને હુઝૂર ﷺ જોઈ રહ્યા છે.** જુઓ, સરકાર ﷺ એ ફર્માવ્યું કે હું તમને પાછળથી પણ જોઈ રહ્યો છું. ક઼યામત સુધી સરકાર ﷺ પોતાના દરેક ઉમ્મતીને જોઈ રહ્યા છે.

Web.: www.barkatekhwaja.net

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત

ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

:: શરહકર્તા ::

મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)

:: અનુવાદક તથા સંપાદક ::

પટેલ શબ્બીર અલી રઝવી

**નિક઼ાબ ઉલ્ટે વો મેહરે અન્વર જલાલે રુખ્સાર ગર્મિયોં પર**
**ફલક કો હૈબતસે તપ ચળ્હી થી તપકતે અંજુમનકે આબલે થે**

*(નિક઼ાબ = પર્દો. મહર = સૂરજ. જલાલે રુખ્સાર = ગાલોનો રૂઆબ. હૈબત = પ્રભાવ.*
*તપ =તાવ. તપકતે = ગરમ થવું. આબલે = ફોલ્લા)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺએ (જે નબુવ્વત તથા રિસાલતના આસ્માનના દુનિયાને ચમકાવનારા છે) જ્યારે રુખે અન્વરથી એક પદો સિત્તેર હજાર પર્દાઓમાંથી ઉઠાવ્યો તો આપના ચેહરાએ અક઼દસના જલાલની ગરમી વડે આસ્માનને તાવ ચઢી ગયો અને બીચારા તારાઓના શરીરો પર છાલા (ફોલ્લા) પડી ગયા જેનાથી પાણી (રોશની તથા નૂર) ટપકવા લાગ્યું.

**યહ જોશિશે નૂર કા અષર થા કે આબે ગૌહર કમર કમર થા**
**સફાએ રાહસે ફિસલ ફિસલકર સિતારે ક઼દમોં પે લોટતે થે**

*(જોશિશ = તેજી, જોબન, આબે ગોહર = મોતીઓનું પાણી, સફાએ = સફાઈ, ચમક)*

**અર્થાત :** આપની નૂરાનિયતમાં જ્યારે જોશ પેદા થયો તો મોતી પીગળવા માંડયાં અને એમની પીઠ સુધી પાણી ચઢી ગયાં અને રસ્તાઓને એટલા પ્રમાણમાં મુજલ્લા તથા મુસફફા (સાફ, સ્વચ્છ, ઉજળા) કરવામાં આવ્યા કે તારાઓ સરકી સરકીને હુઝૂર ﷺના ક઼દમો પર પડવા લાગ્યા અને પગોને બોસા દેવા લાગ્યા.

**બળ્હા યહ લહરાકે બહરે વહદત કે ધુલ ગયા નામ રેગ કષરત**
**ફલકકે ટીલોંકી ક્યા હક઼ીક઼ત યહ અર્શો કુર્સી દો બુલબુલે થે**

*(બહરે વહદત = તૌહીદનો સમુદ્ર. રેગ = રેતી. ટીલે = ટેકરીઓ)*

**અર્થાત :** વહદતનો સમુદ્ર પુર જોશની સાથે આગળ વધ્યો ثم دنی فتدلیٰ فکان قاب قوسین او ادنی રેતી (આલમે ઈમ્કાન)ની સર્વ રજકણો ફના થઈ ગઈ. આ આસ્માનની ટેકરીઓની શું વાત કરો છો, એ વખતે તો અર્શ તથા કુર્સી પણ બે બુલબુલા (પરપોટા) જણાય રહ્યા હતા !

**વો ઝિલ્લે રહમત વો રુખકે જલ્વે કે તારે છુપતે ન ખુલને પાતે**
**સુનહરી ઝર બફ્ત ઊદી અત્‌સ યહ થાન સબ ધૂપ છાંવ કે થે**

*(ઝિલ્લ = સાયો. ઝર બફ્ત ઊદી અત્‌સ = ઉમદા રેશમી કપડાં. થાન = કપડાનો ગઠ્ઠો)*

**અર્થાત :** આ બાજુ રહમતે ઈલાહીનો સાયો પેલી બાજુ રુખે વદુહાની તજલ્લીઓ, એવો મન્ઝર બન્યો કે તારાઓ પણ મોં છુપાવવા લાગ્યા. ઉમદા પ્રકારનાં રેશમી કપડાંઓએ થાનના થાન ફર્શ રૂપે બિછાવી દેવામાં આવ્યાં. (રહમતના સાયા અને ચહેરાના જલ્વાઓથી) ધુપ તથા છાંવની જેવી કૈફિયત બની ગઈ છે કે ક્યાંક તેજ ચમક દમક તો ક્યાંક હલકી તો ક્યાંક તદન મધ્યમ. આ રીતે આપ ﷺએ અલ્લાહના કુર્બનો એક ખાસ નઝારો ફર્માવ્યો.

**ચલા વો સરુ ચમાં ખિરામાં ન રુક સકા સિદરહસે ભી દામાં**
**પલક ઝપકતી રહી વો કબકે સબ ઈંવ આંસે ગુઝર ચુકે થે**

*(ચમાં = બાગ, ખિરામાં = નાઝ તથા અંદાઝથી ચાલવું, સિદરહ = બોરડી, સિદરતુલ મુન્તહા, દામાં = દામન, ઈંવ આં = આ તથા પેલુ, નજીક તથા દૂર માટે નિર્દેશ)*

**અર્થાત :** તે સીધા કદવાળો (વહદતના બાગનો સનોબર તથા સરોકદ મહબૂબ) કાંઈક એવા નાઝ તથા અંદાઝથી ચાલ્યો કે સિદરતુલ મુન્તહા (જ્યાં અસંખ્ય ફરિશ્તાઓ કેવળ દીદારના માટે એકત્ર થયેલા હતા. જેને અલ્લાહ તઆલાએ આ પ્રમાણે ફર્માવ્યું : اذ يغشى السدرة ما يغشى) પણ આપનો દામને અકદસ થામીને ન રોકી શકયું અને હજી ફરિશ્તા પલકારો મારી રહ્યા હતા કે હુઝૂર ﷺ મકાંથી લામકાં સુધી જઈ પહોંચ્યા.

*માહે અરબકે જલ્વે ઊંચે નિકલ ગયે–ખુરશીદો માહતાબ મુકાબિલસે ટલ ગયે*

**ઝલક સી ઈક કુદ્‌સિયોં પર આઈ હવા ભી દામનકી ફિર ન પાઈ**
**સવારી દુલ્હાકી દૂર પહૂંચી બરાતમેં હોશ હી ગયે થે**

**અર્થાત :** હા ! (જે ફરિશ્તાઓ સિદરહ પર દીદારના માટે એકત્ર થયા હતા તેમણે કેવળ) એક ઝલકનો નઝારો કર્યો, પછી ત્યાર બાદ કોઈને હોશ ક્યાં હતો કે દામન ક્યાં છે દામનવાળો ક્યાં છે ! દુલ્હાની સવારી ઘણે દૂર નીકળી ચૂકી હતી અને સૌથી મોટો બરાતી (જિબ્રઈલ) અર્ઝ કરી રહ્યો હતો : કે હવે એક વાળ બરાબર પણ આગળ વધીશ તો રબની તજલ્લીથી મારી પાંખો સળગી જશે.

**થકે થે રૂહુલ અમીંકે બાઝૂ, છુટા વો દામન કહાં વો પેહલૂ**
**રકાબ છૂટી ઉમીદ ટૂટી, નિગાહે હસ્રતકે વલવલે થે**

**અર્થાત :** સૈયદના જિબ્રઈલ علیہ السلام થાકી ગયા અને સરકારે મદીના ﷺનો દામને અકદસ તેમના હાથથી છૂટી ગયો (એટલે કે સાથે ન રહી શક્યા) જાહેર છે કે કુર્બે ઈલાહીની જે ઉમ્મીદ લગાડીને બેઠા હતા (કે હુઝૂર ﷺના કારણે મારું કામ પણ મફતમાં થઈ જશે) તે ઉમ્મીદ પણ તૂટી ગઈ. દિલના અરમાન તથા હસ્રતો દિલમાં જ રહી ગઈ. ક્યાં એમની શાનો શૌકત કે સૈયદુલ મલાઈકા, અને ક્યાં હવે આ હસ્રત (અફસોસ) કે તે સહારો જ ગયો જે અધિક કુર્બે ઈલાહીનો વસીલો બનાવેલો હતો.

Web: www.barkatekhwaja.net

**રવિશકી ગર્મી કો જિસને સોચા દિમાગસે ઈક ભભૂકા ફૂટા**
**ખિરદકે જંગલમેં ફૂલ ચમકા દહર દહર પેળ જલ રહે થે**

*(રવિશ = ગતિ. ભભૂકા = શોલો, ભડકો. ખિરદ = બુધ્ધિ. દહર દહર = દરેક જગાએ, દરેક સમયે)*

**અર્થાત :** નબી અકરમ ﷺની ગતિનો હાલ પણ સાંભળી લો ! કે જેણે એ ગતિનો અંદાઝો લગાડવા માટે કેવળ વિચાર કર્યો તેનું દિમાગ પણ એક ધમાકાથી ફાટી ગયું અને એ ધમાકાથી એવો ભડકો ઉઠયો કે બુધ્ધિના જંગલમાં એક નૂરાની ફૂલ પેદા થયું જેણે ફૂલ થઈને જંગલના દરેક ઝાડને સળગાવી દીધું. એટલે રફતારે મુસ્તફાની બુલંદીઓનો આપણી નાની સરખી બુધ્ધિ જો અંદાઝો લગાડવા બેસશે તો તેનું કાંઈ બચશે નહીં એટલા માટે કહે છે કે : *અક્લવાલા તેરી દુન્યાસે પરેશાન ગયા–ઈશ્કવાલા તુઝે હર રંગમેં પહેચાન ગયા*

અને મેઅરાજુન્નબી ﷺના તો સર્વ મામલાઓ ઈશ્કની સાથે જ સંબંધ ધરાવે છે. વળી જુઓ તો રાતના થોડા સરખા ભાગમાં એટલાં કામો થઈ રહ્યાં છે કે જે હજારો વરસોમાં પણ નથી થઈ શકતાં. મક્કાથી ચાલવું, મૂસા علیہ السلامની કબર પાસે થઈને બયતુલ મુકદ્દસ આવવું, નમાઝ પઢાવવું, ખુત્બો આપવો પછી જમીનની અગણિત નિશાનીઓનો નઝારો કર્યા બાદ આસ્માન તરફ રવાનગી. એક આસ્માનથી બીજા આસ્માન વચ્ચે ૫૦૦ વરસનું અંતર, વળી જમીનથી આસ્માન સુધીનું પણ એટલુ જ અંતર, વળી દરેક આસ્માનની જાડાઈ પણ એટલી જ. તો સાત આસ્માન તથા સાત અવકાશ સાત હજાર વરસો તો એ જ થઈ ગયાં. પછી જન્નત તથા દોઝખ તથા અન્ય સર્વ મામલાઓ પર વિચારણા કરો તો બુધ્ધિનો જનાઝો કેમ નહીં નીકળે ?! આ જ પ્રકારનો એક મોજિઝો શક્કે સદર (હૃદયનું છેદન) પણ છે જેને ટૂંકમાં વર્ણન કરવાની કોશિશ કરી રહ્યો છું.

**શક્કે સદર (હૃદયનું છેદન) :** ગઝવએ ઓહદમાં હુઝૂર ﷺ ઝખ્મી થયા અને લોહી નીકળ્યું તો કેટલાય લોકો જોર શોરથી એ બનાવનું વર્ણન કરીને નઊઝુબિલ્લાહ ! પોતે પોતાને શબે અસ્રાની જેવા ઠરાવવાની નિષ્ફળ કોશિશ કરે છે. તેમને ગઝવએ ઓહદમાં દાંત મુબારકની શહાદતથી લોહી નીકળવાનું તો દેખાય ગયું અને જ્યારે મેઅરાજની રાતે તથા એના ઉપરાંત પણ બે વાર, કુલ ત્રણ વાર સરકારે મદીના ﷺનો સીના મુબારકને ખોલીને દિલ બહાર કાઢવામાં આવ્યું છતાં હયાત પણ યથાવત રહી અને એક ટીપુ પણ લોહી ન નીકળ્યું ! એ કેમ ભૂલી જાય છે ?! انما انا بشر مثلکم પઢવાવાળા قد جاء کم من الله نور કેમ ભૂલાવી દે છે ?! તેમને અલ્લાહના નબી તાઈફમાં પથ્થર ખાતા તો દેખાય છે પણ નાલૈન સહિત અર્શ પર નાઝથી ડગલાં ભરતા નથી દેખાતા !

હઝરત સાહબઝાદા ફયઝુલ હસન શાહ સાહબ આલૂ મહાર શરીફની ખિદમતમાં કોઈએ અર્ઝ કરી કે ફલાણા મોલ્વીએ તૌહીદ વર્ણન કરતાં કહ્યું કે, "ભેંસને પાડે કોણ આપે છે ? બોલો ! અલ્લાહ ! મરગીને ઈંડુ કોણ આપે છે ? બોલો ! અલ્લાહ !" (આ તેમની તૌહીદ હોય છે) આપે એકદમ ફર્માવ્યું, તેને કહો કે આ પણ કહે કે, "મારા નબીને નાલૈન સહિત અર્શ પર કોણ લઈ જાય છે ?! બોલો ! અલ્લાહ !" *(અલ્લામા ઈબ્ને હજર ફત્હુલ બારીમાં ફર્માવે છે)*

સરકાર ﷺ ફર્માવે છે, જ્યારે મારુ હૃદય છેદાઈ રહ્યું હતું તો હું જોઈ રહ્યો હતો. મારા દિલની હાલત આ પ્રમાણે હતી : قلب سدید فیه عینان تبصران واذنان تسمعان દિલ સીધુ તથા ઉમદા હતું. એમાં જોવાવાળી બે આંખો હતી અને સાંભળવાવાળા બે કાન હતા. ત્યારે જ તો આપ ફર્માવે છે : انی اری ما لا ترون واسمع ما لا تسمعون હું તે જોઉં છું જે તમે નથી જોઈ શકતા અને હું તે સાંભળુ છું જે તમે નથી સાંભળી શકતા. અને ફર્માવ્યું કે હું તમારા



Web : www.barkatekhwaja.net

ખુશૂઅ (દિલની હાલત)ને પણ જોઉં છું. હું પીઠ પાછળ પણ જોઉં છું. (આ બુખારી શરીફની હદીષો છે) અને ફર્માવ્યું કે હું મારી વાલિદા માજિદાના પેટમાં હતો તો લોહે મેહફૂઝના ચાલતા ક઼લમનો અવાજ સાંભળતો હતો. અને આપે ફર્માવ્યું કે હું જ્યારે જન્નતમાં ગયો (તો મદીનામાં ચાલતા) બિલાલના ક઼દમોના અવાજને સાંભળ્યો. આ રહસ્ય દિલના માદરઝાદ આંધળાઓ તો નથી બતાવી શકતા બલ્કે કોઈ ગૌષે આ'ઝમ رضی اللہ عنہનો દીવાનો જ બતાવશે, જેના આક઼ા ગૌષે આ'ઝમને પણ એ ફયઝ નસીબ થયો અને આપે ફર્માવ્યું કે મારો મુરીદ પૂર્વમાં હોય અને હું પશ્ચિમમાં હોઉં. અને જો મુરીદનું સતર ખુલી જાય તો હું પહોંચી જઉં છું અને તેની પર્દાપોશી કરું છું. અને ફર્માવ્યું : نظرت الی بلاد اللہ جمعا۔ کخر دلۃ علی حکم اتصال "હું અલ્લાહના સર્વ શહેરોને એવી રીતે જોઉં છું જાણે કે હાથની હથેળી પર રાઈનો દાણો."

સવાલ એ છે કે આજે આટલી પ્રગતિના છતાં પણ દિલનું ઓપરેશન કરવાનુ હોય તો બનાવટી દિલ લગાડયા વિના નથી થઈ શકતુ, નહીં તો ઓપરેશન કરાવનારનું મૃત્યુ થઈ જાય છે બલ્કે લગાડવા છતાં સામાન્યતઃ થઈ જ જાય છે. પરંતું હુઝૂર છે કે ન બેહોશ થયા ન બનાવટી દિલ લગાડયું. ફર્માવ્યું, હું જોઈ રહ્યો હતો અને દિલ છાતીથી બહાર રાખેલું છે. સાબિત થયું કે આપણા આક઼ા દિલના મોહતાજ નથી, જે દિલ વિના જીવંત રહી શકે છે તે રૂહ વિના કેમ નથી રહી શકતો ?! હા ! તો વાત અહીંથી ચાલી હતી કે ઓહદમાં દાંત મુબારકની શહાદત પર લોહી નીકળ્યું અને અહીં છાતી ચીરાઈને દિલ કાઢવા છતાં ટીપુ લોહી ન નીકળ્યું ! એનું કારણ એ હતું કે ત્યાં બશરિયતનો ઝહૂર હતો અને અહીં નૂરાનિયતનો હતો. હુઝૂર ﷺની બંનેવ શાનોને માનવી જરૂરી છે, નહીં તો ઈમાનનો જનાઝો જ નીકળી જશે.

ક઼લ્બે અત્હર (દિલ પાક)ને ઝમઝમ શરીફ વડે ધોવું એટલા માટે ન હતું કે નઊઝુબિલ્લાહ ! કોઈ કમી કે મેલ કુચેલ હતો, બલ્કે ઝમઝમ શરીફની અઝમત વધારવા માટે એવું કરવામાં આવ્યું. ત્યારે જ તો બાવુઝૂ થઈને કિબ્લા રૂ થઈને, ઉભા રહીને વધુથી વધુ એહતેરામની સાથે પીવામાં આવે છે કે આ બાબરકત પાણીને બે નબીઓની નિસ્બત નસીબ થઈ છે. તો આ એ જ પ્રમાણે થયું કે જેવી રીતે વુઝૂ પર વુઝૂ કરવામાં આવે છે જેથી "નૂરુન અલા નૂર" વાળો મામલો થઈ જાય. અને જિબ્રઈલ જેવો ફરિશ્તો ક઼દમોને બોસો આપીને ફખ્ર મેહસૂસ કરે કે આખી કાઈનાતને આ જ ક઼દમોનો સદક઼ો મળી રહ્યો છે અને મળતો રહેશે, અને જ્યારે ફરિશ્તા કહે કે જિબ્રઈલ અમારા ઈમામ છે તો જિબ્રઈલ ફર્માવે, મને એનાથી એટલી ખુશી નથી થતી કે હું તમારો ઈમામ છું જેટલી એનાથી થાય છે કે હું પણ મુસ્તફાનો ગુલામ છું. *(ક્રમશઃ)*

## શાદી મુબારક

**દયાદરા** : ખાતે મર્હૂમ ઈકબાલ ઈબ્રાહીમ ભીખા પટેલની નેક દુખ્તર "રાબીયા બસરી"ના નિકાહ તા. ૧૯–૫–૨૦૨૨, ૧૭–શવ્વાલુલ મુકર્રમ હિ.સ. ૧૪૪૩ જુમેરાતના રોજ ૧૧.૦૦ કલાકે હલદરવા નિવાસી જનાબ ગુલરેઝ મૂછારાના નેક ફરઝંદ "તૌસીફ" સાથે રાખવામાં આવ્યા. જે નિમિત્તે તા. ૧૮–૫–૨૦૨૨ બુધવારે રાત્રે ઈશાની નમાઝ બાદ પટેલ સ્ટ્રીટમાં "મેહફિલે નઅત"નું આયોજન કરવામાં આવેલ જેમાં હાફિઝ અફઝલ સરનારવી સાહબે કિર્અત તથા હમ્દ પેશ કરી હતી અને જનાબ ક઼ારી મક઼સૂદ અશરફી સાહબે નઅતો મન્ક઼બતના ગુલદસ્તા પેશ કર્યા હતા, છેવટમાં શાનદાર સહેરો પઢયા હતા. ત્યાર બાદ મૌલાના ઈમરાન ગુજર ઝંઘારવી સાહબે મુખ્તસર ઈસ્લાહી બયાન કર્યું હતું. ત્યાર બાદ દુઆ સલાતો સલામ થઈ હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા*

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

***(વિભાગ-૧૨)***

### તાક઼િયા (સૂફીઓની ટોપી)

હાજરીની સઆદત (નેકનસીબી) નસીબ થઈ તો મજલિસ પાકમાં બગદાદના અમુક સૂફીઓ ઉપરાંત શયખ બુરહાનુદ્દીન હાંસવી અને શયખ બદરૂદ્દીન ગઝનવી મૌજૂદ હતા, અને ચર્ચા તાક઼િયાના બારામાં ચાલી રહી હતી.

**તાક઼િયાની ઓળખ** : તાકિયા સૂફીઓની કુલાહ (ટોપી)ને કહે છે. ફર્માવ્યું, હે દુરવેશ ! તાક઼િયાના બે પ્રકાર છે : ક઼ાઝી અબૂ યૂસુફ رحمۃ اللہ علیہની રિવાયત પ્રમાણે એક તાક઼િયા લાતિયાના નામથી બોલાય છે, અને બીજીને તાક઼િયા નાશેઝા કહેવામાં આવે છે. તાક઼િયા લાતિયા એ ટોપીને કહે છે જે માથા સાથે લાગેલી હોય અને આ તે કુલાહ છે જેને રસૂલે કરીમ ﷺએ માથા મુબારક પહેરી છે. સુફ્ફાવાળાઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ પણ તેને પહેરી છે. તાક઼િયાના શેઝા માથા પર ફીટ નથી હોતી બલ્કે ઉંચી હોય છે. તેનો રંગ કાળો હોય છે. અમુક મશાઈખે કિરામે એને માથા પર પહેરી છે અને અમુક મશાઈખની નજીક એનો ઉપયોગ નબી કરીમ ﷺથી સાબિત છે.

એકવાર ક઼ાઝી અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ પોતાના સાથીઓને હદીષનો દર્સ ઈમ્લા કરાવી (લખાણ) રહ્યા હતા. કુલાહે સૂફિયા તેમના માથા પર હતી, પરંતું તે કુલાહે સુફેદ ન હતી, એટલે કુલાહે નાશેઝા હતી. એ દરમ્યાન એક માણસ મજલિસમાં આવ્યો અને ક઼ાઝી સાહબ رحمۃ اللہ علیہને સવાલ કર્યો કે, રસૂલુલ્લાહ ﷺએ કાળા રંગની ટોપી પહેરી છે કે સફેદ રંગની ? આપે જવાબ આપ્યો, સફેદ રંગની. પછી પ્રશ્નકર્તાએ પૂછયું કે હઝરત રિસાલત મઆબ ﷺએ કુલાહે લાતિયાને પહેરવાનો શરફ બખ્શ્યો છે કે નાશેઝાને ? ક઼ાઝી સાહબે ફર્માવ્યું કે કુલાહે લાતિયા પહેરતા રહ્યા છે. તો પ્રશ્નકર્તાએ ક઼ાઝી સાહબને કહ્યું, આપે કુલાહે નાશેઝા પહેરી રાખી છે તો શું એ હુઝૂરે અકરમ ﷺની હદીષનો દર્સ એવી રીતે ઈમ્લા કરાવી રહ્યા છો કે આ એક કામમાં બે સુન્નત વિરૂધ્ધના અમલોમાં પડી રહ્યા છો ?! ક઼ાઝી સાહબ વિચારમાં પડી ગયા. પછી સાઈલને કહ્યું, આપે આ વાતો જે મને કહી છે તે બે સ્થિતિથી ખાલી નથી : ક્યાં તો હક્ક઼ને પ્રદર્શિત કરવા માટે અથવા મને તકલીફ પહોંચાડવા કહી છે. જો હક્ક઼ દર્શાવવા માટે કહ્યું છે તો મને મંજૂર છે, અને જો મને તકલીફ પહોંચાડવાનો હેતુ છે તો તમારા પર બર્બાદી આવે ! પ્રશ્નકર્તાએ કહ્યું, મેં હક્ક઼ વાતને પ્રદર્શિત કરવાના ખાતર આપને કહ્યું છે, કેમ કે આપ ઈસ્લામ ધર્મના

Web.: www.barkatekhwaja...

ઈમામ છો જેથી આપે રસૂલુલ્લાહ ﷺની સુન્નત વિરૂધ્ધ અમલ ન કરવો જોઈએ.

## ★ કુલાહે સૂફિયા (તાકિ઼યા)ની દલીલ ★

હે દુરવેશ ! સૂફીઓની કુલાહ (ટોપી)ની અસલ (દલીલ) પરવરદિગારે આલમથી જ છે. સૈયદના જિબ્રઈલ علیہ السلام એક ચાર ખૂણીયા ટોપી જન્નતથી લાવ્યા અને સૈયદુલ અંબિયા ﷺની ખિદમતમાં પેશ કરીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના પરવરદિગારનું ફર્માન છે કે આ ચાર ખૂણીયા ટોપી સ્વીકારો અને સર મુબારકની ઝીનત બનાવો અને તમારા બાદ સહાબામાં જેને લાયક જાણો તેને આ ચાર ખૂણીયા ટોપી અર્પણ કરો અને આપનો નાયબ બનાવો. સરવરે આલમ ﷺએ તે ટોપી મુબારક લીધી અને માથા પર રાખી લીધી. હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہ સામે હતા તેમને કહ્યું, હે સિદ્દીક઼ ! એક ખૂણાવાળી ટોપી આપના માટે છે. આ ટોપી પહેરતા રહો અને તમારા બાદ જેને લાયક સમજો આપી દેજો. બીજી ટોપી બે ખૂણીયા હતી જે દસ્તે મુબારક વડે હઝરત ઉમર رضی اللہ عنہના માથા પર રાખી અને ફર્માવ્યું, આ ટોપી આપની છે જેને ચાહો તમારા બાદ અતા કરો. પછી ત્રીજી ટોપી જે ત્રણ ખૂણીયા હતી તે હઝરત ઉષ્માનગની رضی اللہ عنہને અર્પણ કરી અને યોગ્ય પાત્રને અર્પણ કરવાની હિદાયત કરી. ચોથી ટોપી જે ચાર ખૂણીયા હતી અને માથા સાથે ફીટ હતી તેને પોતાના મુબારક તથા મુકદ્દસ હાથો વડે અમીરુલ મોમિનીન હઝરત અલી کرم اللہ وجہہ الکریم ના માથા મુબારક પર રાખી દીધી અને ફર્માવ્યું, હે અલી ! આ ચાર ખૂણીયા ટોપી તમારા માટે ખાસ છે, સુફ્ફાવાળાઓમાંથી જેને એના લાયક સમજો તેને અર્પણ કરજો, એટલા માટે કે મને ખાસ ઈર્શાદ થયો છે કે ચાર ખૂણીયા ટોપી (કુલાહ) અલી کرم اللہ وجہہ الکریم ને આપશો.

## ★ તાકિ઼યાના હક્કો઼ ★

ફર્માવ્યું, હે દુરવેશ ! આ સૂફીઓની ટોપી જેને તાકિ઼યા કહે છે તેને તે જ માથા પર રાખવાને પાત્ર છે જે દુનિયાને ત્યજી દે, માલદારો તથા બાદશાહોની મજલિસોથી સંપૂર્ણપણે અલિપ્ત રહે, અને જે કુલાહે મુકદ્દસ (ટોપી મુબારક)ના તકાઝા સંપૂર્ણપણે પૂર્ણ કરે કે જેથી ક઼યામતના દિવસે રસૂલુલ્લાહ ﷺ ખુલફાએ રાશિદીન અને સિલસિલાના મશાઈખની રૂબરૂ શર્મિંદગી ન થાય. **સૂફિયાના ટોપીનુ માથા પર રાખી લેવું તો આસાન છે પણ તેના હક્કોને અદા કરવું, આદાબની શર્તોનું પાલન કરવું અને તેના અવામિર (કરવાના હુકમો)નું પાલન અને મનાહી (મના બાબતો)થી રોકાય જવું ઘણુ મુશ્કેલ છે. આ શર્તોમાંથી જો રજ માત્ર પૂરી ન કરી શકે તો જૂઠો દાવેદાર કહેવાશે.** તસવ્વુફવાળાઓની દષ્ટિમાં તે સિદ્દીક઼ કહેવડાવવાને પાત્ર નથી.

હઝરત ખ્વાજા યૂસુફ ચિશ્તી رحمۃ اللہ علیہનો નિયમ એ હતો કે **જ્યારે કોઈ સૂફી તેમની ખિદમતમાં હાજર થતો તો પૂરુ એક વરસ પોતાની પાસે રાખતા. પછી જ્યારે જોતા કે કુલાહ પોશીને પાત્ર બની ગયો છે તો અર્પણ કરીને ચેતવણી આપતા કે જો આ કુલાહ (ટોપી)ના હક્કો઼ બજાવી લાવશો તો તમે નજાત પામી જશો, અને જો બજાવી ન લાવો (અદા ન કરો) તો આ કુલાહે રસૂલે ખુદા ﷺ તારાથી નિપટી લેશે.**

જેમ કે બદખ્શાંનો એક બુઝુર્ગ ખ્વાજા મૌદૂદની બારગાહે સિયાદત પનાહમાં હાજર થયો અને કુલાહ નવાઝીની દરખાસ્ત કરી. ખ્વાજાએ જ્યારે આરિફાના નજરથી તેના આંત્રિક અહવાલનું નિરીક્ષણ કર્યું તો સૂફિયાના કુલાહ (ટોપી)ને અપાત્ર પામ્યો જેથી તેની

Web: www.barkatekhwaja.net

દરખાસ્ત રદ કરી આપી. તે રદ કરવા છતાં આગ્રહ કરવા લાગ્યો. જ્યારે કામ ન બન્યું તો સિફારિશ રૂપે તે ઈલાકાના બુઝુર્ગોને લઈ આવ્યો. ખ્વાજા મૌસૂફે તેને કુલાહ આપી દીધી પરંતું ફર્માવ્યું, "મહેમાન બુઝુર્ગઝાદા ! ટોપી તો તમે લઈ લીધી, પરંતું તમને આ ટોપીની કદર તથા મહત્વનો અહેસાસ નથી. જેમને આ મુકદ્દસ કુલાહની શાનનો ઈલ્મ છે તે દુનિયાના ધોકામાં નથી આવતા." પણ તે ભલા આ વાતોને શું જાણે ?! તેણે ટોપી લીધી અને બદખ્શાંની તરફ રવાના થઈ ગયો અને પોતાના નિત્યક્રમ મુજબ અમલોની ખરાબીમાં સપડાય ગયો અને કુલાહે મુબારકને ભૂલાવી બેઠો. હઝરતને ખબર પડી તો ફર્માવ્યું, મેં તો કહ્યું હતું કે મારી ટોપી તેનું કામ સીધુ નહીં કરે ! વધુ સમય પસાર થયો ન હતો એવામાં તે બુઝુર્ગઝાદો એક આરોપમાં પકડાઈ ગયો, તેની બંને આંખોને કાઢી લેવામાં આવી જેની તકલીફ સહી ન શકતાં મૃત્યુ પામ્યો. હઝરત રડી પડયા અને હાજરજનોને સંબોધીને કહ્યું,

**દુરવેશો ! આજનો જમાનો તો કુલાહબાઝીનો જમાનો છે, જે શખ્સ ચાહે છે એને માથા પર રાખી લે છે પરંતું રજમાત્ર એનો હક્ક અદા નથી કરતા. એટલા માટે તો આ જમાનામાં ખૈરો બરકત તથા સુકૂન દુર્લભ છે.** કેમ કે તાકિયા, કુલાહ તથા **ખિર્કાને બદનામ કરવામાં આવી રહેલ છે.** અધિકતર ખિર્કાવાળા તથા તાકિયાવાળા શરાબખાનાઓમાં ભટકી રહ્યા છે. કેટલાક એમનામાંથી બાદશાહો તથા માલદારોની મહોબ્બતમાં ખોવાયેલા છે, અને કેટલાક તેમની ઘરેલુ ઉલઝનોના શિકાર છે. જ્યારે આ જમાનામાં અહલે ખિર્કા તથા તાકિયાનો આ હાલ છે તો ખૈરો બરકત તથા સુકૂન ક્યાંથી મયસ્સર થશે. અલ્લાહનો હજાર શુક્ર છે કે આ અમલો તથા કૃત્યોની સજા રૂપે કોઈ બલા નાઝિલ નથી થઈ રહી, નહીં તો કુદરત સૌ પ્રથમ તેમને બલામાં ફસાવત અને પછી બિચારી મખ્લૂકની વારી આવત.

બદનસીબ છે તે ઈન્સાન જે કુલાહે રસૂલ ﷺ માથા પર સજાવે છે અને તેના હક્કો પૂરા નથી કરતો. કુલાહ પહેરીને માલદારો તથા બાદશાહોની સાથે બેઠક અપનાવે છે અને આ પાકીઝા લિબાસની સાથે ફસાદીઓનો દોસ્ત કહેવડાવે છે. એ અજબ નથી કે તેનો ચહેરો મસ્ખ થઈ જાય અને ખલ્કે ખુદા (પબ્લિક)માં બદનામ, બેઈજ્જત તથા અપમાનિત થઈ જાય.

(**નોટ** : હાલમાં પણ ખિલાફત મેળવીને જેઓ હું ફલાણાનો ખલીફા છું કહેવડાવી લોકોને પ્રભાવિત કરે છે, પણ એના હક્કો જેવા કે આ લેખમાં દર્શાવ્યા તે અદા નથી કરતો તો તેણે પણ પોતાના અંજામ વિશે વિચારવું જોઈએ. ખિલાફતના ટાઈટલને વાહવાહી તથા દુનિયા કમાવાનુ સાધન ન બનાવવું જોઈએ. *–તંત્રી*)

Web.:-www.barkatekhwaja.net

**ઈન્તેકાલ પુરમલાલ :** ❑ **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૧૬–૪–૨૦૨૨, શનિવારના રોજ ઈસ્માઈલ (બાબુ) અહમદ કાપડીયાનો ઈન્તેકાલ થઈ ગયો છે. ❑ તથા નઝમા ઈકબાલ મછાસરાવાલાનો તા. ૨૨–૪–૨૦૨૨, જુમ્આના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. ❑ તથા શરીફા ગુલામરસૂલ લશ્કરીનો તા. ૨૫–૦૪–૨૦૨૨, સોમવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. ❑ તથા બીબીબહેન અલી પતરાવાલાનો તા. ૧૩–૫–૨૦૨૨ જુમેરાતના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. ❑ તથા શબ્બીર ઈસ્માઈલ મોટલીનો તા. ૨૨–૫–૨૦૨૨, રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.*

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારકના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

**હપ્તો ૪૨**

### ★ ખ્વાબમાં હુઝૂર ﷺની તરફથી ચેતવણી ★

એકવાર આપ ખૂબ જ મોભા તથા પ્રભાવ સાથે ચાલી રહ્યા હતા, એવામાં એક નાદાર સૈયદે કહ્યું કે હું સૈયદ હોવા છતાં આપનાથી મર્તબામાં કમ છું (એટલે લોકો મારી એટલી ઈજ્જત નથી કરતા) ફર્માવ્યું કે હું તો તમારા જદ્દે અમજદ (નાના જાન)નો ફર્માંબરદાર છું પરંતુ તમે તેમના અક્વાલ તથા અમલો પર અમલ કરતા નથી. અમુક હઝરાત કહે છે કે આપે આ જવાબ આપ્યો કે, આ તો એક હક઼ીક઼ત છે કે તમારા જદ્દે અમજદ ખાતમુલ અંબિયા હતા અને મારો બાપ ગુમરાહ હતો. પણ તમારા જદ્દે અમજદે જે વારસો છોડયો (ઈલ્મ) તેને મેં હાંસલ કરી લીધો જેના કારણે મને આ મર્તબો અતા કરવામાં આવ્યો, અને મારા બાપની ગુમરાહી તમે વારસામાં હાંસલ કરી એટલા માટે તમે ઈજ્જત ન પામી શકયા. પરંતુ એ જ રાત્રે આપે ખ્વાબમાં હુઝૂર ﷺને ગુસ્સાની હાલતમાં જોયા. અને જ્યારે કારણ પૂછયું તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તેં મારી આલના અયબોની પર્દાદરી કેમ ન કરી ? (અયબ કેમ ન છુપાવ્યા) જેથી આપ જાગૃત થયા બાદ એ જ સૈયદની શોધમાં નીકળી પડયા. અને પેલી બાજુ તે સૈયદે ખ્વાબમાં જોયું કે હુઝૂરે અકરમ ﷺ એવું ફર્માવી રહ્યા છે કે જો તારા અમલો તથા કાર્યો બેહતર હોત તો અબ્દુલ્લાહ તારી એહાનત કઈ રીતે કરતો ?! જેથી તે પણ જાગૃત થયા બાદ આપની તલાશમાં નીકળી પડયા. અને જ્યારે રસ્તામાં બંનેની મુલાકાત થઈ તો બંનેવે એકબીજાને પોતપોતાનો ખ્વાબ સંભળાવ્યો અને બંનેવે તૌબા કરી લીધી.

### ★ મૃત્યુની જાણકારી થઈ ગઈ ! ★

હઝરત સુહેલ અધિક્તર આપની પાસે તશરીફ લાવ્યા કરતા હતા. એકવાર જતાં જતાં કહેવા લાગ્યા કે હવે કદાપિ હું તમારી પાસે આવીશ નહીં, એટલા માટે કે આજે છત પરથી આપની લોંડીઓ મને હે સુહેલ ! હે સુહેલ ! કહીને અવાજ આપી રહી હતી, અને આ વાત મને અઘરી લાગી છે. આ સાંભળીને હઝરત અબ્દુલ્લાહએ કહ્યું, આવો ! સુહેલની નમાઝે જનાઝા અદા કરીએ. જેથી એ જ વખતે તેમનો ઈન્તેક઼ાલ થઈ ગયો. અને કફન દફન પછી લોકોએ તેમને પૂછયું કે મૌતથી પહેલાં જ તમને એમના મૃત્યુની ખબર પડી ગઈ હતી ?! ફર્માવ્યું, તેમણે એવું કહ્યું હતું કે તમારી છત પરથી લોંડીઓ મને હે સુહેલ ! હે સુહેલ ! કહીને અવાજ આપી રહી હતી. જ્યારે કે મારે ત્યાં કોઈ લોંડી નથી. અને તે યક઼ીનન ! હૂરો હતી જે પુકારી રહી હતી. એના કારણે મને એમના મૃત્યુનું યક઼ીન થઈ ગયું.

એક પાદરી ઈબાદતો તથા મુજાહિદા કરતાં કરતાં ખૂબ જ કમજોર થઈ ગયો હતો. અને જ્યારે હઝરત અબ્દુલ્લાહએ પૂછયું કે ખુદાનો રસ્તો કેવો છે ? તેણે જવાબ આપ્યો કે તમે આરિફ હોવાને કારણે યક઼ીનન ! ખુદા તથા તેની રાહોથી વાકેફ હશો, મેં તો આજ સુધી અલ્લાહને જ નથી પહેચાન્યો, તો પછી ભલા તેનો રસ્તો કેવી રીતે બતાવી શકુ છું ?! હું તો ઓળખ્યા વગર જ તેની ઈબાદત કરતાં કરતાં આટલા પ્રમાણમાં કમજોર થઈ ગયો છું. પણ ન જાણે તમે કયા પ્રકારના આરિફ છો કે ખુદાનો ખૌફ પણ નથી કરતા. આ સાંભળીને આપને એવી ઈબ્રત થઈ કે દરરોજ આપના ખૌફે ઈલાહીમાં વધારો જ થતો ગયો.

### ★ ઈસ્લામની ખૂબી પર શુક્ર કરો ★

આપ કહ્યા કરતા હતા કે એકવાર રોમની

❒ **અઝ** : *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક** : *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

Web: www.barkatekhwaja.net

આસપાસ મેં જોયું કે કેટલાક લોકો એક શખ્સને સકંજામાં કસીને મારપીટ કરી રહ્યા છે અને એક શખ્સ દૂર ઉભો ઉભો કહી રહ્યો છે કે તેને સારી રીતે મારો, નહીં તો મોટી મૂર્તિ નારાજ થઈ જશે. અને જ્યારે મેં માર ખાનારાને પૂછયું કે આ લોકો તને કેમ મારી રહ્યા છે ? તેણે કહ્યું કે અમારો એ ધાર્મિક અકીદો છે કે ગુનાહોથી પવિત્ર થયા વગર મોટી મૂર્તિનું નામ જીભથી નથી કાઢી શક્તા, અને ડરને કારણે હું ગિર્યાઓ ઝારી (રૂદન આજીજી) નથી કરી શકતો. એ સાંભળીને આપે ફર્માવ્યું કે ખુદાનો મહાન એહસાન છે કે તેણે મને એ દીન અતા કર્યો જેમાં ખુદાનું નામ લેતાં જ બંદો ગુનાહોથી પાક થઈ જાય છે, અને જ્યારે તેની મઅરેફત હાંસલ કરે છે તો મૌન ધારણ કરી લે છે, જેવો કે ખુદાનો ઈર્શાદ છે કે ખુદાને ઓળખી જનારાઓની જીભ ગુંગી થઈ જાય છે.

## ★ કુર્આની હુકમ પર કાફિર મુસલમાન થઈ ગયો ! ★

એકવાર જેહાદમાં આપ એક કાફિર સાથે લડી રહ્યા હતા, તો નમાઝનો સમય થઈ ગયો અને આપે એ કાફિરથી ઈજાઝત લઈને નમાઝ અદા કરી લીધી. અને જ્યારે તેની ઈબાદતનો સમય થયો તો તે પણ આપનાથી ઈજાઝત લઈને પોતાની મૂર્તિ પ્રતિ ધ્યાનિત થયો પણ આપના દિલમાં તેને કત્લ કરી દેવાની ખ્વાહિશ પેદા થઈ. જેથી તે જ વખતે ગયબી પોકાર થયો કે અમારી આ આયતના પ્રમાણે :– وَاَوْفُوْا بِالْعَهْدِ اِنَّ الْعَهْدَ كَانَ مَسْـُٔوْلًا (અને વાયદો પૂરો કરો, બેશક ! વાયદા વિશે સવાલ થશે. સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૩૪) એટલે તમને કયામતમાં વાયદો ભંગ કરવા સંબંધે પૂછતાછ થશે, જેથી પોતાના ઈરાદાથી પલ્ટી જાવ. આ ગયબી પુકાર સાંભળતાં જ આપ રડી પડયા. અને જ્યારે એ કાફિરે રડવાનો સબબ પૂછયો તો આપે પૂરો બનાવ વર્ણવી આપ્યો. એ સાંભળીને એ કાફિરને ખયાલ આવ્યો કે જે ખુદા પોતાના દુશ્મનના કારણે પોતાના દોસ્ત પર નારાજ થાય તેની આજ્ઞા ન માનવું એ બુઝદિલી છે, અને આ ખયાલની સાથે જ તે સાચા દિલથી મુસલમાન થઈ ગયો.

## ★ ગયબી અવાજ સાંભળી ઈસ્લામ સ્વીકારી લીધો ! ★

આપ ફર્માવ્યા કરતા હતા કે એક શખ્સ ખાનએ કા'બામાં દાખલ થવા ચાહતો હતો પણ કાંપીને બેહોશ થઈ ગયો. અને હોશમાં આવ્યા બાદ જ્યારે મેં તેની કૈફિયત પૂછી તો તેણે જણાવ્યું કે હું અગ્નિપૂજક છું અને વેશ બદલીને કા'બાતુલ્લાહમાં પ્રવેશવાની નિય્યતથી આવ્યો હતો. પરંતુ જેવો મેં પ્રવેશવાનો ઈરાદો કર્યો તો નિદા આવી કે, "તું દોસ્તનો દુશ્મન બનીને દોસ્તના મકાનમાં કેવી રીતે દાખલ થઈ શકે છે ?" અને અવાજ સાંભળતાં જ મેં સાચા દિલથી ઈસ્લામ સ્વીકારી લીધો.

ઠંડીની ઋતુમાં આપે નીશાપુરના બજારમાં એક ગુલામને જોયો કે ઠંડીમાં સંકોચાયને ઠુઠવાઈ ગયો હતો. આપે પૂછયું કે, તું તારા માલિકથી ઓઢવાનું નથી માગતો ? તેણે જવાબ આપ્યો કે શું તેને નથી દેખાતું કે મારે કહેવાની જરૂરત પડે ?! આ વાક્યથી આપને એવી ઈબ્રત થઈ કે આપે ફર્માવ્યું કે તરીકત તો આ ગુલામથી હાંસલ કરવી જોઈએ.

એક પરેશાનીના સમયે કેટલાક લોકો આપની પાસે હમદર્દી દર્શાવવા હાજર થયા અને એમનામાં એક અગ્નિપૂજક પણ હતો, અને તેણે એવું કહ્યું કે **દાનિશવર (શાણો પુરૂષ) તે જ છે જે પહેલા દિવસે જ તે કામ અંજામ આપે જેને નાદાન ત્રીજા દિવસે પૂર્ણ કરે છે.** આ વાક્ય સાંભળીને આપે લોકોને કહ્યું કે, આ કથનને યાદ રાખજો કે ઘણુ જ ઉમદા કથન છે.

જ્યારે લોકોએ આપને સવાલ કર્યો કે કઈ આદતો લાભદાયી થઈ શકે છે ? કામિલ (પરિપૂર્ણ) બુદ્ધિ હોવી. લોકોએ કહ્યું, જો કામિલ બુદ્ધિ ન હોય તો ? ફર્માવ્યું કે હુસ્ને અદબ (સદ્‌વર્તાવવાળા) હોવું. લોકોએ કહ્યું કે જો એ પણ ન હોય તો ? ફર્માવ્યું, એટલા પ્રેમાળ ભાઈ બની જાય કે લોકો તેના મશ્વરા કરે. લોકોએ કહ્યું કે જો એ પણ શક્ય ન હોય તો ? ફર્માવ્યું, મૌન ધારણ કરે. અને જો એ પણ ન થઈ શકે તો અચાનક મૃત્યુ ખૂબ જ લાભકારક છે. એકવાર ફર્માવ્યું કે જે અદબના મહત્વથી વાકેફ નથી તેનું દૃષ્ટાંત એવું છે જેવી રીતે સુન્નતમાં ખલેલ પડવાના કારણે ફર્ઝોથી પણ વંચિત થઈ જાય છે, અને એવો માણસ ખુદાની મઅરેફત કદી નથી પામી શકતો.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ફાસિદ સોદાનું બયાન

**મસ્અલા** : કાચી ખેતી જેમાં અનાજ તૈયાર થયું ન હોય એના વેચાણ માટેના ત્રણ પ્રકાર છે : **(૧)** તરત જ કાપી લેશે **(૨)** પોતાના જાનવરોને ચરાવશે **(૩)** યા એવી શરત પર લે કે તેને તૈયાર થતાં સુધી રહેવા દેશે. પ્રથમના બે પ્રકારમાં વેચાણ જાઈઝ છે અને ત્રીજા પ્રકારમાં કેમ કે એ શરતમાં ખરીદનારનો નફો (ફાયદો) છે એટલા માટે વેચાણ ફાસિદ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફળો એવા સમયે વેચ્યાં કે હજુ તે બહાર દેખાતાં પણ ન હતાં તો એ વેચાણ બાતિલ છે. જો ફળ બહાર દેખાતાં થઈ ગયાં હોય પરંતુ કામનાં ન હોય તો એ વેચાણ સહીહ છે. પરંતુ ખરીદનારે તરત જ તોડી લેવાં જરૂરી છે અને જો એવી શરત કરી હોય કે જ્યાં સુધી ફળો તૈયાર નહીં થાય ત્યાં સુધી ઝાડ પર જ રહેશે તો વેચાણ ફાસિદ છે. જો કોઈ પણ પ્રકારની શરત વગર ખરીદ્યાં હોય પરંતુ વેચનારે સોદો કર્યા પછી ફળો તૈયાર થતા સુધી ઝાડ પર રહેવા દેવાની ઈજાઝત આપી હોય તો કોઈ વાંધો નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : ગાય, બકરી, મરઘી કોઈને આધે ભાગે એવી રીતે આપી કે તે ખવડાવે, પીવડાવે, ચરાવે અને જે બચ્ચાં પેદા થશે તેને બન્ને જણા આધે ભાગે વહેંચી લેશે. મોટે ભાગે ગામડામાં લોકો આ રીતે કરતા હોય છે. એ તરીકો ગલત છે. બચ્ચામાં ભાગીદારી નહીં થાય બલ્કે તેનાં છે જેનું જાનવર છે. બીજા આદમીને ઘાસચારાની કિંમત (જ્યારે કે પોતાનું ખવડાવ્યું હોય) અને ચરાઈ તથા રખેવાળીનું મહેનતાણું મળશે. એ રીતે કોઈ માણસે પોતાની જમીન બીજાને ઝાડો વગેરે રોપવા અમુક મુદ્દત માટે એવી શરતે આપી કે ઝાડ અને ફળો અડધાં અડધાં વહેંચી લેશે તો એ પણ સહીહ નથી. ઝાડ અને ફળ બધું જમીન માલિકનાં ગણાશે. બીજાને ઝાડની તે કિંમત મળશે જે ઝાડ લગાડવાના દિવસે હતી અને જે કંઈ કામ કર્યું તેનું મહેનતાણું મળશે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : ઓરતના દૂધને વેચવું નાજાઈઝ છે, ભલે એને કાઢીને કોઈ વાસણમાં રાખવામાં આવ્યું હોય, ભલે ઓરત બાંદી હોય. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : સુવ્વરના વાળ યા એના બીજા કોઈ અવયવનું વેચાણ બાતિલ છે અને મુરદારના ચામડાનું વેચાણ પણ બાતિલ છે જ્યારે કે એને પકવવામાં ન આવ્યું હોય અને જો પકવવામાં આવ્યું હોય તો વેચાણ જાઈઝ છે અને ઉપયોગમાં લેવું પણ જાઈઝ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : તેલ નાપાક થઈ ગયું હોય તો એનું વેચાણ જાઈઝ છે અને ખાવા સિવાય બીજા કામમાં લેવું પણ જાઈઝ છે. પરંતુ જરૂરી છે કે ખરીદનારને એના નાપાક હોવાની જાણકારી આપી દે જેથી તે ખાવાના કામમાં ન લે. એટલા માટે જાણકારી આપી દેવી જરૂરી છે કે નજાસત એબ છે અને એબની જાણકારી આપી દેવી જરૂરી છે. નાપાક તેલને મસ્જિદમાં બાળવું મના છે, ઘરમાં બાળી શકાય છે. જો કે એનો ઉપયોગ કરવો જાઈઝ છે પરંતુ શરીર

Web: www.barkatekhwaja.net

કે કપડામાં જ્યાં પણ એ લાગશે તેને નાપાક કરી દેશે. એને પાક કરવું પડશે. શરીર કે કપડાને કેટલીક દવાઓની બનાવટ એવી હોય છે કે જેમાં કોઈ નાપાક ચીજ નાખવામાં આવતી હોય છે જેમ કે કોઈ જાનવરનુ પિત્તુ, એ દવાને જો શરીર પર લગાડવામાં આવી તો શરીરને પાક કરવું જરૂરી છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : મુરદારની ચરબીને વેચવી યા એનાથી કોઈ પ્રકારનો લાભ ઉઠાવવો જાઈઝ નથી. ચિરાગમાં બાળી શકાશે નહીં તેમજ ચામડું પકવવાના કામમાં પણ લઈ શકાશે નહીં. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : મુરદારના પટ્ટા (નસો), બાલ, હાડકાં, પાંખ, ચાંચ, ખળી, નખ એ બધાંને વેચી શકાય છે તેમજ કામમાં પણ લઈ શકાય છે. હાથીના દાંત અને હાડકાંને વેચી શકાય છે અને એમાંથી બનાવેલી વસ્તુઓનો ઉપયોગ કરી શકાય છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** :લોઢાની, પિત્તળ વગેરેની અંગૂઠી જેને પહેરવી મરદ અને ઓરત બન્ને માટે **નાજાઈઝ** છે, એને વેચવી મકરૂહ છે. *(હિંદિયા)* એ રીતે અફીણ વગેરે જેને ખાવું નાજાઈઝ છે તે એવા લોકોને વેચવું કે જેઓ અફીણ ખાતા હોય છે એ નાજાઈઝ છે કેમ કે ગુનોહ કરવામાં મદદ મળે છે. *(બહાર)*

**મસ્અલા** : જે ચીજને વેચી દેવામાં આવી પરંતુ ખરીદનાર પાસેથી પૂરેપૂરી કિંમત વસૂલ ન થઈ હોય એ ચીજને ખરીદનાર પાસેથી ઓછી કિંમતે ખરીદવી જાઈઝ નથી, ભલે તે વખતે એનો ભાવ ઓછો થઈ ગયો હોય. *(હિંદિયા, દર વ દર)*

**મસ્અલા** : એક ચીજ ખરીદી અને હજુ તેનો કબ્જો ન લીધો હોય તેમાં બીજી એક ચીજ જે માલિકીમાં હતી તેને ઉમેરી બંનેને એક સાથે વેચી તો જે ચીજ પાસે હતી, કબ્જામાં હતી તેનુ વેચાણ સહીહ ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : એક માણસે બીજાને એમ કહ્યું કે આ મકાનમાં મારો જે હિસ્સો છે તે મેં તને વેચાણ આપ્યો અને વેચનારને ખબર નથી કે એનો કેટલો હિસ્સો છે જ્યારે કે ખરીદનારને જાણકારી છે તો વેચાણ જાઈઝ છે અને જો ખરીદનારને જાણકારી ન હોય તો જાઈઝ નથી, ભલે વેચનારને ખબર હોય. *(આલમગીરી)*

**મસ્અલા** : એક માણસને કોઈ ચીજ વેચી. પછીથી તેને બીજા માણસને વેચવી હરામ અને બાતિલ છે. કેમ કે પહેલુ વેચાણ જો રદ કરવામાં આવે તો પણ બીજું વેચાણ થઈ શકશે નહીં. હા ! પ્રથમ ખરીદનારે કબ્જો મેળવી લીધો હોય તો બીજુ વેચાણ એની ઈજાઝત પર મોકૂફ રહે છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જે વેચાણમાં માલ કે કિંમત માલૂમ ન હોય તે વેચાણ ફાસિદ છે, જ્યારે કે એવી જહાલત હોય કે કબ્જો મેળવવામાં ઝઘડો થઈ શકે એમ હોય. અને જો કબ્જો મેળવવામાં કોઈ મુશ્કેલી ન હોય તો ફાસિદ નથી. (જેમ કે ઘઉંની આખી ગુણ પાંચ રૂપિયામાં ખરીદી અને માલૂમ નથી કે એમાં કેટલા ઘઉં છે યા કપડાંની ગાંસડી ખરીદી પરંતુ માલૂમ નથી કે એમાં કેટલા તાકા છે.) *(આલમગીરી)*

**મસ્અલા** : ફાસિદ વેચાણનો હુકમ એ છે કે જો ખરીદનારે વેચનારની ઈજાઝતથી માલ પર કબ્જો મેળવી લીધો તો તે માલનો માલિક બની ગયો અને જ્યાં સુધી કબ્જો ન લીધો હોય ત્યાં સુધી તે માલિક ગણાશે નહીં. વેચનારની ઈજાઝત સ્પષ્ટ હોય કે અસ્પષ્ટ. સ્પષ્ટ ઈજાઝત હોય તો સોદા વખતે જ કબ્જો લે કે પાછળથી લે હરહાલમાં માલિક ગણાશે અને અસ્પષ્ટનો દાખલો એ છે કે સોદા વખતે ખરીદનારે વેચનારની સામે કબ્જો લીધો અને તેણે મના ન કરી અને સોદો પૂરો થયા પછીથી સ્પષ્ટ ઈજાઝતની જરૂર રહે છે. અસ્પષ્ટ ઈજાઝત પૂરતી નથી, પરંતુ જ્યારે કે વેચનારે કિંમત લઈ લીધી હોય

તો હવે સોદા પછીથી એની સામે (રૂબરૂ) કબ્જો લેવો અને એનું મના ન કરવું એ ઈજાઝત જ છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ફાસિદ વેચાણમાં પ્રથમ ખરીદનાર પર લાઝિમ છે કે કબ્જો ન લે અને વેચનાર પર લાઝિમ છે કે મના ન કરે. બલ્કે હર એક પર વેચાણ (સોદો) રદ કરી દેવો વાજિબ છે અને જો કબ્જો લઈ લીધો હોય તો સોદાને રદ કરી માલને પાછો આપી દેવો તેમજ લઈ લેવો વાજિબ છે. સોદો રદ ન કરવો ગુનોહ છે અને જો પાછો આપી શકાય એમ ન હોય જેમ કે માલ હલાક થઈ ગયો છે યા તો એવા કોઈ સંજોગો પેદા થયા કે પાછો આપી શકાય એમ નથી (જેનું બયાન આગળ આવે છે) તો ખરીદનાર માલના બદલામાં એના (એને મળતો) જેવો માલ પાછો આપે અને જો ચઢિયાતો માલ હોય તો એની કિંમત અદા કરે.(અર્થાત એ ચીજની વ્યાજબી કિંમત અદા કરે નહીં કે જે કિંમત થતી હોય તે) અને કિંમતના બારામાં કબ્જાના દિવસનો એ'તેબાર છે એટલે કે કબ્જાના દિવસે એની જે કિંમત હતી તે અદા કરે. હા ! જો ગુલામને ફાસિદ વેચાણથી ખરીદ કર્યો હતો તેને આઝાદ કરી દીધો તો કિંમત વાજિબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : નાખુશી અને જબરદસ્તીથી સોદો કરવામાં આવ્યો હોય તો એ ફાસિદ છે પરંતુ જેના પર જબરદસ્તી કરવામાં આવી તેના પર સોદો રદ કરવો વાજિબ નથી, પરંતુ તેને હક્ક છે કે સોદો રદ કરે કે ચાલુ રાખે (સ્વીકૃત કરે). પરંતુ જેણે જબદસ્તી કરી છે તેના પર સોદો રદ કરવો વાજિબ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ફાસિદ સોદા (વેચાણ)માં જો ખરીદનારે વેચનારની ઈજાઝત વગર માલનો કબ્જો લીધો તો એ કબ્જો ગણાશે નહીં તેમજ માલિક બનશે નહીં તેમજ એની દખલગીરી ચાલશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલા** : ફાસિદ વેચાણમાં ખરીદનારે કબ્જો લીધા પછીથી તે ચીજને વેચનાર સિવાયના બીજા કોઈને વેચી દીધી અને એ વેચાણ સહીહ હોય યા ખૈરાત કરીને આપી દીધી યા આઝાદ કરી દીધો, યા મદ્રસા–દર્સગાહમાં આપી કે પછી બાંદી હતી અને ખરીદનારથી એને બાળક પેદા થયું, યા અનાજ હતું જેને દળાવી લોટ કરી નાંખ્યું, યા એને બીજા અનાજમાં ભેળવી દીધું, યા જાનવર હતું જેને ઝુબહ કરી નાખ્યું યા માલને વકફ કર્યો યા ગીરવી મૂક્યો અને કબ્જામાં આપી દીધો યા વસિયત કરીને ગુજરી ગયો યા સદકો આપી દીધો. મતલબ એ કે કોઈ પણ રીતે ખરીદનારના હાથમાંથી નીકળી ગઈ તો ફાસિદ સોદો (વેચાણ) સ્વીકૃત ગણાશે તેને રદ કરી શકાશે નહીં. અને જો ખરીદનારે ફાસિદ વેચાણથી વેચ્યો હોય યા શરતની છૂટ રાખવામાં આવી હતી તો રદ કરવાનો હુકમ બાકી રહે છે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : નાખુશીથી સોદો થયો અને ખરીદનારે (માલનો) કબ્જો લીધા પછી માલમાં ફેરફાર કર્યો તો તમામ ફેરફારો બેકાર ગણાશે અને વેચનારને હજુ પણ એ હક્ક રહે છે કે વેચાણને રદ કરી દે. પરંતુ ખરીદનારે આઝાદ કરી દીધો હોય તો તે આઝાદ થઈ જશે અને ખરીદનારે ગુલામની કિંમત આપવી પડશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : વેચાણ લીધેલી વસ્તુને ખરીદનારે ભાડેથી આપી દીધી અથવા તો બાંદી હતી તેનો નિકાહ કરી દીધો તો હજુ પણ વેચાણને રદ કરી શકે છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વેચનાર અને ખરીદનારમાંથી કોઈ મૃત્યુ પામે તો પણ રદ કરવાનો હુકમ કાયદેસર બાકી રહે છે. એના વારસદારને એની જગ્યાએ જોઈએ કે તે સોદો રદ કરી દે. *(દુર્રે મુખ્તાર)*

web.:www.barkatekhwaja.net

**મસ્અલા** : ફાસિદ વેચાણને રદ કરવામાં આવ્યું તો વેચનાર વેચેલા માલને પાછો ત્યાં સુધી લઈ શકતો નથી જ્યાં સુધી તે કિંમત પાછી ન આપે. જો વેચનાર પાસે તે જ રૂપિયા મૌજૂદ હોય તો તે રકમ તેને પાછી આપવી જરૂરી છે અને જો વપરાય ગયા હોય તો એટલા જ રૂપિયા પાછા આપી દે. *(હિદાયા)*

**મસ્અલા** : ફાસિદ વેચાણથી જમીન ખરીદી હતી તેમાં ઝાડ લગાવ્યાં યા મકાન ખરીદ્યું હતું જેમાં મરામત કરવામાં આવી તો ખરીદનાર પર કિંમત આપવી વાજિબ છે અને તે વેચાણ રદ થઈ શકતુ નથી. એ રીતે વેચાણના માલમાં કરેલો મુતસલ્લિફ્રા ગેરમુતવલ્લિદા (પેદાઈશી ન હોય તેવો) વધારો વેચાણ રદ કરવામાં અવરોધરૂપ છે. (જેમ કે કપડાને રંગી નાખ્યું અથવા સીવી નાખ્યું, લોટમાં ઘી મેળવ્યું, ઘઉંનો લોટ દળાવ્યો, રૂનું સૂતર કાંત્યું) અને ઝિયાદતે મુતસલ્લા મુતવલ્લિદા દેખીતો વધારો (જેમ કે જાડાપણુ) યા પેદા થયેલો વધારો. (ઝિયાદતે મુનફસિલા મુતવલ્લિદા જેમ કે જાનવરને બચ્ચું પેદા થયું) એ સોદો રદ કરવામાં અવરોધરૂપ નથી. માલ અને પેદા થયેલો વધારો બંનેને પાછો આપી દે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : વારસો છોડી જનારે હરામની રીતે માલ હાંસલ કર્યો હતો અને તે માલ વારસદારને મળ્યો, જો વારસદારને ખબર હોય કે આ માલ ફલાણાનો છે તો આપી દેવો વાજિબ છે અને એવી ખબર ન હોય કે એ માલ કોનો છે તો માલિકના તરફથી સદકો કરી દે અને વારસો છોડી જનારને હરામ માલ અને હલાલ માલ ભેગો થઈ ગયો હોય અને એવી ખબર ન હોય કે કયો માલ હરામનો છે અને કયો માલ હલાલનો છે (જેમ કે એણે લાંચ લીધી છે કે વ્યાજ લીધું છે અને એ હરામના માલનો ફર્ક માલ નથી પડતો) તો ફત્વાનો હુકમ એ હશે કે વારસદાર માટે હલાલ છે અને પ્રમાણિક્તા એમાં છે કે એનાથી બચવું જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનાર પર લાઝિમ નથી કે તે વેચનારને પૂછે કે આ માલ હરામનો છે કે હલાલનો છે ? હા ! જો વેચનાર એવો માણસ છે કે તે હલાલ અને હરામ એટલે કે ચોરી, જબરદસ્તી વગેરે તમામ પ્રકારની ચીજો વેચતો હોય તો સાવચેતી એમાં છે કે પૂછી લે. હલાલ હોય તો ખરીદી લે, નહીંતર ખરીદવું જાઈઝ નથી. *(ખાનિયા, આલમગીરી)*

**મસ્અલા** : મકાન ખરીદ્યું તેની કડીઓમાંથી રૂપિયા મળ્યા તો વેચનારને પાછા આપી દે અને વેચનાર લેવાની ના પાડે તો સદકો કરી દે. *(ખાન્યા)*

www.barkatekhwaja.net

**ઉર્સે નૂરાની બાવા** رحمۃ اللہ علیہ : **પેટલાદ** : તા. ૨૨–૫–૨૦૨૨, ૨૦ શવ્વાલ હિ. ૧૪૪૩, રવિવારના રોજ પીરે તરીકત, મોહસિને અહલે સુન્નત હઝરત સૈયદ મુહમ્મદ નૂરાની બાવા رحمۃ اللہ علیہનો ઉર્સ ઘણી જ શાનો શૌકત સાથે મનાવવામાં આવ્યો. સજ્જાદાનશીન હઝરત કિબ્લા સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાની બાવા رحمۃ اللہ علیہની સદારતમાં ઝહોર બાદ જુલૂસ હઝરતના દોલતખાનાથી નીકળી દરગાહે હઝરત સૈયદ નૂરાની બાવા رحمۃ اللہ علیہ સલામ પઢતાં પઢતાં પહોંચ્યું, જ્યાં હઝરત સૈયદ મુહમ્મદયૂસુફ નૂરાની બાવા رحمۃ اللہ علیہએ ગુલપોશી બાદ દુઆઓ ગુજારી હતી. સાધલી, બોડેલી, કરજણ, વડોદરા, ભરૂચ, જંબુસર, વાગરા, દયાદરા ઉપરાંત અનેક ઠેકાણેથી મુરીદો, ચાહકો, અકીદતમંદોએ હાજરી આપી હતી. યુ.કે.થી હઝરત નૂરાની બાવાના મુરીદ તથા ચાહકો જનાબ હાફિઝ આદમ કંબોલ્વી (લેસ્ટર) હાફિઝ યાકૂબ ચાંચવેલી (બોલ્ટન) તથા મૌલાના શોએબ અઝહરી (પ્રિટોરીયા), હાફિઝ ઝયનુલ આબિદીન (લેસ્ટર), જનાબ સુલેમાનભાઈ તથા મુબારક કંબોલ્વી તેમજ ઘણા ચાહકોએ હાજરી આપી ફયઝાને નૂરાની પામ્યો હતો. *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક*

**અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ**

હપ્તો : ૧૬

## નમાઝે જનાઝા કે બારે મેં ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

**૦૧. અગર મુસલમાન ખૂદકુશી કર લે તો ક્યા ઉસકી નમાઝે જનાઝા પળ્હના ઔર ઉસકે લિયે દુઆએ મગ્ફિરત કરતા જાઈઝ નહીં ?**

કઈ મુસલમાનોં મેં યે ગલતફેહમી પાઈ જાતી હૈ કે જિસને ખૂદકુશી કરલી, ઉસકી નમાઝે જનાઝા પળ્હના ઔર ઉસકે લિયે દુઆએ મગફિરત કરના જાઈઝ નહીં. હાલાંકે યે સરાસર ગલત હૈ જૈસા કે "બહારે શરીઅત" મેં હૈ."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૯૨૭)*

ઔર જબ નમાઝે જનાઝા પળ્હના જાઈઝ હૈ તો ઉસકે લિયે મગ્ફિરત કી દુઆ કરના ભી જાઈઝ હોગા કે નમાઝે જનાઝા ભી એક તરહ કી દુઆએ મગ્ફિરત હી હૈ.

**૦૨. શોહરકે ઈન્તિક઼ાલકે વક઼્ત ક્યા ઉસકી બીવી પર ચૂળિયાં (બંગડીઓ) તોળના ઝરૂરી હૈ ?**

યે ગલતફેહમી કઈ મુસ્લિમ મર્દો ઔર ઔરતોં મેં પાઈ જાતી હૈ કે જબ કિસી ઔરત કે શોહરકા ઈન્તિક઼ાલ હો જાએ તો ઉસ પર અપને હાથોંકી ચૂળિયાં તોળના ઝરૂરી હૈ, ચુનાંચે **દેખા જાતા હૈ કે લોગ ઔરતોં કો સખ્તીસે ઈસકા હુકમ દેતે હૈં.** હાલાંકે યે સરાસર ગલત ઔર ખિલાફે શરીઅત હૈ, ઈસ તરહ ચૂળિયાં તોળના માલ બર્બાદ કરના હૈ, જો કે **સખ્ત નાજાઈઝો હરામ** હૈ. જૈસા કે હદીષે પાક મેં હૈ :–

**તર્જુમા** : ઈમામ શઅબી સે રિવાયત હૈ કે મુજે હઝરતે મુગીરા બિન શોઅબા رضی اللہ عنہ કે કાતિબને બતાયા કે હઝરતે અમીર મુઆવિયા رضی اللہ عنہ ને હઝરતે મુગીરા બિન શોઅબાકો ખત લિખા કે આપને રસૂલુલ્લાહ ﷺ સે જો હદીષ સુની હો વોહ મુજે લિખ કર ભેજો. તો હઝરતે મુગીરાને લિખા કે મૈં ને રસૂલુલ્લાહ ﷺકો યે ફર્માતે સુના હૈ કે : અલ્લાહ ﷻ તીન કામોં કો નાપસંદ કરતા હૈ, બે ફાઈદા ફુઝૂલ બહષ કરના, માલ બર્બાદ કરના ઔર બહોત ઝયાદા સવાલ કરના.

**03. જિન બર્તનોંસે મય્યિતકો ગુસ્લ દિયા ગયા ક્યા બાદ મેં ઉનકો ઈસ્તિઅમાલ નહીં કર સકતે ?**

યે ગલતફેહમી ભી કુછ મુસલમાનોં મેં પાઈ જાતી હૈ કે જિન બર્તનોં સે મય્યિતકો ગુસ્લ દિયા ગયા બાદ મેં ઉનકો ઈસ્તિઅમાલ નહીં કિયા જા સકતા હાલાં કે યે ગલત હૈ. જૈસા કે "બહારે શરીઅત"મેં ઈસકે હવાલે સે હૈ :

"બા'ઝ યે જહાલત કરતે હૈં કે ગુસ્લ કે બાદ (ઘળે, બર્તન વગૈરા) કો તોળ ડાલતે હૈ, યે નાજાઈઝો હરામ હૈ કે માલ ઝાએઅ કરના હૈ. ઔર અગર યે ખયાલ હો કે નજિસ હો ગએ તો યે ભી ફુઝૂલ બાત હૈ કે અવ્વન તો ઈસ પર છીંટેં નહીં પળતે ઔર પળેં ભી તો રાજેહ યે હૈ કે મય્યિત કા ગુસ્લ નજાસતે હુક્મિયા દૂર કરને કે લિયે હૈ તો મુસ્તઅમલ પાની કી છીંટે પળીં ઔર મુસ્તઅમલ પાની નજિસ નહીં, જિસ તરહ ઝિંદો કે વુઝૂ વ ગુસ્લ કા પાની. ઔર અગર ફર્ઝ કિયા જાએ કે નજિસ પાની કી છીંટેં પળીં તો ધો ડાલેં, ધોનેસે પાક હો જાએંગે. ઔર અકષર જગહ વોહ ઘળે

➻ અઝ : **હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી** *(સદર મજલિસે ક઼ઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)*

Web.:www.barkatekhwaja.net

મસ્જિદોંમેં રખ દેતે હૈં, અગર નિય્યત યે હો કે નમાઝિયોંકો આરામ પહૂંચેગા ઔર ઉસકા મુર્દે કો ષવાબ તો યે અચ્છી નિય્યત હે ઔર રખના બેહતર, ઔર અગર યે ખયાલ હો કે ઘર મેં રખના નહૂસત હે તો યે સરાસર બેવકૂફી હે ઔર બા'ઝ લોગ ઘળે કા પાની ફૈંક દેતે હે યે ભી હરામ હૈ." *(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સફહા : ૮૧૬/૮૧૭)*

ઐસા હી "ફતાવા રઝવિય્યા" જિલ્દ : ૯, સફહા : ૯૮ પર હે.

**૦૪. મય્યિત અગર ઔરત હો તો સબકો ઉસકા ચેહરા દિખાના કૈસા ?**

મુસલમાનોં મેં યે એક આમ રિવાજ હે કે જબ કિસીકા ઈન્તિક઼ાલ હો જાતા હે તો તદફીત સે પેહલે લોગોં કી ઉસ મય્યિતકા ચેહરા દિખાતે હે. અગર મય્યિત મર્દ હે તબ તો કોઈ હરજ નહીં લેકિન મય્યિત અગર ઔરત હે તો શરઅન અજનબી મર્દો કો ઉસકા ચેહરા દિખાનેકી ઈજાઝત નહીં. હાં ! મહરમ રિશ્તેદાર જૈસે બેટા, બાપ વગૈરા ઔર શોહર દેખ સકતે હૈં.

"આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે પૂછા ગયા કે "અગર ઔરત મર જાએ તો શોહર ઉસકે જનાઝે કો હાથ લગાએ યા નહીં ?" તો ઈસકે જવાબ મેં આપને ઈર્શાદ ફર્માયા :

"જનાઝેકો મહઝ અજનબી હાથ લગાતે, કંધો પર ઉઠાતે, ક઼બ્ર તક લે જાતે હૈં, શોહરને ક્યા ક઼ુસૂર કિયા હે. યે મસ્અલા જાહિલોં મેં મહઝ ગલત મશ્હૂર હે. હાં ! શોહરકો અપની ઝૌએ મુર્દા (મુર્દા બીવી)કા બદન છૂના જાઈઝ નહીં, દેખને કી ઈજાઝત હે. અજનબી કો દેખને કી ભી ઈજાઝત નહીં. મહારિમકા (યા'ની વોહ રિશ્તેદાર જિનસે નિકાહ હરામ હે ઉન કો) પેટ, પીઠ ઔર નાફસે ઝાનૂ તકકે સિવા છૂનેકી ભી ઈજાઝત હે."

*(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૯, સફહા : ૧૩૮)*

**૦૫. કપળે વગૈરા સામાન ક્યા મય્યિતકી ફાતિહા મેં ઝરૂરી હે ?**

કપળે વગૈરા સામાન મય્યિતકે તીજે, દસવે, ચાલીસવે કી ફાતિહા મેં ઝરૂરી નહીં જૈસા કે કુછ અવામ મેં યે ખયાલ પાયા જાતા હે. હાં ! અલ્બત્તા અગર ઝરૂરી સમજે બગૈર સદક઼ા ઔર ઈસાલે ષવાબકી નિય્યત સે રખેં તો મુસ્તહબો બેહતર હે.

**૦૬. ક્યા નમાઝે જનાઝા દો મર્તબા પળ્હનેમેં કોઈ હરજ નહીં ?**

નમાઝે જનાઝા દો મર્તબા પળ્હના કૈસા હે ? ઈસ મસ્અલે મેં અકષર ગલતફેહમી પાઈ જાતી હે. ચુનાંચે લોગ યહી સમજતે હૈં કે દો મર્તબા નમાઝે જનાઝા પળ્હને મેં કોઈ હરજ નહીં, જબ કે અહનાફકે નઝદીક દો મર્તબા નમાઝે જનાઝા પળ્હના મુત્લક઼ન **નાજાઈઝ** હે. હાં ! અગર કિસી ઐસે અજનબી શખ્સ ને જો નમાઝે જનાઝા પળ્હાનેકા ઝયાદા હક઼દાર નહીં, બગૈર વલીકી ઈજાઝતકે નમાઝે જનાઝા પળ્હા દી ઔર વલી ઉસકે પીછે નમાઝ મેં શામિલ નહીં હુવા તો ઐસી સૂરત મેં વલી વ હક઼દારકો દો બારા નમાઝે જનાઝા પળ્હનેકી ઈજાઝત રહેગી. જૈસા કે "ફતાવા રઝવિય્યા" મેં હે :

"નમાઝે જનાઝાકી તકરાર હમારે અઈમ્મએ કિરામ رضی اللہ عنہم કે નઝદીક તો મુત્લક઼ન નાજાઈઝો નામશ્રૂઅ હે, મગર જબ કે અજનબી ગૈરે સહક઼ને (યા'ની જો ઝયાદા હક઼દાર નહીં ઉસને) બિલા ઈઝ્ન વ બિલા મુતાબઅતે વલી પળ્હ લી હો તો વલી ઈઆદા કર સકતા હે."

*(ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૯, સફહા : ૨૭૦)*

**૦૭. નમાઝે જનાઝા મેં ચોથી તકબીર કે બાદ હાથ કબ છોળતે હૈં ?**

અકષર મુસલમાનોં મેં યે ગલત તરીક઼ા રાઈજ હે કે જબ નમાઝે જનાઝા પળ્હતે હૈં તો ચોથી તકબીર

Web.:www.barkatekhwaja.net

કે બાદ ઈસ તોર પર હાથ છોળતે હે કે સીધી જાનિબ સલામ ફેરતે વક્ત સીધા હાથ ઔર બાઈ જાનિબ સલામ ફેરતે વક્ત બાયાં હાથ. જબ કે સુન્નત તરીક઼ા યે હે કે **ચોથી તકબીર કે બાદ** ચૂંકે કુછ પળ્હના નહીં હે ઈસ લિયે **ફૌરન દોનોં હાથોં કો છોળ દેં ફિર સલામ ફેરે.**

''આલા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે સવાલ કિયા ગયા કે ''નમાઝે જનાઝા મેં સલામ હાથ છોળનેકે બાદ ફેરના ચાહિયે યા ક઼બ્લ હાથ છોળનેકે, અફઝલ ક્યા હે ? તો ઈસકે જવાબમેં આપને તેહરીર ફર્માયા :

''હાથ બાંધના સુન્નત ઉસ ક઼િયામ કી હે જિસકે લિયે ક઼રાર હો. સલામ વક્તે ખુરૂજ હે (યા'ની નમાઝ સે બાહર નિકલનેકા વક્ત હે) ઉસ વક્ત હાથ બાંધનેકી તરફ કોઈ દ઼ાઈ નહીં, તો ઝાહિર યહી હે કે તકબીરે ચહારૂમ (ચોથી તકબીર)કે બાદ હાથ છોળ દિયા જાએ.''

*(ફતાવા રઝવિય્યા, જિલ્દ : ૯, સફહા : ૧૯૩/૧૯૪)*

બહારે શરીઅત મેં હે :

''ચોથી તકબીરકે બાદ બગૈર કોઈ દુઆ પળ્હે **હાથ ખોલ કર સલામ ફેર દે.''** *(બહારે શરીઅત, જિલ્દ, જિલ્દ : ૧, હિસ્સા : ૪ સફહા : ૮૩૫)*

**૦૮. નમાઝે જનાઝા મેં ક્યા મુક઼તદી ભી ઝોરસે તકબીર કહેંગે ?**

અકષર અવામ કો દેખા ગયા હે કે જબ ઈમામકે પીછે નમાઝે જનાઝા પળ્હને ખળે હોતે હેં તો જબ ઈમામ ઝોરસે તકબીર કેહતા હે તો વોહ ભી ઝોર સે તકબીર કેહતે હેં ઔર યહી સમજતે હેં કે મુક઼તદી કો ભી ઝોર સે તકબીર કેહની હે. હાલાંકે **શરીઅત કે એતેબાર સે યે બિલ્કુલ ગલત** હે. શરીઅત કા હુકમ તો યહી હે કે ઈમામ ઝોરસે તકબીર કહે ઔર મુક઼તદી સિર્ફ ઈતની આવાઝ કરે કે ઉનકે કાનો તક આવાઝ પોંહચે. જૈસા કે ''બહારે શરીઅત'' મેં હે :

''તકબીરો સલામકો ઈમામ જહર કે સાથ કહે, બાક઼ી તમામ દુઆએં આહિસ્તા પળ્હી જાએ.''

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૪, સહફા : ૮૩૫)*

**૦૯. ક્યા નમાઝે જનાઝા આસમાન કે નીચે પળ્હના ઝરૂરી હૈ ?**

કુછ લોગોં મેં યે ગલત ફહમી પાઈ જાતી હે કે નમાઝે જનાઝા આસમાન કે નીચે પળ્હના ઝરૂરી હે ઈસ તોર પર કે બીચ મેં છત વગૈરા કુછ ભી ન રહે. **યે બિલ્કુલ ગલત હે.** શરીઅત મેં ઐસા કુછ ભી નહીં હે. ચુનાંચે ''ફક઼ીહે મિલ્લત મુફતી જલાલુદ્દીન અહમદ અમજદી'' رحمۃ اللہ علیہ સે મસ્જિદ મેં નમાઝે જનાઝા પળ્હનેકે બારે મેં પૂછા ગયા, તો ઉસકે જવાબમેં તફસીલ બયાન કરતે હુએ આપને ફર્માયા :

''બેહતર યે હે કે સિર્ફ જનાઝા કે લિયે અલગ સે મસ્જિદ બના લેં, ફિર ઉસી મેં ધૂપ, સર્દી ઔર બારિશ વગૈરા હર હાલ મેં નમાઝે જનાઝા પળ્હેં.''

*(ફતાવા ફૈઝુર્રસૂલ, જિલ્દ : ૧, સફહા : ૪૪૬)*

ઈસ ઈબારત સે વાઝેહ તોર પર પતા ચલા કે સીધે આસમાન કે નીચે નમાઝે જનાઝા પળ્હના ઈસ તોર પર કે બીચ મેં છત વગૈરા કુછ ભી હાઈલ ન હો કોઈ ઝરૂરી નહીં. *(ક્રમશઃ)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૫૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

Web.:www.barkatekhvaja.net

# વર્તમાન સંજોગોમાં

હફ્તો : ૧

## હિંદના મુસલમાનો શું કરે ?!

રજૂકર્તા : **મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આજકાલ દુનિયાના મુસલમાનો પર સામાન્યતઃ અને હિંદુસ્તાનના મુસલમાનો પર ખાસ કરીને મુસીબતો અને તકલીફોના જે પહાડો તૂટી રહ્યા છે, તેમના વિરુદ્ધ જુલ્મ અને અત્યાચારની જે આંધીઓ ઉઠી રહી છે તેને વર્ણવવાની જરૂરત નથી. જ્યારે કે ફિત્નાઓનો સામનો કરવાની હિંમત મુસલમાનોથી રુખ્સત થઈ ચૂકી છે અને તેમનો મુક઼ાબલો કરવાની તાક઼ાત દમ તોડી ચૂકી છે. અને ઉમ્મતે મર્હૂમા હવે ચારે બાજુ નાઉમ્મીદીના અંધકારમાં ભટકી રહી છે.

*ઉસી કશ્તી કો નહીં તાબે તલાતૂમ સદ હૈફ*
*જિસને રૂખ ફેર દીયે થે કભી તૂફાનોં કે*

### ★ મુસલમાનો પર મુસીબતોના કારણો કુર્આની દષ્ટિએ ★

કુર્આને અઝીમમાં મુસલમાનો પર આવનારી મુસીબતોના કારણો વર્ણવવામાં આવ્યાં છે. ઈર્શાદે રબ્બાની છે :–

وَ مَاۤ اَصَابَكُمْ مِّنْ مُّصِیْبَةٍ فَبِمَا كَسَبَتْ اَیْدِیْكُمْ وَ یَعْفُوْا عَنْ كَثِیْرٍؕ

''તમને જે કાંઈ તકલીફો પહોંચે છે એ સર્વ તમારા કર્મોનું ફળ અને તમારા અમલોની ખરાબી છે અને અલ્લાહ તઆલા તમારી ઘણી બધી ઉણપોથી દરગુઝર ફર્માવી દે છે.'' *(સૂરએ શૂરા, ૪૨/૩૦)*

અમલોની ખરાબી એટલી સખત હોય છે કે આસ્માની મદદ રોકી લેવામાં આવે છે અને દર્દ તથા પીડામાં ડૂબેલી ફરિયાદો પણ કુબૂલિયતના દ્વારથી ઠુકરાવી દેવામાં આવે છે.

હદીષ શરીફમાં છે :–

''પરેશાન હાલ અને અવદશાવાળો મુસાફર બેકરારીમાં આસ્માન તરફ હાથ ઉઠાવી યા રબ ! યા રબ ! પોકારે છે (દુઆ કરે છે) જ્યારે કે તેનુ ખાણુ હરામ, પીણુ હરામ, લિબાસ હરામ, ખોરાક હરામ છે. આવી હાલતમાં તેની ફરિયાદ કઈ રીતે સાંભળ વામાં આવશે.

*(સહીહ મુસ્લિમ, ૧/૩૨૬, હદીષ : ૧૬૮૬)*

બીજા સ્થળે ફર્માવવામાં આવ્યું :

الٓمّٓۚ اَحَسِبَ النَّاسُ اَنْ یُّتْرَكُوْۤا اَنْ یَّقُوْلُوْۤا اٰمَنَّا وَ هُمْ لَا یُفْتَنُوْنَ۝

''શું લોકો એ ગુમાનમાં છે કે એટલી વાત પર છોડી દેવામાં આવશે કે તેઓ કહે કે અમે ઈમાન લાવ્યા અને તેમની આજમાઈશ નહીં થાય.''

*(સૂરએ અન્કબૂત, આ. ૧,૨)*

અર્થાત ઈમાન લાવવાનો મતલબ એ નથી કે મો'મિન તકલીફો અને મુસીબતોથી સુરક્ષિત થઈ ગયો બલ્કે તેમને આજમાઈશોની ભટ્ટીઓમાં તેમને તપાવવામાં આવશે અને કસોટીની સખત ધૂપથી પસાર થવું પડશે.

આ ઈર્શાદોથી જણાયું કે મુસલમાનો પર મુસીબતો નાઝિલ થવાના કારણે બે છે : (૧) ક્યાંક તો મુસલમાનોની કસોટી અને આજમાઈશ માટે (૨) અથવા તો તેમના કુકર્મોની સજા રૂપે. જેની હિકમત એ હતી કે **મુસલમાન કલ્માને જાદૂની લાકડી ન સમજે કે જેને પઢવાથી સર્વે મુસીબતોથી છૂટકારાનું સર્ટિફિકેટ મળી જશે અને સૌ પ્રકારના આરામ અને ચેન સુકૂનની પર્મિટ પ્રાપ્ત થઈ જશે ! બલ્કે એ તદ્દન શક્ય છે કે આજમાઈશમાં**

Web : www.barkatekhwaja.net

**વધારો થાય અને દરેક બાજુથી દુનિયાવાળાઓના વિરોધનો સામનો કરવો પડે.**

*યે શહાદત ગહે ઉલ્ફતે મેં ક઼દમ રખના હૈ*
*લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના*

એટલા માટે મુસીબતોમાં સપડાયને મુસલમાનોએ હિંમત ન હારવી જોઈએ. તુફાનોનો મર્દોની જેમ સામનો કરે અને મુસીબતોની ભટ્ટીમાં ઈસ્લામનો ઝંડો હાથમાં લઈ બનીને બહાર આવે. ત્યારે ઈન્શા અલ્લાહ ! (وَاَنْتُمُ الْاَعْلَوْنَ) "તમે જ સરબુલંદ છો"નો જલ્વો તમારા સમક્ષ હશે અને ત્યારે માલૂમ થશે કે આ શેઅરનો મતલબ શું છે.

*ચલા જાતા હૂં હંસતા ખેલતા મૌજે હવાદિષ સે*
*અગર આસાનિયાં હોં ઝિંદગી દુશ્વાર હો જાએ*

## ★ મુસીબતોથી છૂટકારાનો કુર્આની ઈલાજ ★

અને એ પણ શક્ય છે કે મુસીબતો તમારા કુકર્મોની સજા હોય. તેવા સમયે પણ અલ્લાહની રહમતથી માયૂસ (નિરાશ) ન થવું જોઈએ. **અલ્લાહની જ બારગાહમાં રજૂ થાવ, તેનાથી તૌબા તથા ઈસ્તિગફાર કરો, કરગરો, પોતાના અમલો પર નજર કરો અને નેકીઓ પર અમલ કરો તો અલ્લાહ તમારા દિવસ ફેરવી દેશે અને જીવનની ખુશીઓ તમારુ સ્વાગત કરશે.**

وَ اٰخَرُوْنَ اعْتَرَفُوْا بِذُنُوْبِهِمْ خَلَطُوْا عَمَلًا صَالِحًا وَّ اٰخَرَ سَيِّئًا ؕ عَسَى اللّٰهُ اَنْ يَّتُوْبَ عَلَيْهِمْ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝

"અને એવા પોતાના ગુનાહોનો સ્વીકાર કરવાવાળા જેમણે નેક અને બદ્ બંને અમલ કર્યા, અલ્લાહે તેમની તૌબા ક઼બૂલ કરશે, તે ઘણો તૌબા ક઼બૂલ કરનાર અને રહમ કરનાર છે."

*(સૂરએ તૌબા, ૯/૧૦૨)*

તો હોવું તો એ જોઈતું હતું કે મુસલમાન ખુદાએ પાકની બારગાહમાં તૌબા તથા ઈસ્તિગફાર કરતો, પોતાના અમલોની ઈસ્લાહ અને હિંમત તથા અડગતાની સાથે મુસીબતોની આંખોમાં આંખો નાખીને તેમનો સામનો કરતો. પરંતુ થઈ એ રહ્યું છે કે ભીમડ઼ી (મહારાષ્ટ્ર)થી અમારા એક મિત્ર લખે છે (જ્યારે કે આ વખત પૂરા થાણા જિલ્લામાં ફસાદની કોઈ અસર ન હતી)

"આ બાજુના ઘણા લોકો તો ગુમરાહ થઈ રહ્યા છે, તેઓ કહી રહ્યા છે કે અમારી જાનો જઈ રહી છે, અમારી બહેનોની ઈજ્જત લૂટવામાં આવી રહી છે, અને અમારા પર ન જાણે કયા કયા પ્રકારના અત્યાચાર કરવામાં આવી રહ્યા છે, જેને અમે વિચારી પણ ન શક્તા હતા, છતાં પણ અલ્લાહની મદદ નથી આવી રહી."

આ છે :–

الٓمّٓ ۚ اَحَسِبَ النَّاسُ اَنْ يُّتْرَكُوْۤا اَنْ يَّقُوْلُوْۤا اٰمَنَّا وَ هُمْ لَا يُفْتَنُوْنَ ۝

(શું લોકો એ ઘમંડમાં છે કે એટલી વાત પર છોડી દેવામાં આવશે કે કહે : અમે ઈમાન લાવ્યા, અને તેમની આજમાઈશ નહીં થાય ?! સૂરએ અન્કબૂત, ૨૯/૨)ના વિરૂધ્ધ કિનારા પર ઉભા રહી તમાશો જોવાવાળાઓની પ્રતિક્રિયા.

માહનામા અફકારે મિલ્લી, નઈ દિલ્હી, માર્ચ અંક, ઈ.સ. ૧૯૯૩ પેજ–૨૮, "નુકતએ નઝર"ના શિર્ષક હેઠળ લખે છે :

"મુસલમાનોથી કહેવામાં આવે છે કે આ સૌ તમારા હુકમોનું પરિણામ છે, નિઃશંક ! મુસલમાનોએ અલ્લાહ તઆલાની નાફર્માની કરી છે, પરંતુ આ વલણ એનાથી વિશેષ કંઈ નથી કરતુ કે મુસલમાનોને માનસિક રીતે જુલ્મ સહેવા માટે તૈયાર કરી દે છે. એટલુ કહી દેવાથી કે આ સર્વ આપણી

Web.: www.barkatekhwaja.net

બદઅમલીઓનું પરિણામ છે, તે જાલિમોના જુલ્મને જાઈઝ હોવું ઠરાવી શકે છે ! મુસલમાનની તેનાથી કોઈ ભલાઈ ન થાય.''

આ છે અલ્લાહ عزوجل ના ઈર્શાદ સામે આપણા એક વિશ્લેષકનું વિશ્લેષણ ! જ્યારે કે આ આયતોના સૂચિતાર્થો પર વિચાર કરવામાં આવતો અને તેના મુજબ અમલ કરવામાં આવતો તો આપણી ગફલત અને બેબસીની આ સ્થિતિ ન હોતી જેમાં આજે પૂરી કોમ સપડાએલી છે. **કલ્મો પઢીને આપણે એટલી હદે સંતુષ્ઠ થઈ ગયા છીએ કે હજાર ફિત્ના ઉઠે, ક઼યામતો તૂટે, આપણે જાગવાનું નામ જ નથી લેતા !** એમ જણાય છે કે જાણે મૌત સાથે શર્ત બાંધી લીધી હોય.

જો આ આયતોથી આપણે સૌથી પહેલા અલ્લાહ તઆલા તરફ રૂજૂઅ કરતા (વળતા), ગુનાહોથી તૌબા કરતા અને પોતાના અમલોને તપાસી તેમની સુધારણા કરતા અને પરિસ્થિતિઓનો સામનો કરવાનો હોસ્લો પેદા કરતા.

## ★ જેમનાં ઘરો ઉજડી રહ્યાં હોય તેમને હસવાનો શું હક્ક઼ છે ?! ★

એવું હોવું જોઈતું હતું કે આપણે પોતાના જીવન ખર્ચની સૂચી પર નજર કરતા અને તેમાંથી મનોરંજન અને મોજ મજાની માત્રાને સદંતર મોકૂફ કરી દેતા, સોસાયટી મેન્ટેઈન કરવા અને જીવનને ગુણવંત બનાવતી માત્રાને કમ સે કમ પરિસ્થિતિ સુધરતા સુધી મુલ્તવી કરતા. બલ્કે પોતાની જીવન જરૂરિયાતના ખાનામાં પણ કમી કરતા કે **જેમની વસ્તીઓ ઉજાડવામાં આવી રહી હોય, ઘરો સળગી રહ્યાં હોય, ઈજ્જત આબરૂ લિલામી પર ચઢાવી દેવામાં આવી હોય. યતીમ બાળકો અને બેસહારા ઔરતો જિંદગીના માર્ગમાં ભટકી રહ્યાં હોય, તેમને મુસ્કુરાવાનો કે બનાવ શૃંગારનો શું હક્ક઼ છે ?** શાદીઓ તેમજ અન્ય પ્રસંગોએ નાચગાન તથા બેહયાઈઓ તથા ફુઝૂલ ખર્ચાઓનો શું અર્થ ? બલ્કે એ રકમથી કૌમની જિંદગીની તે તિરાડો બંધ કરવામાં આવતી, ઉણપો દૂર કરવામાં આવતી અને ખાઈઓ પૂરવામાં આવતી જેમના કારણે મુસલમાન ભારતમાં બીજા નંબરનો નાગરિક પણ નથી રહ્યો. પરંતુ થયું એ કે ન આપણી મૌજ મજા પૂરી થઈ, ન અલ્લાહ તરફ પાછા ફરવાનો ખયાલ આવ્યો, ન અમલોની સુધારણાની જરૂરત મેહસૂસ કરવામાં આવી !

## ★ પ્રજાના સેવકો આવા હોવા જોઈએ ★

- ❒ શહઝાદીએ રસૂલ હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا નું જીવન ઘણુ જ કઠણાઈમાં પસાર થઈ રહ્યું હતું. તેમને જાણ થઈ કે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં અમુક બાંદી ગુલામ આવ્યા છે, તો હઝરત અલી رضی اللہ عنہ ના મશ્વરા બલ્કે હુકમથી હુઝૂરે અકદસ صلی اللہ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયાં. અને ઉમ્મુલ મોમિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ને હાથોના છાલાં અને ખભા પર પડેલાં નિશાનો દેખાડયાં જે ઘંટી પીસીને અને પાણી ભરવાના કારણે પડી ગયાં હતાં અને એક ખાદિમ આપવાની રજૂઆત કરી.

આપ صلی اللہ علیہ وسلم ને જાણ થઈ તો સાંજે આપ صلی اللہ علیہ وسلم હઝરત ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ના ઘરે તશરીફ લઈ ગયા અને ફર્માવ્યું : ''બેટા ! તમે ખાદિમ માટે મારે ત્યાં ગયાં હતાં, પરંતુ મુહમ્મદ صلی اللہ علیہ وسلم પોતાના ઘરવાળાંઓ માટે ત્યાં સુધી કંઈ નથી કરી શકતો જ્યાં સુધી કે ઉહદના યતીમોની વ્યવસ્થા ન કરી લે.''

- ❒ કહતુર્રમાદના જમાનામાં એક ગામડાવાસી હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયો. દસ્તરખાન પર ગામડાવાસીએ

web.www.barkatekhwaja.net

અસામાન્ય રૂચી સાથે ઝૈતૂનનું તેલ લીધું. તો **હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ ગામડાવાસીને પૂછયું : "શું તમને ઘણા દિવસોથી ઝેતૂનનુ તેલ નથી મળ્યું ? ગામડાવાસીએ અર્ઝ કરી, અમીરુલ મુઅમિનીન ! આપને શું ખબર અમે ગરીબો કઈ મુસીબતમાં છીએ ?! આપે એલાન ફર્માવી દીધુ કે જ્યાં સુધી દેશની બધી જનતાને પૂરતા પ્રમાણમાં ઝેતૂનનું તેલ નહીં મળી જાય ત્યાં સુધી હું પણ ઝેતૂનના તેલનો ઉપયોગ નહી કરું.** તેલનો ઉપયોગ છોડવાથી આપના પેટમાં દુઃખાવો રહેવા લાગ્યો. આપ પેટને હાથોથી થપથપાવીને કહેતા : તને દુખાવો થાય કે તું ઠીક રહે, બધાને પૂરતા પ્રમાણમાં તેલ મળતા પહેલાં તને તેલ નહીં મળે !

❐ હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા رضی اللہ عنہ સાઈમુન્નહાર (દિવસભર રોઝા રાખનાર) હતા. અમુક કોળિયાથી સેહરી કરતા, સાંજે ઈફતાર માટે ખાણુ સામે રાખવામાં આવતું તો કદી એક બે કોળિયા લેતા અને કદી એ પણ નહીં. આપની આંખોથી ટપ ટપ અશ્રુ વહેવા લાગતાં અને આપ કહેતા : ખાણુ લઈ જાવ ! ખાદિમ કહેતો : આપે સહેરી પણ સારી રીતે નથી કરી અને હવે ઈફતારી પણ નહીં કરો તો સ્વાસ્થ્ય કઈ રીતે સારૂ રહેશે ?! આપ ફર્માવતા : આટલા ગરીબો, મિસ્કીનો જેમના ખાવા, પહેરવા અને રહેવાનું કોઈ ઠેકાણુ નથી. દુકાનોના ચબૂતરાઓ પર, સડકના કિનારાઓ પર, વૃક્ષો અથવા ખુલા આકાશ નીચે ભૂખા, તરસ્યા સૂઈ જાય છે, આવી હાલતમાં મને ખાવા સારૂ લાગશે ? દસ્તરખ્વાન ઉઠાવો અને ખાણુ જરૂરતમંદોને આપી દો ?!

**ફારસ શેઅરનો અર્થ :** મુનષ્યોનો આપસનો સંબંધ એ જ પ્રમાણનો છે જે પ્રમાણે તેમના શરીરના અંગોને એક બીજા સાથે સંબંધ હોય છે, કારણ કે સૌ એક જ પ્રદાર્થ (માટી)થી બનેલા છે, જ્યારે એક અંગને જમાનો તકલીફ આપે છે તો બીજા અંગો પણ બેચેન થઈ જાય છે.

## ★ સંજોગો સુધારવાની બે ફોર્મ્યુલાઓ ★

સારાંશ કે પોતાની બદહાલીનો કેટલો માતમ કરવામાં આવે. હવે તો એ ગુમાન થાય છે કે આ માતમ જ આપણુ નસીબ છે. અત્યારે એ વિચારવું જોઈએ કે મુસલમાનો શું કરે ?

તો સંજોગોને સુધારવાના બે ફોર્મ્યુલા અત્યારે મુસલમાનો સમક્ષ મૌજૂદ છે :–

**(૧)** એક તો એ કે જેની માગણી લાંબા અરસાથી સંઘ પરિવાર મુસલમાનોથી કરી રહ્યો છે જેના માટે ક્યારેક ભારતીયકરણનો નારો લગાડવામાં આવે છે અને કદીક રાષ્ટ્ર પ્રવાહ (કોમી ધારા)માં સામેલ થવાની વાત કહેવામાં આવે છે, તો ક્યારેક સમાન સિવિલ કોડનો કજીયો ખડો કરવામાં આવે છે. અને કદીક મુહમ્મદી હિંદુની પરિભાષા બોલવામાં આવે છે !

**(૨)** અને બીજો ફોર્મ્યુલા તે જ છે જેના તરફ ઉપરોક્ત કુર્આની આયતોમાં નિર્દેશ કરવામાં આવ્યો છે.

જ્યાં સુધી પ્રથમ ફોર્મ્યુલાને સંબંધ છે, તો પબ્લિકની યાદશક્તિ કમજોર હોય છે, નહીં તો હિંદની આઝાદીનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે હિંદુસ્તાની મુસલમાન સાચા દિલથી એકવાર એ ફોર્મ્યુલા પર અમલ કરી ચૂક્યા છે અને એ ફોર્મ્યુલા બુરી રીતે નિષ્ફળ થઈ ચૂકેલ છે. વિવિધ હિંદુમય રસમો સ્વીકારી લેવા છતાં પણ મુસ્લિમ લઘુમતિની જાનબખ્શી ન થઈ, જુલ્મોમાં કોઈ કમી ન થઈ, જેનું પરિણામ હિંદના વિભાજન સુધી લંબાયું. *(ક્રમશઃ)*

web.:www.barkatekhwaja.net

# પૂર્વજ બુઝુર્ગોના તાલિબે ઈલ્મીના દૌરની બોધદાયક વાતો

કાર્યાલય | હપ્તો : ૨

## ★ ઈમામ ઝુહરીનું તલબે ઈલ્મમાં તકલીફો વેઠવું ★

આપ હદીષના ઘણા જ મહાન ઈમામ હતા. આપે ઈલ્મની તલબમાં ઘણી મુશ્કેલીઓ વેઠી. ઈલ્મની તલબમાં તખ્તા તથા કાગળના પેકેટો ઉઠાવી ઉઠાવીને દીવાના જેમ ફરતા, દુનિયા જોતી અને હસતી, પરંતુ એ હતા કે પોતાની ધુનમાં મગ્ન રહેતા. ઈમામ ઝુહરીના વર્ગના સાથી અબૂ ઝનાદ કહેતા હતા કે અમે કેવળ હલાલ તથા હરામથી સંબંધિત હદીષો લખતા, પરંતુ ઝુહરી જે કાંઈ સાંભળતા લખી લેતા. જ્યારે લોકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા ત્યારે જણાયું કે તે સૌના પર અગ્રતા લઈ ગયા છે.

*(તઝકેરતુલ હુફ્ફાઝ, ૧/૪૩)*

## ★ ઈમામ અબૂ યૂસુફે વેઠેલી મુશ્કેલીઓ ★

હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મારી સાથે પઢવાવાળાઓની આમ તો કેટલીયે જમાઅતો હતી પરંતુ જે બિચારાના દિલની સાફ સફાઈ ત્યાંથી કરવામાં આવી હતી તેણે જ લાભ ઉઠાવ્યો. પછી દિલની આ સફાઈની પૂર્વ ભૂમિકા વર્ણન કરતાં કહે છે :–

તાલિબે ઈલ્મી (વિદ્યાર્થીકાળ)માં ઘરવાળાં મારા ખાવાની વ્યવસ્થા એ રીતે કરતાં કે થોડીક રોટીઓ દહીં કે દૂધની સાથે રાખી દેવામાં આવતી જેને ખાયને સવાર સાંજ પઢાઈના વર્તુળમાં સામેલ થઈ જતો, પણ જેઓ એ રાહ જોવામાં રહેતા કે તેમના માટે હરીસા (એક પ્રકારનું ખાવા જે ઘઉંના લોટ, ગોશતના આંધણવાળુ પાણી અને દૂધથી પકાવતા હતા) અથવા હલ્વો તૈયાર થાય ત્યારે તેનો નાશ્તો કરીને જઈએ. તો જાહેર છે કે તેમના સમયનો ઘણો હિસ્સો એ રાહ જોવામાં નીકળી જતો, એટલા માટે જે ચીજો મને માલૂમ થઈ ગઈ તેનાથી આ હરીસા તથા હલ્વાવાળા હઝરત મેહરૂમ રહ્યા. *(કશ્કોલ–૭૪)*

આપની આ વાતનો મતલબ એ હતો કે તાલિબે ઈલ્મીના સમયે ઈમામ અબૂ યૂસુફનાં ઘરવાળાં તેમના માટે રોટી દૂધમાં નાખીને રાખી દેતાં હતાં. તે જ સવારના સમયે ખાઈને દર્સના વર્ગમાં પહોંચી જતા હતા, અને પછી પરત આવીને પણ તે જ ખાતા હતા. કોઈ ઉમદા ભોજન ખાવાની રાહ જોવામાં સમય વેડફતા ન હતા. અને અન્ય લોકો હલ્વો, હરીસા વગેરે તૈયાર કરવામાં મશગૂલ થઈને સબકના એક હિસ્સાથી વંચિત રહી જતા હતા.

એમાં કોઈ શંકા નથી કે **કમાલની પ્રાપ્તિ પ્રતિ જ્યાં સુધી માણસ પોતાના દિલને સંપૂર્ણપણે લગાડી ન દે ત્યાં સુધી કમાલ હાંસલ થઈ શકતો નથી. અલ્લાહ તઆલાની સુન્નતે મુબારકા છે કે દરેક શખ્સને એની કોશિશોનું ફળ જરૂર અતા કરે છે, વેડફાતો નથી.**

## ★ .....તો મુફલિસી અનિવાર્ય છે ! ★

હઝરત સુફયાન બિન ઓયૈના رحمۃ اللہ علیہ એ એકવાર એક શખ્સને પૂછયું, શું કામ કરો છો ? તેણે કહ્યું, હદીષ હાંસલ કરું છું. ફર્માવ્યું, તો પછી તમારાં ઘરવાળાંઓને મોહતાજીની ખુશખબરી સંભળાવી દો ! (સિયરે અઅ્લામુન્નબલા, ૮/૪૦૬) એટલા માટે કે એ વખતે જે હઝરાત હદીષના ઈલ્મની તલબમાં નીકળતા હતા તો પછી ઘરના માટે રોજી રોટી કમાઈ શકતા ન હતા.

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે : આ ઈલ્મે દીનને કોઈ શખ્સ માલ તથા દોલત અને ઈજ્જત તથા દબદબા સાથે હાંસલ કરવામાં કામયાબ નથી થઈ શકતો, બલ્કે એમાં કેવળ તે શખ્સ કામયાબ થાય છે

Web.: www.barkatekhwaja.net

જે એશ આરામની તંગી સહન કરે અને ઉસ્તાદો સમક્ષ પોતાના નફ્સને તુચ્છ સમજે અને ઈલ્મ તથા ઉલમાની ઈજ્જત કરે.

હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું ખૂબ જ નાની ઉમરમાં યતીમ થઈ ગયો હતો. મારો ઉછેર ખૂબ જ તંગીની સાથે મારાં વાલિદા કરતાં હતાં. જ્યારે હું પઢવા લાયક થયો તો મારાં વાલિદાએ મને મક્તબમાં બેસાડી આપ્યો પણ તેમને એટલી શક્તિ ન હતી તે મારા ઉસ્તાદની કોઈ આર્થિક રીતે ખિદમત કરી શકે. જેથી મેં પોતાને એના માટે તૈયાર કરી લીધો કે જે વખતે આપ ક્યાંક જાય અથવા કોઈ જરૂરતના કારણે તા'લીમ ન આપી શકે તો હું મક્તબના નિગરાં રૂપે આપનું કામ કર્યા કરતો. આ રીતે મેં કુર્આન મજીદ ખત્મ કર્યું.

## ★ કોઈની પાસેથી કાંઈ ન સ્વીકારવું ★

ઈમામ અબ્દુર્રઝ્ઝાક رحمۃ اللہ علیہએ એક દિવસ ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیہની ચર્ચા શરૂ કરી તો તેમની આંખોથી આંસુ વહેવા લાગ્યાં અને ફર્માવ્યું કે ઈમામ અહમદ અમારી પાસે (તલબે ઈલ્મ માટે) બે વરસથી કાંઈક ઓછા અરસા માટે રહ્યા. આ અરસામાં અમને જાણવા મળ્યું કે એમનો ખર્ચ ખત્મ થઈ ચૂક્યો છે. મેં તેમનો હાથ પકડ્યો અને દરવાજા પાછળ ઉભા કરી દીધા, ત્યાં અમારા સિવાય બીજુ કોઈ ન હતું. મેં તેમને કહ્યું, મારી પાસે કદી દીનાર ભેગા નથી થયા. જ્યારે અમે અનાજ વેચીએ છીએ તો તેનાથી મળનારી રકમ કોઈ કામમાં લગાડી દઈએ છીએ. સ્ત્રીઓ પાસેથી મને દસ દીનાર મળી ગયા છે, તેને તમો તમારી જરૂરિયાતમાં ખર્ચી કાઢો. મને ઉમ્મીદ છે કે એ હમણા આપની પાસેથી ખત્મ નહીં થાય કે એનાથી પહેલાં આપણી પાસે કોઈ બીજી ચીજ તૈયાર થઈ જશે.

કહે છે કે, મને ઈમામ અહમદ બિન હંબલે કહ્યું કે જો મને લોકોથી કાંઈ કૃબૂલ કરવાની આદત હોત તો હું જરૂર આપનો આ માલ કૃબૂલ કરત.

*(તબકાતે હનાબેલા)*

## ★ ઈલ્મ પ્રાપ્તિ માટે મજૂરી ★

જ્યારે ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ ઈમામ અબ્દુર્રઝ્ઝાક رحمۃ اللہ علیہની પાસે જવા નીકળ્યા તો રસ્તામાં તેમનો ખર્ચ ખત્મ થઈ ગયો. તેમણે ઊંટ ચરાવનારાઓ સાથે મજૂરી પર પોતે પોતાને લગાડી આપ્યા, ત્યાં સુધી કે સન્આ પહોંચી ગયા. તેમને કેટલાક દોસ્તોએ મદદ કરવા ચાહી પરંતુ તેમણે કૃબૂલ ન કર્યું. *(ઉપર મુજબ)*

## ★ મહેનતથી શીખ્યું ★

હઝરત અહમદ બિન સઈદ રબાતી ફર્માવે છે કે મેં ઈમામ અહમદ ઈબ્ને હંબલ رحمۃ اللہ علیہથી સાંભળ્યું, આપે ફર્માવ્યું કે મેં આ ઈલ્મોને ઘણી જ મહેનત તથા તકલીફ સાથે હાંસલ કર્યા છે, અમે એને આગળ પણ એ જ હાલતમાં પહોંચાડીશું.

*(સિયરે અઅ્લામુન્નબલા, ૧૧/૧૯૨)*

## ★ ત્રણ દિવસ ઘાસ ખાધી ! ★

હઝરત ઈમામ બુખારી رحمۃ اللہ علیہ ફર્માવે છે, હું હઝરત આદમ બિન અબી અયાસની પાસે ઈલ્મ હાંસલ કરવાના માટે નીકળ્યો. મારા ખર્ચની રકમ પહોંચાડવામાં મોડુ થયું ત્યાં સુધી કે હું ઘાસ ખાવા લાગ્યો અને એની કોઈને ખબર આપતો ન હતો. જ્યારે ત્રીજો દિવસ થયો તો મારી પાસે એક આવનાર આવ્યો જેને હું જાણતો ન હતો. તેણે મને દીનારોની એક થેલી આપી અને કહ્યું કે તમારા પર ખર્ચ કરો.

*(ઉપર મુજબ, ૧૨/૪૪૮)*

## ★ ઈમામ શઅબા અને તલબે ઈલ્મ ★

"તઝકેરતુલ હુફ્ફાઝ"માં ઈમામ શઅબા બિન હજ્જાજના બારામાં આવ્યું છે કે એમના શાગિર્દ અબૂ કૃતન કહે છે કે ઈલ્મી મશગૂલિયાતમાં કપડાં ધોવાની ફુરસદ ન હોવાના કારણે શઅબાનાં કપડાંનો રંગ માટી જેવો થઈ ગયો હતો. *(તઝકેરતુલ હુફ્ફાઝ)*

Web.: www.barkatekhwaja.net

### ★ પથ્થર પણ વેચી નાખ્યા ★

હઝરત અબ્દુર્રહમાન બિન યૂનુસ رحمۃ اللہ علیہએ કહ્યું કે મેં સુફયાન ઈબ્ને ઓયૈના رحمۃ اللہ علیہને કહેતાં સાંભળ્યા, જે હદીષનો તાલિબે ઈલ્મ બને તે મુફલિસ થઈ જાય છે. મેં મારા વાલિદાની સલફચી (હાથ મોં ધોવાનું વાસણ) સાત દીનારમાં વેચી કાઢી. ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ ''અલ ઈલલુ ફી મઅરિફતિર્રિજાલ''માં ફર્માવ્યું, હું હકમ બિન અતીબાની પાસે ૧૮ મહીના રહ્યો. તેમણે પોતાના ઘરના પથ્થર પણ વેચી દીધા હતા. *(૨/૩૪૨)*

### ★ ઈમામ જરીરે વેઠેલી તકલીફો ★

હઝરત ઈમામ જરીરના નામથી કોણ વાકેફ નથી, તફસીરના ઈમામ, હદીષના શયખ અને ઈતિહાસના મહાન ઈતિહાસકાર છે. તેમની વિશ્વ વિખ્યાત તફસીર તથા ઈતિહાસ આજે પણ મુફસ્સિરો તથા ઈતિહાસકારોનું કેન્દ્ર સ્થાન છે. ઈલ્મ પ્રાપ્તિ માટે ઈસ્લામી જગતનો ખૂણે ખૂણો ખેડયો. તાલિબે ઈલ્મીના જમાનામાં ગરીબી તથા મુફલિસીનો એક એવો સમય પણ આવ્યો કે શરીરનાં કપડાં વેચીને જિંદગી ગુજારી. *(તઝકેરતુલ હુફ્ફાઝ, ૨/૨૧૩)*

### ★ ઈલ્મ પ્રાપ્તિમાં ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ વેઠેલી તકલીફો ★

શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہને ઈલ્મ પ્રાપ્તિમાં જે તકલીફો તથા મુસીબતો પડી એના બારામાં આપ ફર્માવે છે :

એક દિવસ હું સખત ભૂખની હાલતમાં નહેરના કિનારા તરફ ગયો કે કદાચ ઘાસ કે વનસ્પતિનાં પાંદડાં વગેરે ગુજારા માટે મળી જાય. જ્યારે એ જગ્યાએ પહોંચ્યો તો કોઈ અન્ય મારા પહેલાં પહોંચી ચૂક્યો હતો અને કોઈ જગાએ કોઈ ચીજ મળે તો ફકીર તેના પર ઝપટી પડેલા હતા. ફકીરોની મહોબ્બતના કારણે મેં એ જગા તરફ આગળ વધવાનું પસંદ ન કર્યું.

હું એ જ પ્રમાણે (ભૂખ્યો) પરત આવી ગયો અને શહેર મધ્યે ચાલવા લાગ્યો જ્યાં કોઈ ચીજ પડેલી જોવા મળતી તો કોઈ બીજો અગાઉથી જ ત્યાં પહોંચેલો હતો. મને કમજોરીએ ખૂબ જ ઢીલો કરી દીધો હતો, ત્યાં સુધી કે હું પોતે પોતાને સાંભળવાથી પણ લાચાર થઈ ગયો. હું ચાલતાં ચાલતાં રિયાહીન બજારની મસ્જિદે યાસીન સુધી પહોંચ્યો અને અંદર જઈને બેસી ગયો. હું મૌત સાથે મુસાફો કરવાની નજીક જ હતો એવામાં એક અજમી નવયુવાન દાખલ થયો. તેની પાસે રોટી અને શેકેલો ગોશ્ત હતો. તે બેસીને ખાવા લાગ્યો. તે જ્યારે પણ હાથમાં કોળિયો લઈને મોંની નજીક કરતો તો ભૂખની સખ્તીના કારણે મારું દિલ તેની તરફ ખેંચાય જતું. મેં પોતે પણ એ વાતને મારા માટે અયોગ્ય સમજી.

એ અજમીએ મને જોયો અને કહ્યું, ભાઈ ! બિસ્મિલ્લાહ કરો ! મેં ના પાડી તો તેણે મને કસમ આપી. મારો નફસ મારાથી ઉતાવળ કરી રહ્યો હતો પરંતુ મેં તેનો વિરોધ કર્યો. તેણે ફરી મને કસમ આપી તો મેં તેની દા'વત સ્વીકારી લીધી અને થોડુક ખાય લીધુ. ત્યાર બાદ તે મને પૂછવા લાગ્યો, ક્યાંના રહેવાસી છો ? અને શું નામથી ઓળખાવ છો ? મેં કહ્યું, જીલાનનો રહેવાસી છું. તેણે કહ્યું, હું પણ જીલાનનો રહેવાસી છું. પછી કહ્યું, શું તમે અબ્દુલ કાદિર નામના એક જીલાનના રહેવાસી નવયુવાનને ઓળખો છો ? મેં કહ્યું, તે હું જ છું ! તે પરેશાન થઈ ગયો. તેના ચહેરાનો રંગ બદલાઈ ગયો, અને તેણે કહ્યું, હું બગદાદ પહોંચ્યો તો મારી પાસે મારા ખર્ચનો માલ બચેલો હતો. મેં આપના બારામાં પૂછયું પણ કોઈએ આપના બારામાં મને બતાવ્યું નહીં, અને મારો ખર્ચ પણ ત્રણ દિવસ બાદ પૂરો થઈ ગયો. મારી પાસે કાંઈ ન બચ્યું સિવાય એ ચીજના જે આપની મારી પાસે હતી. અને હું એ હાલતમાં પહોંચી ગયો કે મુરદાર મારા માટે હલાલ થઈ ચૂક્યું હતું. આપની અમાનતથી જ મેં આ રોટી અને ગોશ્ત ખરીદયો છે, હવે એને પાકીઝા સમજીને ખાવ. હવે હું તમારો

Web: www.barkatekhwaja.net

મહેમાન છું, જ્યારે કે પહેલાં આપ મારા મહેમાન હતા. મેં કહ્યું, આ બધી શું વાત છે ? તેણે કહ્યું, જ્યારે હું જીલાનથી રવાના થયો હતો તો આપનાં વાલિદાએ આપના માટે આઠ દીનાર મોકલ્યા હતા. મજબૂરીમાં મેં આ ખાવા ખરીદયું, જેથી હું આપનાથી માફી ચાહુ છું. મેં તેને તસલ્લી આપી, સંતોષ અપાવ્યો અને વધેલુ ખાવા તેને આપી દીધું અને અધિક ભરણ પોષણ માટે થોડુક સોનુ આપી દીધું જે તેણે સ્વીકારી લીધું અને પરત થઈ ગયો. *(બેહજતુલ અસ્રાર)*

## ★ અલ્લામા ઈબ્ને જવઝીએ વેઠેલી મુશ્કેલીઓ ★

ઈમામ ઈબ્ને જવઝી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ ''સૈદુલ ખાતિર''માં પોતાના તલબે ઈલ્મના પ્રારંભિક સમયના સંબંધે જણાવ્યું, હું ઈલ્મ તલબ કરવામાં ખૂબ જ કઠણાઈઓમાં સપડાયો કે જે મારા નજીક મધ કરતાં મીઠી હતી.

وَمَنْ تَكُنِ الْعُلْيَاءَ هِمَّةُ نَفْسِهٖ
فَكُلُّ الَّذِيْ يَلْقَاهُ فِيْهَا مُحَبَّبٌ

''જેના નફ્સની ખ્વાહિશ ઉચ્ચ મર્તબાઓની ચાહક હોય, તેના માટે જે બોજથી તેને વાસ્તો પડે તે તેને પ્રિય હોય છે.''

હું મારા બચપનમાં મારી સાથે સૂકી રોટલી લેતો અને હદીષ પઢવા માટે ચાલ્યો જતો. પછી રોટલી ખાવા માટે બગદાદમાં નહરે ઈસાની નજીક બેસી જતો, કેમ કે પાણી વિના તે રોટલી મારા ગળેથી ઉતરતી ન હતી. જ્યારે હું કોઈ કોળિયા મોંમાં નાખતો તો તેના પર પાણીનો ઘૂંટડો ભરતો. અને મને ઈલ્મ પ્રાપ્તિની લિજ્જત સિવાય કાંઈ જ સુઝતુ ન હતું. તેનું ફળ મને એ મળ્યું કે મારી ઓળખ રસૂલુલ્લાહ ﷺની હદીષોને કષરતથી (અતિ અધિક) સાંભળનાર, તેના આદાબથી વાકેફ અને સહાબા, તાબઈન رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના અહવાલ જાણનાર તરીકે થઈ.

આપે એ પણ ફર્માવ્યું કે હદીષો સાંભળવા માટે હું મશાઈખની મજલિસોના ચક્કર લગાડયા કરતો હતો, ભાગતાં ભાગતાં થાકથી ચૂર થઈ જતો હતો. હું એવું વિચારતો હતો કે મારાથી કોઈ આગળ ન નીકળી જાય. મારી સવાર સાંજ એ હાલતમાં થતી કે મારી પાસે ખાવાનું કાંઈ જ ન હોતું, પણ અલ્લાહે મને મખ્લૂકની સામે કદી બેઈજ્જત નથી કર્યો. જો હું વિગતવાર મારી હાલતો વિશે લખું તો વર્ણન ખૂબ જ લાંબુ થઈ જશે. *(સૈદુલ ખાતિર, ૧/૧૧)*

## ★ અબ્દુર્રહમાન બિન કાસિમે વેઠેલી તકલીફો ★

હઝરત અબ્દુર્રહમાન બિન કાસિમ رحمۃ اللہ علیہ ફર્માવે છે : હું સવારમાં અંધારામાં જ ઈમામ માલિક رحمۃ اللہ علیہની ખિદમતમાં હાજર થતો અને તેમને બે ત્રણ કે ચાર મસ્અલા પૂછતો. તે વખતે તેમની તબીઅતમાં સ્ફૂર્તિ રહેતી હતી. હું દરેક સેહરીના સમયે આવતો. મેં એકવાર તેમના ઉંબરા પર ટેકો લગાડયો તો મારા પર ઊંઘ સવાર થઈ ગઈ અને હું સૂઈ ગયો. ઈમામ માલિક رحمۃ اللہ علیہ મસ્જિદે જવા માટે નીકળ્યા અને મને ખબર જ ન પડી. મને ઈમામ માલિકની એક શ્યામ વર્ણી ખાદિમાએ ઉઠાડયો અને કહ્યું કે તમારા આકા ઘરેથી નીકળી ગયા છે. મારા કષરતથી (ખૂબ જ અધિક) ઈમામ માલિકની પાસે આવવાના કારણે ખાદિમાએ મને તેમનો ગુલામ માની લીધો હતો.

(ક્રમશઃ)


અણમોલ કિતાબ મંગાવો !

ઈસાલે સવાબ અને તેના પ્રકારો (પેજીસ : ૨૦૦)

લેખક : ખલીફએ આ'લા હઝરત, મલિકુલ ઉલમા મુફતી ઝફરુદ્દીન બિહારી رحمۃ اللہ علیہ

અનુવાદક : આલિમા અનીસા આપા (હલદરવા)

પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

તા.જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

નોંધ : ઈસાલે સવાબના ૨૫ પ્રકારો કુર્આન હદીષની સાબિતી સાથેની અજોડ કિતાબ આજે જ મંગાવો.

હદિયો : ૧૫૦ (ટપાલ ખર્ચ સાથે) W.App No. 9664521477

# સોહબતની માણસના વ્યક્તિવ તથા જીવન પર અસર

**રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈન્સાન ઘણુ વિચારે છે કે મને સુકૂન અને અમનની જિંદગી નસીબ થાય, હું સમાજ અને સોસાયટીમાં ઈજ્જતનું જીવન વ્યતિત કરું. પરંતુ પોતાની ગફલતોના કારણે તેને આ દોલત નસીબ નથી થતી. જેવી રીતે ચરિત્ર અને વ્યક્તિત્વની બુલંદીમાં અન્ય ચીજો મહત્વની ભૂમિકા અદા કરે છે તેવી જ રીતે સંગત અને માહોલનો મોટો હિસ્સો છે. ઈન્સાનને વ્યક્તિત્વ અને અમલ, ચાલ ચલગણની પવિત્રતાથી ઈજ્જત તથા બુલંદી પ્રાપ્ત થાય છે, પ્રતિષ્ઠિત લોકોમાં તેને વિશેષ સ્થાન આપવામાં આવે છે.

કુર્આન તથા હદીષની રોશનીમાં સોહબત તથા સંગતની અસર સાબિત છે, ઈન્સાન પોતાના સાથીની આદતો, ચાલઢાલ અને અકીદાઓથી જરૂર પ્રભાવિત થાય છે. કુર્આને કરીમમાં સ્પષ્ટ રીતે નેક લોકોની સંગત અપનાવવાનો હુકમ આપવામાં આવ્યો અને અહાદીષે નબવિયામાં પણ નેક લોકોની સંગત અપનાવવા અને બુરા લોકોની સંગતથી બચવાનો હુકમ આપવામાં આવ્યો છે. જેમ કે મોઅલ્લિમે કાઈનાત ﷺનો ઈર્શાદ છે :–

''નેક સાથી અને બુરા સાથીનું ઉદાહરણ એવું છે કે જાણે એકની પાસે મુશ્ક છે અને બીજો ભટ્ટી ફૂંકી રહ્યો છે. મુશ્કવાળો ક્યાં તો આમ જ તને મુશ્ક આપશે અથવા તું તેનાથી ખરીદી કરીશ, અને કાંઈ નહીં તો ખુશ્બુ તો આવશે જ ! અને તે બીજો ક્યાં તો તારાં કપડાં બાળી દેશે અથવા તને તેનાથી દુર્ગંધ મળશે.''
*(સહીહ બુખારી, ૧/૮૨)*

આરિફ બિલ્લાહ હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ પોતાની કિતાબ ''કશ્ફુલ મહજૂબ''માં ''આદાબે સોહબત'' સંબંધે એક હદીષે પાક નકલ કરીને ફર્માવે છે :

''હુઝૂરે અકરમ ﷺનો ઈર્શાદ છે : (ભાવાર્થ) : મિત્રો અધિક બનાવો, અને તેમના હક્કમાં સદ્વર્તાવ કરીને મિત્રો ઔર અધિક બનાવો, કેમ કે તમારો રબ હય્ય કરીમ છે તે હયા ફર્માવે છે કે પોતાના બંદાને તેના મિત્રો સામે અઝાબ ફર્માવે.''

માટે એ જ યોગ્ય છે કે પોતાના ભાઈ સાથે અલ્લાહની રઝા ખાતર સંબંધ રાખવામાં આવે, ન કે નફ્સાની ખ્વાહિશ અથવા કોઈ લોભ કે લાભ માટે, જેથી તે બંદો (સોહબતની) અદબને સાચવવાના કારણે આભારી બને. *(કશ્ફુલ મહજૂબ ઉર્દૂ, પેજ : ૪૮૮)*

હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہએ પોતાના જમાઈ હઝરત મુગીરા બિન શોઅ્બા عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانُને ફર્માવ્યું : ''હે મુગીરા ! જે ભાઈ અથવા મિત્રની સંગત તમને દીની ફાયદો ન પહોંચાડે તમે આ દુનિયામાં તેની સંગતથી બચો જેથી તમે સુરક્ષિત રહો.

આ નસીહતનો મતલબ એ છે કે તમારી સંગત તમારાથી મોટા અથવા સારા વ્યક્તિ સાથે હશે, અથવા તમારાથી કમતરની સાથે. જો પોતાનાથી મોટા અને સારા વ્યક્તિ સાથે સંગત કરશો તો તેનાથી તમને દીની દુનિયવી ફાયદો થશે, અને પોતાનાથી કમતર સાથે સંગત રાખશો તો તેને તમારાથી દીની ફાયદો પહોંચશે કારણ કે એ તમારાંથી કાંઈ પ્રાપ્ત કરશે તો તે દીની ફાયદો પહોંચાડવું થશે અને જે તમે પોતાનાથી મોટાથી પ્રાપ્ત કરશો તે પણ દીની ફાયદો પ્રાપ્ત કરવું થશે. (ઉપર મુજબ)

Web.: www.barkatekhwaja.net

રસૂલે કૌનૈન ﷺનો ઈર્શાદ છે : ''માણસ પોતાના દોસ્તના દીન અને તરીક઼ા પર હોય છે, માટે અનિવાર્ય છે કે માણસ જુએ છે કોની સાથે દોસ્તી રાખે છે.

જો માણસની સંગત નેક લોકો સાથે હોય ભલે તે પોતે નેક ન હોય તો તે નેક (સારી) સોહબત છે, કારણ કે નેક વ્યક્તિની સોહબત તેને નેક બનાવી દેશે. અને તેમની સોહબત બુરા લોકો સાથે હશે ભલે તે પોતે નેક હોય તો તે (નેક હોવા છતાં) બુરો છે, કારણ કે તેમની બુરાઈઓ પર રાજી છે, અને જે બુરાઈઓ પર રાજી રહે ભલે પોતે નેક હોય તો બુરો છે.

એક વ્યક્તિ ખાનએ કા'બાના તવાફ દરમિયાન દુઆ માગી રહ્યો હતો : ''હે અલ્લાહ ! મારા ભાઈઓ (મિત્રો)ની ઈસ્લાહ ફર્માવ ! લોકોએ પૂછયું, આ જગ્યાએ તું પોતાના માટે દુઆ કેમ નથી માગતો ?! મિત્રો માટે કેમ દુઆ માગે છે ? તેણે જવાબ આપ્યો : ''કારણ કે હું એ જ મિત્રો તરફ પાછો જઈશ. જો તેઓ સારા રહેશે તો હું પણ તેમની સાથે સારો રહીશ, જો તેઓ ખરાબ થશે તો હું પણ તેમની સાથે ખરાબ થઈ જઈશ. કારણ કે કાયદો છે કે પોતાનું સારું હોવું ઈસ્લાહ કરનારાઓના સારા હોવા પર નિર્ભર છે, માટે હું પોતાના મિત્રો માટે દુઆ કરું છું જેથી મારો મક઼સદ તેમનાથી પ્રાપ્ત થઈ જાય.

*(ઉપર મુજબ, પેજ : ૪૮૯)*

આના સંદર્ભમાં નીચે દર્શાવેલ હદીષો પણ જુઓ અને સારી બુરી સંગત અને માહોલનો તફાવતને સમજો :

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સંગત ન કર, પરંતુ મુસલમાન સાથે અને તારુ ખાણુ ન ખાય પરંતુ પરહેઝગાર.''

*(સુનને અબૂ દાઊદ, ૨/૨૬૪, જામિઉલ અહાદીષ, ૨/૮૭)*

સારી સંગત અને સારા માહોલથી દુનિયા તથા આખેરત બંને સંવરે છે અને બુરી સંગત અને બુરા માહોલથી દુનિયવી અને ઉખરવી બંને જિંદગી બરબાદ થઈ જાય છે. એક રિવાયતમાં છે કે એક વ્યક્તિનો મદીનામાં ઈન્તેક઼ાલ થઈ ગયો તો તેને દફન કરી દેવામાં આવ્યો. પછી કોઈએ તેને ખ્વાબમાં જોયો કે જાણે તે જહન્નમીઓમાંથી છે ! તો તેને દુઃખ થયું. પછી સાત આઠ દિવસ પછી બીજીવાર તેને ખ્વાબમાં જોયો કે તે જન્નતીઓમાંથી છે ! ખ્વાબ જોનારે તેને આ વિશે પૂછયું તો તેણે કહ્યું, અમારા નજીક એક નેક માણસને દફન કરવામાં આવ્યો તો તેણે પોતાના પડોસના ચાલીસ લોકોની સિફારિશ કરી અને ચાલીસમાંથી એક હું પણ હતો.

*(શર્હુસ્સુદૂર બિ હાલિલ્ મવતા વલ્ કુબૂર)*

હુઝૂર સદરુશ્શરીઅહ્ અલ્લામા અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہએ પણ પોતાની કિતાબ ''બહારે શરીઅત''માં અમુક હદીષો વર્ણવી છે :–

**(૧)** હુઝૂરે અક઼દસ ﷺએ ફર્માવ્યું, સારો મિત્ર એ છે કે જ્યારે તું અલ્લાહને યાદ કરે તો એ તારી મદદ કરે અને જ્યારે તું ભૂલી જાય તો તે યાદ અપાવે.

**(૨)** હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, એવી ચીજમાં ન પડો જે તમારા માટે લાભકારક ન હોય અને દુશ્મનથી અલગ રહો અને દોસ્તથી બચતા રહો પરંતુ જ્યારે કે તે અમાનતદાર હોય કે અમાનતદાર સમાન કોઈ નથી અને અમાનતદાર એ જ છે જે અલ્લાહથી ડરે. અને ગુનેહગારની સાથે ન રહો કે તે તમને ગુનાહ (બુરાઈ) શિખવાડશે. અને તેના સમક્ષ ભેદની વાત ન કરો અને પોતાના કામમાં એ લોકોથી મશ્વરો લો જે અલ્લાહથી ડરે છે.

*(બહારે શરીઅત, ૧૬/૧૮૮)*

હઝરત શેખ સઅ્દી શીરાઝી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ ''ગુલિસ્તાં''માં એક ઘણી જ પ્યારી હિકાયત ઉદાહરણ રૂપે બયાન ફર્માવી છે જેનાથી સારી સંગતના પરિણામોનું અનુમાન લગાડી શકાય છે.

Web.: www.barkatekhvaja.net

ફર્માવે છે :–

(ભાવાર્થ) : એક દિવસ સુગંધિત માટી હમ્મામ (સ્નાનગૃહ)માં મને એક મિત્રના હાથે મળી. મેં એ માટીને કહ્યું, તુ મુશ્ક છે કે અંબર ? કે તારી મનમોહક સુગંધે મને મસ્ત કરી દીધો છે. એ સાંભળી માટીએ કહ્યું, હું તો સામાન્ય માટી હતી, પરંતુ એક મુદ્દત સુધી હું ફૂલોની સંગતમાં રહી તો સાથીની સુંદરતાએ મારામાં અસર કરી કે હું સુગંધિત થઈ ગઈ, નહીંતર હું તો એ જ ધૂળ અને માટી છું જે પહેલા હતી. *(ગુલિસ્તાને સઅ્દી, પેજ : ૫,૬)*

આ ઉદાહરણ પણ બતાવે છે કે સંગતની અસર સાબિત છે અને તેનાથી ઈન્સાન પોતાની સારી અને બુરી જિંદગીના પરિણામોને સારી રીતે ચકાસી શકે છે.

હઝરત દાતાગંજ બખ્શ رحمۃ اللہ علیہ લખે છે :–

"નફ્સની આદત છે કે તે પોતાના સાથીઓથી આરામ પામે છે, અને જે પ્રકારના લોકોની સંગત અપનાવવામાં આવશે તે એમની જ આદતો અપનાવી લે છે. એટલા માટે કે સર્વ બાબતો હક્કના ઈરાદા અને બાતિલના ઈરાદાથી જોડાયેલ છે, તે જે ઈરાદાના મુઆમલાત સાથે સંબંધ રાખશે તેના પર તેનો ગલ્બો થશે, કારણ કે પોતાનો ઈરાદો બીજાના ઈરાદા પર આધારિત છે અને પ્રકૃતિ તથા સ્વભાવ પર તેમની સંગતની ઘણી અસર અને પ્રભાવ રહે છે. ત્યાં સુધી ગીઢ મનુષ્યની સંગતમાં ટ્રેઈન્ડ થઈ જાય છે, પોપટ આદમીના શિખવવાથી બોલવા લાગે છે, ઘોડો પોતાની અનૈતિક પ્રકૃતિ છોડીને આજ્ઞાંકિત બની જાય છે. *(કશ્ફુલ મહજૂબ, પેજ : ૪૯૦)*

કોઈએ શું સરસ કહ્યું છે :

(ભાવાર્થ) : એક નફ્સ બીજા નફ્સથી આદતો લે છે એટલા માટે બુરા માણસની સંગતથી બચો. હવા જ્યારે દુર્ગંધવાળી જગ્યાએથી પસાર થાય છે તો તે બુરી જગ્યાઓથી દુર્ગંધ લઈને જાય છે.

*(તફસીરે રૂહુલ બયાન, ૧/૫૧૬)*

ઉલ્મા અને નેક લોકોની સંગત અને માહોલથી ઈન્સાન ઘણુ બધુ પ્રાપ્ત કરી લે છે. કિરદાર (વ્યક્તિત્વ) અને સીરત (જીવન ચરિત્ર)ના ઘડતરમાં તેમની સંગતની ઘણી ઊંડી અસર થાય છે. શું તમે નથી જોતા કે એમની બારગાહમાં રહેવાવાળા અદનાથી આ'લા થઈ હીરા મોતી બનીને દુનિયામાં ચમકવા લાગે છે અને ખલ્કે ખુદા (લોકો) તેમની સાથે મહોબ્બત કરવા લાગે છે. તેમની સીરત અને કિરદાર, ઈન્સાની હમદર્દી, ઈખ્લાસ અને લિલ્લાહિયત , તવક્કુલ અને બેનિયાઝી અને રઝાએ ઈલાહીની તલબનો જઝબો અને મહબ્બતે રસૂલ ﷺની અસર પણ તેમની પાસે બેસવાવાળાઓની જિંદગીઓમાં થાય છે.

દરેક જમાનાના મશાઈખે એ઼ઝામે પોતાના બુઝુર્ગોની સંગત અને સાથથી પોતાના જીવનમાં ચાર ચાંદ લગાવ્યા અને તેમનાથી ફૈઝ પામીને ટીપાથી સરોવર બની ગયા.

હુઝૂર સૈયદુના શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની ગ઼ૌષે આ'ઝમ પીરાને પીર رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે : **તમે તક઼્વાવાળા ઉલ્માની સંગતમાં રહ્યા કરો કારણ કે તેમાં બરકત છે. અને જે આલિમ ઈલ્મ મુજબ અમલ નથી કરતા તેમની સંગત ન અપનાવો કે તેમની સંગત કરવામાં બદ્‌બખ્તી છે.** *(ઈર્શાદાતે ગ઼ૌષે આ'ઝમ, ૨૩૧)*

હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"તેમની (ઉલ્મા અને નેક લોકોની) બરકતો શું બયાન કરવામાં આવે ?! એ કેટલી મોટી સઆદત છે કે અલ્લાહના દોસ્ત કોઈને કુબૂલ કરી લે, તેને મહ઼બ્બત અને નિકટતાથી નવાઝે, અને આ એ લોકો છે જેમની સંગતમાં રહેનાર કદી બદ્‌નસીબ નથી થતો. સારાંશ કે તેમની સંગતને ગનીમત જાણો અને તેમની સોહબતના આદાબને ધ્યાનમાં રાખો જેથી તાષીર થાય." *(મક્તૂબાત, ૧/૨૫૨)*

www.barkatekhwaja.net

## અક઼ીદાના બગાડમાં સંગતની અસર

અક઼ીદા અને ઈમાન સૌથી મોટી દૌલત છે. અલ્હમ્દુ લિલ્લાહ આપણને એ દૌલતે ઈમાનથી નવાઝવામાં આવ્યા. આજના દોરમાં ઈમાન અને અક઼ીદાની હિફ઼ાઝત ઘણુ મુશ્કેલ કામ છે.

કુર્આને કરીમમાં સ્પષ્ટ શબ્દોમાં ફ઼ર્માવવામાં આવ્યું :–

وَقَدْ نَزَّلَ عَلَيْكُمْ فِى الْكِتٰبِ اَنْ اِذَا سَمِعْتُمْ اٰيٰتِ اللّٰهِ يُكْفَرُ بِهَا وَيُسْتَهْزَاُ بِهَا فَلَا تَقْعُدُوْا مَعَهُمْ حَتّٰى يَخُوْضُوْا فِىْ حَدِيْثٍ غَيْرِهٖٓ

''અને બેશક ! અલ્લાહ તમારા પર કિતાબ (હુકમ) ઉતારી ચૂક્યો કે જયારે તમે અલ્લાહની આયતોને સાંભળો કે તેમનો ઈન્કાર કરવામાં આવી રહ્યો છે, અને તેમની મઝાક બનાવવામાં આવી રહી છે તો તેવા લોકો સાથે ન બેસો જ્યાં સુધી તેઓ અન્ય વાતમાં મશ્ગૂલ ન થઈ જાય.'' *(અન્નિસાઅ, ૧૪૧)*

અર્થાત એવી મેહફિલોમાં જેમાં કુર્આનનો ઈન્કાર કરવામાં આવે અને તેની આયતોની મઝાક ઉડાડવામાં આવે તેમાં શરીક થવાની મનાઈ કરી દેવામાં આવી તે જ હુકમની યાદ ફરી અપાવવામાં આવી રહી છે કે જે વ્યક્તિ એવી મેહફિલોમાં શરીક થાય છે તો પણ ગુનાહમાં બરાબરનો ભાગીદાર થાય છે. સર્વ ગુમરાહ ફિર્કાઓની મજલિસો અને જલ્સાઓમાં જઈ બેસવાના આ જ હુકમ છે કારણ કે સંગતની અસર થયા વિના નથી રહેતી.

*(તફસીરે ઝિયાઉલ કુર્આન, ૧/૪૦૫)*

હદીષમાં ફર્માવવામાં આવ્યું :–

જયારે દજ્જાલ નીકળશે અમુક લોકો તેને તમાશારૂપે જોવા જશે કે અમે તો અમારા દીને મુસ્તક઼ીમ પર છીએ અમને તેનાથી શું નુકસાન થશે ?! તેઓ ત્યાં જઈ તેવા જ થઈ જશે.

હદીષમાં છે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : **હું સોગંદની સાથે કહું છું કે જે વ્યક્તિ જે ક઼ૌમ સાથે દોસ્તી રાખશે તેનો હશ્ર તેની સાથે જ થશે.**

હુઝૂર સૈયદે આલમ ﷺના ઈર્શાદ પર આપણુ ઈમાન છે અને તે ઉપરાંત આપ ﷺનું સોગંદ સાથે ફર્માવવામાં તેમનાથી સંગતની અસરનો અંદાજો લગાડી શકાય છે.

બીજી હદીષમાં છે : ''જે કાફિરોથી મહબ્બત રાખે તે એમનામાંથી જ છે.''

ઈમામ જલાલુદીન સુયૂતિ رحمۃ اللہ علیہ શર્હુસ્સુદૂરમાં ફર્માવે છે : ''એક વ્યક્તિ રાફઝીઓ સાથે બેસતો હતો. જયારે તેનો સકરાતનો સમય આવ્યો. લોકોએ તેને કલ્મએ તૈયબાની તલ્ક઼ીન કરી. તો તેણે કહ્યું, કલ્મો નથી પઢી શક્તો ! પૂછવામાં આવ્યું, કેમ ?! તેણે કહ્યું, આ બે વ્યક્તિઓ કહી રહ્યા છે કે તું તેમની પાસે બેસતો હતો જે અબૂબક્ર અને ઉમર رضی اللہ عنہما ને બુરુભલુ કહેતા હતા, હવે ચાહે છે કે કલમો પઢીને મૃત્યુ પામે, હરગિઝ પઢવા નહીં દઈએ.

બદ્મઝહબો સાથે બેસવાનું આ પરિણામ છે કે, જ્યારે સિદ્દીક઼ ફ઼ારૂક઼ رضی اللہ عنہما ને બુરુભલુ કહેનારની આ દશા છે, તો ક઼ાદયાની, વહાબી, દેવબંદીઓ સાથે બેસવાની આફત કેટલી સખત હશે. તે (રાફઝીઓ)નું બુરુભલુ કહેવું સહાબા સુધી છે અને તે (વહાબી, દેવબંદીઓ)નું બુરુભલુ કહેવું સૈયદુલ અંબિયા ﷺ અને અલ્લાહ عزوجل تعالیٰ સુધી. *(અલ્મલ્ફૂઝ, ૨/૮૮,૮૯)*

બદ્મઝહબોની સંગતના પરિણામે આજે કેટલા ખુશઅક઼ીદા મુસલમાનો બદ્અક઼ીદા થઈ ગયા. અલ્લાહ તઆલા આપણને નેક લોકોની સંગત અતા ફર્માવે. (આમીન) *(અશરફિયા મંથલી, અઝ : મૌલાના ગુલામ મુસ્તફા રઝવી, એપ્રિલ–૨૦૨૨)*

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

Web : www.barkatekhwaja.net

## કુર્બાની સંબંધે
# શંકાઓ અને તેનુ નિવારણ
હફ્તો:૧

**રજૂકર્તા : હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી**
*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

મોહરતમ હઝરાત ! ઝીલ હજ્જનો મહીનો જેવો શરૂ થાય છે તેવા જ કેટલાક અધર્મી, ઓરિએન્ટલિસ્ટ તથા પશ્ચિમથી પ્રભાવિત લોકો દીનથી અજ્ઞાન મુસલમાનોને વસવસો નાખવા તેમજ ગૈરમુસ્લિમોને ખોટા ભ્રમમાં નાખવાનું શરૂ કરી આપે છે. જેમ કે;

**વાંધો–૧** : કુર્બાનીના નામ પર લાખો કરોડો રૂપિયા ફુઝૂલ ઉડાડી દેવામાં આવે છે.

**નિવારણ** : ફુઝૂલ ખર્ચી, ફોગટ ખર્ચા અને નિરર્થક ખર્ચાના બારામાં ઈસ્લામી તા'લીમાતનો અભ્યાસ કરવો જોઈએ. નિરર્થક ખર્ચના હવાલાથી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો : وَلَا تُبَذِّرْ تَبْذِيْرًا "અને ફુઝૂલ ન ઉડાવ." *(સૂરએ અલ્ ઈસ્રા, આ. ૨૬)* બલ્કે ફુઝૂલખર્ચીમાં સપડાયેલા લોકોને "શૈતાનના ભાઈ" ઠરાવ્યા : اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا اِخْوَانَ الشَّيٰطِيْنِ "બેશક ! ફુઝૂલ ઉડાડનારા શૈતાનના ભાઈ છે."

*(સૂરએ અલ્ ઈસ્રા, આ. ૨૭)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ વર્ણવે છે કે નબી કરીમ ﷺ હઝરત સઅ્દની પાસે થઈને પસાર થયા. તે એ વખતે વુઝૂ કરી રહ્યા હતા. આપે ફર્માવ્યું, હે સઅ્દ ! આ શું ફુઝૂલખર્ચી કરી રહ્યા છો ? તેમણે કહ્યું, શું વુઝૂમાં પણ ફુઝૂલખર્ચી છે ?! આપ ﷺએ ફર્માવ્યું, હા ! ભલે તમે દરિયાના (નદીના) વહેતા પાણીથી વુઝૂ કરી રહ્યા હોવ. *(સુનને ઈબ્ને માજહ, હદીષ–૪૨૫, મુસ્નદે અહમદ, ૨/૨૨૧, હદીષ–૭૦૬૫, આલિમુલ કુતુબ–બૈરૂત)*

અલ્લાહના રસૂલ ﷺએ એક એકવાર વુઝૂનાં અંગોને ધોયાં અને ફર્માવ્યું, આ વુઝૂનો તરીકો છે અને આ વુઝૂ વગર અલ્લાહ નમાઝ કૂબૂલ નથી કરતો. પછી આપે બબ્બે વાર વુઝૂના અંગોને ધોયાં અને ફર્માવ્યું, જે બેવાર ધોશે તેને અલ્લાહ ડબલ બદલો (સવાબ) આપશે. પછી આપે ત્રણ ત્રણવાર અંગો ધોયા અને ફર્માવ્યું, આ મારું અને મારા પહેલાંના અંબિયાનું વુઝૂ છે, અને જે એનાથી વધારે કરે તેણે ફુઝૂલખર્ચી કરી અને તે શૈતાનની તરફથી છે.

*(અલ્ કામિલ ફીદ્દ્અફાઅ્, ૪/૨૨૧)*

તમે અંદાઝો લગાડો ! અલ્લાહ અને અલ્લાહના રસૂલ ﷺએ કેવી રીતે ફુઝૂલખર્ચીથી રોક્યા છે. માલ તથા દોલત તો શું વુઝૂના પાણીમાં પણ ફુઝૂલખર્ચીથી રોક્યા છે. જો કુર્બાનીમાં ખર્ચ કરવો ઈસ્રાફ અને ફુઝૂલખર્ચી હોત તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કદી કુર્બાનીનો હુકમ ન આપત અને અલ્લાહના રસૂલ ﷺ કદી કુર્બાની માટે આકર્ષિત ન કરતા, બલ્કે અલ્લાહના રસૂલ ﷺ કુર્બાનીમાં ખર્ચ થનારી રકમના બારામાં ઈર્શાદ ફર્માવે છે : "ઈદના દિવસે કુર્બાનીમાં જે રકમ ખર્ચ થાય છે એનાથી અફઝલ કોઈ રકમ નથી." *(દારકુત્નીએ રિવાયત કરી)*

યાદ રાખો ! કુર્બાની કરવી અલ્લાહ તઆલાની ઈબાદત છે અને જે રકમ ઈબાદતમાં ખર્ચ થાય તેને કોઈ બેઈમાન જ ફુઝૂલખર્ચી કહી શકે. لا إسراف في الخير ભલાઈ તથા ખૈરના કામોમાં જેટલો પણ ખર્ચ કરવામાં આવે તે કદાપિ ફુઝૂલખર્ચી નથી.

આવો ! સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین તથા બુઝુર્ગાને દીન رحمۃ اللہ علیہم اجمعین થી ફુઝૂલખર્ચીના વિશે પૂછીએ છીએ :–

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી ફુઝૂલખર્ચીના વિશે સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે **જ્યાં માલ ખર્ચ કરવાનો હક્ક છે તેને બદલે ક્યાંક બીજે ખર્ચ કરવો ફુઝૂલખર્ચી છે.**

Web: www.barkatekhwaja.net

જેથી જો કોઈ શખ્સ પોતાનો પૂરો માલ, હક્ક એટલે જ્યાં તેને ખર્ચ કરવો જોઈએ (મસ્રફ) ત્યાં ખર્ચ કરી દે તો ફુઝૂલખર્ચી કરનાર નથી. અને **જો કોઈ શખ્સ એક દિરહમ પણ બાતિલ એટલે નાજાઈઝ કામમાં ખર્ચ કરી દે તો તે ફુઝૂલખર્ચી કરનાર છે.** *(ખાઝિન, અલ ઈસ્રા, આ. ૨૬ હેઠળ, ૩/૧૭૨)*

હઝરત મુજાહિદે કહ્યું, જો કોઈ શખ્સ પોતાના સર્વ માલને હક્કની રાહમાં ખર્ચ કરે તો તે ફુઝૂલખર્ચી કરનાર નથી, અને જો તે એક કિલો ચીજ પણ નાહક્ક જગાએ ખર્ચ કરે તો તે ફુઝૂલખર્ચી કરનાર છે. એનાથી જાણવા મળ્યું કે ફુઝૂલખર્ચી બાતિલ મસ્રફમાં (ખોટી જગાએ) ખર્ચ કરવું છે અને સહીહ મસ્રફ (યોગ્ય જગાએ) ખર્ચ કરવું કદાપિ ફુઝૂલખર્ચી નથી. અને કુર્બાની અલ્લાહ વ રસૂલની તરફથી યોગ્ય જગા જ છે જેથી એમાં ખર્ચ કરવો કદાપિ ફુઝૂલ ખર્ચી નથી.

અને યાદ રાખો ! જો ઈબાદતમાં ખર્ચને ફુઝૂલખર્ચી માની લેવામાં આવે તો પછી હજ્જ, ઝકાત તથા અન્ય ફર્ઝોનું શું થશે ? કેમ કે એ ફર્ઝોમાં તો કુર્બાની કરતાં અધિક ખર્ચ થાય છે. મો'મિનની ઝબાન પર તો દરેક ઈબાદતની અદાયગી પર તો આ એક જ વાક્ય હોવું જોઈએ :

اِنَّ صَلَاتِیْ وَ نُسُكِیْ وَ مَحْیَایَ وَ مَمَاتِیْ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ

"બેશક ! મારી નમાઝ, અને મારી કુર્બાનીઓ, અને મારું જીવવું તથા મારું મરવું, સૌ અલ્લાહના માટે છે જે રબ સર્વ જહાનનો છે."

*(અલ્ અનામ, આ. ૧૬૨)*

**વાંધો-૨** : કુર્બાનીના નામ પર લાખો કરોડો ખર્ચ થનારા રૂપિયાઓ વડે ગરીબોની મદદ કરવામાં આવે.

**નિવારણ** : ગરીબોની મદદના બારામાં કુર્આન તથા સુન્નતની તા'લીમાતનો જ્યારે આપ અભ્યાસ કરશો તો ઈસ્લામથી વધીને ગરીબોની પરવરિશ ક્યાંય જોવા નહીં મળે. રબ ફર્માવે છે : اِنَّمَا الصَّدَقٰتُ لِلْفُقَرَآءِ وَ الْمَسٰكِیْنِ "ઝકાત તો એ જ લોકો માટે છે (જેઓ) મોહતાજ તથા નર્યા નાદાર છે." *(સૂરએ તૌબા, આ. ૬૦)*

બીજે ઠેકાણે છે :

اِنْ تُبْدُوا الصَّدَقٰتِ فَنِعِمَّا هِیَ ۚ وَ اِنْ تُخْفُوْهَا وَ تُؤْتُوْهَا الْفُقَرَآءَ فَهُوَ خَیْرٌ لَّكُمْ ؕ وَ یُكَفِّرُ عَنْكُمْ مِّنْ سَیِّاٰتِكُمْ ؕ وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِیْرٌ

"જો ખયરાત જાહેરમાં આપો તો એ કેટલી સારી વાત છે અને જો છુપાવીને ફકીરોને આપો એ તમારા માટે સૌથી બેહતર છે, અને એમાં તમારા કેટલાક ગુનાહો ઘટશે, અને અલ્લાહને તમારાં કામોની ખબર છે." *(સૂરએ બકરહ, ૨/૨૭૧)*

**ઝકાત** : માલિકે નિસાબ મુસલમાન પર માલમાંથી વરસના અંતે ચાલીસમો ભાગ (૨.૫%) કાઢવો ફર્ઝ છે જેને ઝકાત કહે છે, અને એ કાઢેલો માલ ફકીર (ગરીબ)ને આપી માલિક બનાવવાથી જ ઝકાતવાળો ફર્ઝ અદા થશે.

**સદકએ ફિત્ર** : જે ઈદુલ ફિત્રની નમાઝથી પહેલાં અદા કરવામાં આવે છે તેના મસારિફ (ફિત્રો આપવા પાત્ર લોકો) પણ તે જ છે જેમને ઝકાત આપી શકીએ છીએ તેમને ફિત્રો પણ આપી શકીએ છીએ, અને જેમને ઝકાત આપી શક્તા નથી તેમને ફિત્રો પણ નથી આપી શકતા. *(બહારે શરીઅત)*

**શયખે ફાની** : એટલે એટલો વૃદ્ધ જેની ઉમર એવી થઈ ગઈ કે હવે દિન પ્રતિ દિન કમજોર જ થશે. જ્યારે તે રોઝા રાખવાથી લાચાર થાય એટલે કે હવે ન રાખી શકે છે ન ભવિષ્યમાં એનાથી એટલી શક્તિ આવવાની ઉમ્મીદ છે કે રોઝા રાખી શકશે. તેને રોઝો ન રાખવાની ઈજાઝત છે અને દરેક રોઝાના બદલામાં "ફિદિયો" એટલે બે ટંકનું એક મિસ્કીન (ગરીબ)ને ભરપેટ ખાવા ખવડાવવું તેના પર વાજિબ છે. અથવા દરેક રોઝાના બદલામાં સદકએ ફિત્રના જેટલું મિસ્કીનને આપી દે. *(દુર્રે મુખ્તાર, બહારે શરીઅત વગેરે)*

Web.: www.barkatekhwaja.net

**મન્નત** : માની કે આજે બે રકાત પઢશે અને આજે ન પઢી તો તેની ક઼ઝા નથી બલ્કે કફ્ફારો આપવો પડશે. (આલમગીરી) એનો કફ્ફારો એ જ છે જે ક઼સમ તોડવાનો છે એટલે એક ગુલામ આઝાદ કરવો અથવા દસ ગરીબોને બેટંક પેટ ભરીને ખાવા ખવડાવવું અથવા કપડુ આપવું અથવા ત્રણ રોઝા રાખવા. *(ફતાવા આલમગીરી)*

**''ઝેહાર''** : એને કહે છે કે પોતાની પત્નીને મુહર્રમાતે નસબી અથવા રઝાઈ (વંશ તરફથી મેહરમ અથવા દૂધના સંબંધ થકી મેહરમ)ના કોઈ એવા અંગ સાથે સરખામણી કરવામાં આવે જેને જોવું હરામ છે. દા.ત. પત્નીને કહે કે તું મારા પર મારી માની પીઠની જેમ છે. અથવા પત્નીના એવા અંગને જેનાથી એ તાબીર કરવામાં આવતી હોય અથવા તેના ભાગ તથા હિસ્સાને મુહર્રમાતના એવા અંગે સાથે સરખામણી કરે જેને જોવું હરામ છે, દા.ત. એવું કહે કે તારું માથુ અથવા તારુ અડધુ શરીર મારી માની પીઠ અથવા તેના પેટના સમાન છે. તો આવુ કહેવાને ''ઝેહાર'' કહે છે. *(ખઝાઈનુલ ઈર્ફાન)*

કુર્આનમાં છે :–

اَلَّذِیۡنَ یُظٰهِرُوۡنَ مِنۡكُمۡ مِّنۡ نِّسَآئِهِمۡ مَّا هُنَّ اُمَّهٰتِهِمۡ ؕ اِنۡ اُمَّهٰتُهُمۡ اِلَّا الّٰٓـئِیۡ وَلَدۡنَهُمۡ ؕ وَ اِنَّهُمۡ لَیَقُوۡلُوۡنَ مُنۡكَرًا مِّنَ الۡقَوۡلِ وَ زُوۡرًا ؕ وَ اِنَّ اللّٰهَ لَعَفُوٌّ غَفُوۡرٌ

''તેઓ જેઓ તમારામાં પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહી બેસે છે, તે એમની માઓ નથી. તેમની માઓ તે જ છે જેમનાથી તેઓ પેદા થયા. અને તેઓ બેશક ! બુરી તથા નર્યી જૂઠી વાત કહે છે, અને બેશક ! અલ્લાહ જરૂર માફ કરનાર અને બખ્શનારો છે.'' *(સૂરએ મુજાદિલા, આ. ૨)* તેમજ કુર્આનમાં છે :–

وَ الَّذِیۡنَ یُظٰهِرُوۡنَ مِنۡ نِّسَآئِهِمۡ ثُمَّ یَعُوۡدُوۡنَ لِمَا قَالُوۡا فَتَحۡرِیۡرُ رَقَبَةٍ مِّنۡ قَبۡلِ اَنۡ یَّتَمَآسَّا ؕ ذٰلِكُمۡ تُوۡعَظُوۡنَ بِهٖ ؕ وَ اللّٰهُ بِمَا تَعۡمَلُوۡنَ خَبِیۡرٌ

''અને તે જેઓ પોતાની પત્નીઓને પોતાની માની જગાએ કહે, પછી તે જ કરવા ચાહે જેના પર આટલી બુરી વાત કરી ચૂક્યા તો તેમના પર લાઝિમ છે એક બરદા (ગુલામ કે બાંદી) આઝાદ કરવું એના પહેલાં કે એકબીજાને હાથ લગાડે. આ છે જે નસીહત તમને કરવામાં આવે છે. અને અલ્લાહ તમારાં કામોથી ખબરદાર છે. *(સૂરએ મુજાદિલા, ૫૮/૩)*

فَمَنۡ لَّمۡ یَجِدۡ فَصِیَامُ شَهۡرَیۡنِ مُتَتَابِعَیۡنِ مِنۡ قَبۡلِ اَنۡ یَّتَمَآسَّا ۚ فَمَنۡ لَّمۡ یَسۡتَطِعۡ فَاِطۡعَامُ سِتِّیۡنَ مِسۡكِیۡنًا ؕ ذٰلِكَ لِتُؤۡمِنُوۡا بِاللّٰهِ وَ رَسُوۡلِهٖ ؕ وَ تِلۡكَ حُدُوۡدُ اللّٰهِ ؕ وَ لِلۡكٰفِرِیۡنَ عَذَابٌ اَلِیۡمٌ ﴿۴﴾

''પછી જેને બરદા ન મળે તો સતત બે મહીનાના રોઝા એના પહેલાં કે એકબીજાને હાથ લગાડે, પછી જેનાથી રોઝા પણ ન થઈ શકે તો સાઈઠ મિસ્કીનોનું પેટ ભરવું. આ એટલા માટે કે તમે અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન રાખો, અને આ અલ્લાહની હદો (સીમાઓ) છે, અને કાફિરો માટે દર્દનાક અઝાબ છે.'' *(સૂરએ મુજાદિલા, ૫૮/૪)*

لَا یُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغۡوِ فِیۡۤ اَیۡمَانِكُمۡ وَ لٰكِنۡ یُّؤَاخِذُكُمۡ بِمَا عَقَّدۡتُّمُ الۡاَیۡمَانَ ۚ

''અલ્લાહ તમને નથી પકડતો તમારી ગલતફહમીની ક઼સમો પર, હા ! એ ક઼સમો પર પકડ કરે છે જેમને તમે મજબૂત કરી. તો એવી ક઼સમનો બદલો દસ મિસ્કીનોને ખાવા આપવું, પોતાનાં ઘરવાળાંઓને જે ખવડાવો છો તેના મધ્યમમાંથી અથવા તેમને કપડાં આપવાં અથવા એક બર્દા આઝાદ કરવું. તો જે એમાંથી કાંઈ ન પામે તો ત્રણ દિવસના રોઝા. આ બદલો છે તમારી ક઼સમોનો. જ્યારે ક઼સમ ખાવા અને પોતાની ક઼સમોની હિફાઝત કરો. આ રીતે અલ્લાહ તમારાથી પોતાની આયતો વર્ણવે છે કે ક્યાંક તમે એહસાન માનો.'' *(સૂરએ માઈદા, આ. ૮૯)*

**રોઝા તોડવાનો કફ્ફારો** : એ છે કે શક્ય હોય તો એક રુકબા એટલે બાંદી અથવા ગુલામ

web:-www.barkatekhwaja.net

આઝાદ કરે અને એ ન કરી શકે, દા.ત. તેની પાસે ન બાંદી કે ગુલામ છે ન એટલો માલ છે કે ખરીદે. અથવા માલ તો છે પણ બાંદી ગુલામ મળતા નથી, જેમ કે આજકાલ હિંદુસ્તાનમાં, તો એક પછી એક (સતત) સાઈઠ રોઝા રાખે, એ પણ ન કરી શકે તો ૬૦ મિસ્કીનો (ગરીબો)ને ભરપેટ બે ટંક ખાવા ખવડાવે. (બહારે શરીઅત) સદક્એ ફિત્ર તથા નજર (મન્નત) તથા કફ્ફારો ફક્રીરો તથા મિસ્કીનોને આપવામાં આવે.

વાંચક મિત્રો ! આપ ઉપરોક્ત લખાણોથી અંદાઝો લગાડી શકો છો કે ઈસ્લામે ગરીબોની મદદના બારામાં કેટકેટલી મહાન સિસ્ટમો અર્પણ કરેલી છે !

★ ઝકાતનો પણ લેવા પાત્ર તથા હકદાર ફક્રીર તથા મિસ્કીન (ગરીબ)ને ઠરાવી આપ્યો.
★ સદક્એ ફિત્રની રકમ લેવા પાત્ર તથા હક્ક્દાર ફક્રીર તથા મિસ્કીનને ઠરાવી દીધો.
★ ક્સમના કફ્ફારાનો મુસ્તહિક્ તથા હક્દાર ફકીર તથા મિસ્કીનને ઠરાવી દીધો.
★ રોઝાના કફ્ફારાનો મુસ્તહિક તથા હક્દાર ફકીર તથા મિસ્કીનને ઠરાવી દીધો.
★ ઝેહારના કફ્ફારાનો મુસ્તહિક તથા હક્દાર ફકીર તથા મિસ્કીનને ઠરાવી દીધો.
★ ફિદિયાની રકમનો મુસ્તહિક તથા હક્દાર ફકીર તથા મિસ્કીનને ઠરાવી દીધો.
★ અને નઝરે શરઈ (મન્નત)ની પૂર્ણતા પણ ફકીર તથા મિસ્કીન પર રાખવામાં આવી.

આપણા આક્રા હુઝૂર સૈયદે આલમ ﷺએ ગરીબોની મદદના હવાલાથી આ સર્વ પયગામો આપણા સુધી પહોંચાડયા. જો કુર્બાનીના કરતાં ગરીબોની મદદ કરવી અફઝલ તથા જરૂરી હોત તો આપણા આક્રા ﷺના જાહેરી હયાતના દૌરમાં ખૂબ મોટી સંખ્યા ગરીબો તથા મિસ્કીનોની હતી, પરંતુ અલ્લાહના રસૂલ ﷺ કે જેઓ ઉમ્મત પર મહેરબાન તથા રહીમ છે છતાં કદી એવું નથી ફર્માવ્યું કે કુર્બાની છોડીને આપ ગરીબોની મદદ કરો, બલ્કે સહાબીયે રસૂલ રિવાયત કરે છે કે : હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ મદીનામાં દસ વરસ રહ્યા અને આપ કુર્બાની કર્યા કરતા હતા.

એક શખ્સે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماને પૂછયું, શું કુર્બાની વાજિબ છે ? તેમણે જવાબ આપ્યો, રસૂલુલ્લાહ ﷺએ કુર્બાની કરી છે. તેણે પોતાનો સવાલ દોહરાવ્યો તો હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ કહ્યું, શું તમને બુધ્ધિ છે ?! રસૂલુલ્લાહ ﷺ અને મુસલમાનોએ કુર્બાની કરી છે. *(સુનને તિર્મિઝી)* બલ્કે આપણા આક્રા ﷺએ આદેશ આપ્યો :

ما عمل ابن آدم من عمل أحب من إهراق الدم

**"ઈન્સાન બક્ ઈદના દિવસે કોઈ એવી નેકી નથી કરતો જે કુર્બાનીથી અધિક ખુદાને પ્યારી હોય."** જેથી જો કોઈ શખ્સ કુર્બાનીની કિંમત અદા કરી આપે, અથવા એનાથી બે ગણી ત્રણ ગણી રકમ અથવા ગોશ્ત વગેરે ખૈરાત કરી દે છતાં કદાપિ કુર્બાની અદા ન થશે.

સારાંશ કે અલ્લાહના રસૂલ ﷺ ઉમ્મત પર મહેરબાન રહીમ છે, જો એ જાઈઝ હોત કે કુર્બાની છોડીને ગરીબોની મદદ કરવામાં આવે તો સરકારે દો આલમ ﷺ જરૂર ઈજાઝત અર્પણ કરત. આપે ગરીબીના દૌરમાં જરૂરતમંદોની મૌજૂદગીમાં દસ વરસ સુધી સતત કુર્બાની કરતા રહીને એ સ્પષ્ટ કરી આપ્યું કે કુર્બાની કરવી વાજિબ છે. ગરીબોની મદદના નામ પર આ ઈસ્લામી નિશાનીને નષ્ટ નથી કરી શકાતી. (વધુ બે વાંધાઓ વિશે આવતા અંકે વાંચશો, ઈન્શા અલ્લાહ !)

**બરકાતે ખ્વાજા (માસિક)ના**
**ગ્રાહક બનો અને બનાવો !**

Web.:-www.barkatekhwaja.net

# કુર્આને હકીમની
## આશ્ચર્યજનક અસરકારક્તાના ઐતિહાસિક સાક્ષીઓ

કાર્યાલય

કુર્આને અઝીઝ તે પવિત્ર રોશન કિતાબ છે જે માનવ દિલોને કન્ટ્રોલ કરે છે. તેમનાં દિલોમાં શંકાઓ તથા વહેમોના અંધકારોને દૂર કરીને તેમને રોશન તથા મુનવ્વર કરે છે. તેના ક્રાંતિકારી ખયાલો, અક઼ીદાઓ તથા નિયમો આદમની ઔલાદમાં ઘણી જ ઉચ્ચ કક્ષાની તબદીલી પેદા કરે છે અને માનવ જીવનના દરેક ક્ષેત્રના વિશે કાર્યની દિશા નિશ્ચત કરે છે. તેનો હુસ્નો જમાલ (ખૂબસૂરતી) તથા ખૂબી કદી નષ્ટ ન થનારી છે. દરેક યુગ, દરેક જમાનાના માનવો માટે રબ તઆલા તરફથી એક હમેશાંનો સહીહ માર્ગદર્શનનો પયગામ છે. એટલા માટે એમને અમ્નો સલામતી, દિલી સંતોષ તથા સુકૂન મયસ્સર થાય છે.

### ★ આપણે ગફલતમાં પડેલા છીએ ! ★

પરંતુ મુસ્લિમ ઉમ્મતની સૌથી મોટી કમનસીબી તથા બદ્‌બખ્તી એ છે કે હયાત બખ્શ કિતાબથી ફાયદો ઉઠાવવા તથા તેના તરફ સંપૂર્ણપણે ધ્યાનિત થવાને બદલે તેના પ્રત્યે બેપરવાઈ વર્તવામાં આવી રહી છે. તે પોતાના મો'જિઝામય વર્ણન શૈલીથી હરદમ દરેક સમયે પોતાના પ્રતિ ધ્યાનિત થવા આકર્ષિત કરી રહી છે. આપણે એને સાંભળીએ જરૂર છીએ પણ અમલ નથી કરતા. તિલાવત જરૂર કરીએ છીએ પરંતુ આપણી અંદર કોઈ તાષીર પેદા નથી થતી. ન આપણી અંદર અમલનો જોશ ઉદ્‌ભવે છે ન દર્દ કે નરમી. જ્યારે કે આ તે ભરપુર અસરકારક કિતાબે ઈલાહી છે કે જો તેના વિરોધીઓના કાનોમાં તેની હક્ક઼ની સદા (અવાજ) પહોંચી ગઈ (અને જો તે વિરોધીની પ્રકૃતિ એટલા પ્રમાણમાં ખરાબ ન થઈ હતી કે એમાં ક્ષમતા જતી રહી હોય) તો તેમના દિલોમાં પણ આશ્ચર્યજનક અસર પેદા થાય. ખુદ કુર્આને હકીમે પોતાની અસરકારક્તાનું વર્ણન આ પ્રમાણે કર્યું છે :–

مَا يَأْتِيهِم مِّن ذِكْرٍ مِّن رَّبِّهِم مُّحْدَثٍ إِلَّا اسْتَمَعُوهُ وَهُمْ يَلْعَبُونَ ۝ لَاهِيَةً قُلُوبُهُمْ ۗ وَأَسَرُّوا النَّجْوَى الَّذِينَ ظَلَمُوا ۖ هَلْ هَٰذَا إِلَّا بَشَرٌ مِّثْلُكُمْ ۖ أَفَتَأْتُونَ السِّحْرَ وَأَنتُمْ تُبْصِرُونَ ۝

''જ્યારે તેમના રબની પાસેથી તેમને કોઈ નસીહત આવે છે તો તેને નથી સાંભળતા પણ રમત કરતા, તેમનાં દિલ ખેલમાં પડેલાં છે. અને જાલિમોએ આપસમાં ગુપ્ત મશ્વરો કર્યો કે, એ કોણ છે એક તમારા જેવા જ માણસ તો છે ! શું જાદૂની પાસે જાવ છો જાણી જોઈને. *(સૂરએ અંબિયા, ૨ તથા ૩)*

પયગંબરે ઈસ્લામ ﷺની સચ્ચાઈની આનાથી વધીને અન્ય શું દલીલ હોઈ શકે છે કે આપના વિરોધી તથા દુશ્મન આપના લાવેલા કલામે ઈલાહીની અસરકારકતાથી ઈન્કાર ન કરી શકે ?! પરંતુ કેમ કે હક઼ીક઼તનો સ્વીકાર કરવાથી તૈયાર ન હતા એટલા માટે કહેતા હતા કે એ જાદૂ છે, તેની નજીક ન જવું જોઈએ, જેવા એના નજીક ગયા તો તેના પર જાદૂ ચાલ્યા વિના રહેશે નહીં. એટલે કે તેઓ પોતાની વક્રદષ્ટિના કારણે તેની અસરકારક્તાને જાદૂ કહેતા હતા.

### ★ વિરોધીઓ કુર્આનની અસરકારક્તાને જાદૂ કહી મેહરૂમ રહ્યા ★

એક અન્ય આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ કાફિરોના કથનને નકલ કરેલ છે :–

Web.: www.barkatekhwaja.net

وَ اِذَا تُتْلٰى عَلَيْهِمْ اٰيٰتُنَا بَيِّنٰتٍ قَالَ الَّذِيْنَ كَفَرُوْا لِلْحَقِّ لَمَّا جَآءَهُمْ ۙ هٰذَا سِحْرٌ مُّبِيْنٌ ۙ

"જ્યારે એ કાફિરો પર અમારી ખુલ્લી આયતો પઢવામાં આવે છે તો તે લોકો સચ્ચાઈ આવ્યા બાદ તેનો ઈન્કાર કરે છે કે આ તો ઉઘાડો જાદૂ છે."

*(સૂરએ અહ્કાફ, ૪૬/૭)*

એટલે તેમના કહેવાનો મતલબ એ છે કે અમારા દિમાગ તથા સમજ પર એની અસર પડે છે. આ અસરકારક્તા ખુદા પાકનુ કલામ હોવાના કારણે નથી બલ્કે એક ઉઘાડા જાદૂનો કરિશ્મો છે.

માણસ જો કોઈ ચીજની અસર તથા પરિણામને જોઈ રહ્યો હોય અથવા મેહસૂસ કરી રહ્યો હોય અને પોતાની નાદાનીના કારણે તેની બુદ્ધિ તેને સમજવાથી લાચાર થઈ જાય તો એવી હાલતમાં આવા પ્રકારની પાયાહિન વાતો કરીને પોતાના માટે સંતોષનો સામાન પૂરો પાડે છે.

એ જ કારણે કેટલાય ઈસ્લામના વિરોધીઓમાંથી તે લોકો જેઓ કુર્આને હકીમની અસરકારક્તાને મેહસૂસ કરી રહ્યા હતા પણ એવું ન સમજી શક્તા હતા કે તેની અસરો શું પડી રહી છે ? એ દિલોમાં દર્દ તથા નરમી કેમ પેદા કરી રહ્યું છે ? એ માનવ દિમાગને ડાયરેક્ટ શું અપીલ કરી રહ્યું છે ? એ માનવ ઝમીરને (અંતરને) કેવી રીતે ઝંઝોળી રહ્યું છે ? તે મુર્દા દિલોમાં જિંદગી તથા હયાત કેવી રીતે પેદા કરી રહ્યું છે ? તેઓ પોતાના આશ્ચર્ય તથા હેરતની હાલતમાં પોતાને એવું કહીને ધોકામાં રાખતા હતા કે આ તો ઉઘાડો જાદૂ છે. એટલા માટે અમે અમારા વાંચકો સમક્ષ કુર્આને હકીમની આશ્ચર્યજનક તાષીર (અસરકારક્તા)ની ઐતિહાસિક ગવાહીઓ પેશ કરવા ચાહીએ છીએ જેનાથી સ્પષ્ટ થશે કે સારી પ્રકૃતિના દર્દ તથા નમ્રતા, આકર્ષણ તથા ઉમંગના માટે આ પવિત્ર કિતાબ કેવો કીમયાઈ નુસ્ખો છે.

## ★ દુશ્મને કહેવુ પડયું, કુર્આનની વાતો રંગ લાવીને રહેશે ! ★

(૧) આ તે સમયની વાત છે જયારે મક્કા શરીફમાં ઈસ્લામના જાંબાઝોની સંખ્યા દિન પ્રતિ દિન વધતી જઈ રહી હતી. કાફિરો તથા મુશ્રિકો એ વખતે અજબના આશ્ચર્યના આલમમાં હતા. ઈસ્લામનો મશહૂર દુશ્મન અને કુરેશનો સરદાર ઉત્બા બિન રબીઆ, કુરેશની મજલિસમાં આવ્યો અને હુઝૂર ﷺ કા'બાના એક ખૂણોમાં બેઠેલા હતા. તેણે મોટા અવાજે પોકારીને કહ્યું કે, હે કુરેશીઓ ! શું હું મુહમ્મદ (ﷺ)ની પાસે જઈને વાતચીત ન કરું અને તેમની સમક્ષ અમુક બાબતો પેશ ન કરું ? શક્ય છે તે બાબતોમાંથી અમુકને તે સ્વીકારી લે અને તેના બદલામાં જે ચાહે તે આપણે તેમને આપી દઈએ. આ રીતે દુઃખદાયક હાલતથી આપણને છૂટકારો મળી જશે. તો કુરેશના સરદારોએ એકી અવાજે કહ્યું, તેમની પાસે જઈને વાતચીત કરો અમને તમારા પર સંપૂર્ણ ભરોસો છે. જેથી ઉત્બા બિન રબીઆ સરકાર ﷺની ખિદમતમાં હાજર થયો અને આપની નજીક બેસીને કહ્યું, હે ભત્રીજા અમારા ત્યાં તમને જે ઈજ્જત મળી હતી એને તમે ખુદ જાણો છો. અને વંશમાં પણ તમે એક શરીફ ખાનદાનના વ્યક્તિ છો. તમે પોતાની કૌમને એક મહાન બલામાં સપડાવી રાખેલ છે. તમે જમાઅતમાં વિખવાદ પેદા કરી આપ્યો છે અને કૌમના શાણા પુરૂષોને બેવકૂફીની તરફ સંબંધિત કર્યા છે. તેમના ધર્મ તથા મઅબૂદોની બુરાઈ કરી છે, જે બાપદાદાઓ મરી ચૂક્યા છે તેમને કાફિર, ગુમરાહ બતાવ્યા છે, તમે મારી વાતોને ધ્યાનથી સાંભળો, કદાચ તમને કોઈ વાત સ્વીકાર્ય હોય.

સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, હે અબુલ

Web.: www.barkatekhwaja.net

વલીદ ! (ઉત્બા બિન રબીઆ) જે કાંઈ તમે કહેવા ચાહો છો તે નિઃસંકોચ કહો. તેણે કહ્યું, હે ભત્રીજા ! જો એ વાતોથી જેના લીધે કૌમમાં મતભેદ પડી ગયો છે. જો તમે દુનિયાની દોલત ભેગી કરવા ચાહો છો તો તમને સૌથી વિશેષ માલદાર બનાવી શકીએ છીએ. જો આગેવાનીની ઈચ્છા હોય તો અમે સૌ તમને અમારા સરદાર સ્વીકારીએ છીએ. જો બાદશાહત ચાહતા હોવ તો અમે તમને અમારા બાદશાહ માની લીધા. જો તમને કોઈ બીમારી થઈ ગઈ છે જેના કારણે ખરેખર તમને સૂતાં જાગતાંમાં કાંઈક દેખાવા લાગ્યું છે તો અમે બધા મળીને શ્રેષ્ઠ ડોકટરો (તબીબો)થી તમારો ઈલાજ કરાવી દઈએ છીએ. એ પોતાની પુરજોશ તક્રીર કરી રહ્યો હતો અને હુઝૂરે અકરમ ﷺ ખામોશ રહી સાંભળતા રહ્યા. જ્યારે તે પોતાની વાતો ખત્મ કરી ચૂક્યો તો આપે ફર્માવ્યું કે તમે તમારી વાતો કરી ચૂક્યા કે હજી કાંઈ રહી ગયું છે ? તેણે કહ્યું, મેં મારી વાત પૂર્ણ કરી લીધી. આપે ફર્માવ્યું, હવે મારાથી સાંભળો !

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ حٰمٓ ۚ﴿۱﴾ تَنْزِيْلٌ مِّنَ الرَّحْمٰنِ الرَّحِيْمِ ۚ﴿۲﴾ كِتٰبٌ فُصِّلَتْ اٰيٰتُهٗ قُرْاٰنًا عَرَبِيًّا لِّقَوْمٍ يَّعْلَمُوْنَ ۙ﴿۳﴾

(હા–મીમ, આ ઉતારેલુ છે મહાન રહમવાળા મહેરબાનનું. એક કિતાબ છે જેની આયતો તફસીલવાર ફર્માવવામાં આવી અરબી કુર્આન બુદ્ધિશાળીઓ માટે. સૂરએ સજદા, ૪૧/૧,૨,૩) પઢ્યું. ત્યાર બાદ મોડે સુધી આપ સૂરએ "હા–મીમ–સજદા"ની તિલાવત કરતા રહ્યા અને ઉત્બા બિન રબીઆ પાછળ જમીન પર હાથ ટેકવીને ધ્યાનપૂર્વક સાંભળતો રહ્યો. આપે સજદાની આયત પર પહોંચીને સજદો કર્યો, પછી માથુ ઉઠાવીને ઉત્બાને ફર્માવ્યું કે જે કાંઈ મારે કહેવું હતું તે આપે સાંભળી લીધું, હવે તમે જાણો અને તમારું કામ જાણે !

ઉત્બા બિન રબઆ, સરકાર ﷺની પાસેથી ઉઠીને કુરૈશના સરદારોની પાસે પરત થયો તો લોકોએ દૂરથી જ આવતો જોઈને કહ્યું, ખુદાની કસમ ! અબુલ વલીદનો ચહેરો બદલાયેલો છે ! આ તે ચહેરો નથી જેને લઈને તે ગયો હતો. તેના પહોંચતાં જ લોકોએ સવાલ કર્યો, કહો અબુલ વલીદ ! શું કરીને આવ્યા છો ?! તેણે કહ્યું, ખુદાની કસમ ! મેં એવુ કલામ (વાણી) સાંભળ્યું છે કે આનાથી પહેલા સાંભળ્યું ન હતું. ખુદાની કસમ ! ન તો તે શેઅર (શાઈરી) છે ન તે જાદૂગરી છે, ન જ્યોતિષ છે. હે કુરૈશના લોકો ! મારી વાત માની લો અને તેમને તેમની હાલત પર છોડી દો ! મેં તેમની જે વાતો સાંભળી છે એ છેવટે રંગ લાવીને રહેશે ! જો અરબ એના પર ગાલિબ (સવાર) થઈ ગયા તો તમે જે કામ કરવા ચાહતા હતા (કત્લ) તે બીજાઓ તમારા તરફથી પૂર્ણ કરી દેશે અને તમારા પર એમની ખૂનની જિમ્મેદારી ન આવશે. અને જો તે અરબો પર છવાઈ ગયા તો એના કારણે તમારી ઈજ્જત થશે, તેની બાદશાહ તમારી બાદશાહત હશે. અને એના સબબે તમે લોકોમાં કામયાબતર થશો. લોકોએ કહ્યું, ખુદાની કસમ ! અબુલ વલીદ પર તેણે પોતાની જીભ વડે જાદૂ કરી આપ્યો. ઉત્બા બિન રબીઆએ કહ્યું, આ મારી રાય છે, આગળ તમે જાણો તમારું કામ જાણે ! *(સીરતે ઈબ્ને હિશામ, ૧/૨૯૪)*

આ ઐતિહાસિક બનાવને ધ્યાનપૂર્વક વાંચો અને વારંવાર વાંચો ! કે ઉત્બા બિન રબીઆના આ કથનને કે, "ખુદાની કસમ ! ન તે શેઅર છે ન સહર તથા જાદૂગરી છે, ન જ્યોતિષ છે !" જાહેરી રીતે તો એક વિરોધીની વાત કહી શકાય છે, જ્યારે કે એક મશહૂર ઈસ્લામના દુશ્મનની જીભેથી આ શબ્દો નીકળી રહ્યા છે, તો કઈ ચીજ તેને આટલા પ્રમાણમાં પ્રભાવિત કરી આપ્યો હતો કે તેણે સરકારે દો આલમ ﷺની ઝબાનથી કુર્આને હકીમની થોડીક આયતો સાંભળી



Web.:www.barkatekhwaja.net

લીધી તો તેના અંતરે એ શહાદત આપી કે, કુર્આને હકીમના જે પયગામને પયગંબરે ઈસ્લામ ﷺ લોકોની પાસે પહોંચાડવા ચાહે છે અને જેને માનવાના માટે આજે અરબ દુનિયા કોઈ રીતે માનવ તૈયાર નથી, પણ તે છેવટે પોતાનો રંગ દેખાડીને જ રહેશે, અને એક સમય એવો આવશે કે જ્યારે એનો પયગામ સર્વ અરબસ્તાનમાં ફેલાયને રહેશે.

આ કુર્આને હકીમની તાષીર (અસરકારક્તા)ની શક્તિ હતી કે જે એના દિલને ઝંઝોળી રહી હતી જેના લીધે તેના મુર્દા ઝમીરથી હક્કનો અવાજ બુલંદ થઈ રહ્યો હતો.

## ★ ઈસ્લામની સચ્ચાઈ વિશે દુશ્મને ગવાહી આપી ! ★

**(૨)** ઈસ્લામની દા'વતના જોર પકડવા પર કુરેશના સરદાર સખત પરેશાનીમાં સપડાયેલા હતા. તેમને પરેશાની એ હતી કે જેટલોય એની વિરુદ્ધ પ્રોપેગન્ડો કરવામાં આવે છે એટલો જ એનો પ્રચાર તથા ફેલાવો દિન પ્રતિ દિન થઈ રહ્યો છે ! પછી જે વાત સરકાર ﷺની વિરુદ્ધ પોતે ઘડી ઘડીને વર્ણન કરતા હતા તેના પર ખુદ તેમના દિલો જામતાં ન હતાં ! ક્યારેક કહેતા કે આ શખ્સ જાદૂગર છે, ક્યારેક કહેવામાં આવતું કે આ કલામ (કુર્આન) તેણે ખુદ ઘડી કાઢેલું છે અને કહે છે કે ખુદાનું કલામ છે. ક્યારેક સરકાર ﷺની વાતોને પાગલોનાં ડિંગ અને ઠેકાણા વિનાના ખયાલો સાથે સરખાવતા, ક્યારેક કહેતા આ શાઈરાના તરંગો અને તુક્કબાજીઓ છે, જેનું નામ તેણે કલામે ઈલાહી રાખ્યું છે. તેમનાં એ જ કથનોને કુર્આને હકીમે તેમના રદિયા માટે નક઼લ કરેલ છે :–

بَلْ قَالُوْٓا اَضْغَاثُ اَحْلَامٍۭ بَلِ افْتَرٰىهُ بَلْ هُوَ شَاعِرٌ ۚ فَلْيَاْتِنَا بِاٰيَةٍ كَمَآ اُرْسِلَ الْاَوَّلُوْنَ ۝٥

(બલ્કે બોલ્યા, પરેશાન ખ્વાબો છે, બલ્કે એમની ઘડત (ઘડી કાઢેલી ચીજ) છે, બલ્કે એ શાઈર છે, તો અમારી પાસે કોઈ નિશાની લાવે જેમ કે આગલા મોકલવામાં આવ્યા હતા. –સૂરએ અંબિયા, ૨૧/૫)

સાચી વાત અથવા વહીયે ઈલાહીને ગલત તાબીરો (અર્થઘટનો) થકી લોકોને ઈસ્લામથી રોકવા ચાહતા હતા, પરંતુ આ પ્રકારની ચળવળોથી તેમનું કામ બનતુ જોવા ન મળી રહ્યું હતું તો **તેઓ પોતાની અમુક મેહફિલોમાં ઈસ્લામની વિરુદ્ધ થતી તદબીરોમાં પણ સચ્ચાઈનો અવાજ કદીક બુલંદ કરી દેતા હતા.** જેમ કે નઝર ઈબ્ને હારિષે જે ઈસ્લામ અને મુસલમાનોની સાથોસાથ અધિક્તર સરકાર ﷺનો દુશ્મન હતો. પોતાની એક તક઼રીરમાં કુરેશના સરદારોને સંબોધીને કહે છે કે, **હે કુરેશીઓ ! ખુદાની ક઼સમ ! તમારી પરેશાનીઓના નિવેડા માટે અત્યાર સુધી તમે જે તદબીરો (યુક્તિઓ) અપનાવી છે તે સફ઼ળ થતી જોવા નથી મળતી. તમે લોકો મુહમ્મદ (ﷺ)નો જે રીતે મુક઼ાબલો કરી રહ્યો છો એનાથી કામ નથી ચાલી શક્તું. વિના શંકાએ તે આપણી દરમિયાન યુવાન હતો, એ સૌથી અધિક તમારામાં પસંદીદા અને નેક કિરદાર (સારા વ્યક્તિત્વવાળો) હતો. તમારામાં સૌથી અધિક સાચો હતો. સૌથી વધીને અમીન સમજવામાં આવતો હતો. હવે જ્યારે કે તમે તેના ચહેરા પર વૃદ્ધાવસ્થાની અસરો જોઈ રહ્યા છો અને તેમના વાળ સફ઼ેદ થવા પર આવ્યા છે તો તમારી પાસે જે વાતો એ રજૂ કરે છે તો તમે કહે છો કે તે જાદૂગર છે ! ખુદાની ક઼સમ ! તે જાદૂગર નથી ! મેં જાદૂગરોને કલા (ચમત્કાર) દેખાડતા જોયા છે, અને તેમના ઝાડ ફૂંકને જોયેલ છે. તમે કહો છો કે તે જ્યોતિષ છે ! ખુદાની ક઼સમ ! તે જ્યોતિષ**

Web: www.barkatekhwaja.net

**વાકેફ છું. તમે કહો છો, એ શાઈર છે ! ખુદાની કસમ ! તે શાઈર પણ નથી ! હું શેઅરના સર્વ પ્રકારોથી વાકેફ છું. તેની વાણી તેના કોઈ પ્રકારમાં નથી આવતી. તમે કહો છો તે પાગલ છે ! ખુદાની કસમ ! તે પાગલ પણ નથી ! પાગલની જે હાલત હોય છે અને જે તાલમેલ વગરની વાતો તથા ડિંગો પાગલ હાંકે છે તેનાથી શું આપણે અજાણ છીએ ? કુરેશના સરદારો ! કાંઈક અન્ય વિચારો ! તમારી સામે જે મામલો ઉપસ્થિત થયો છે તે એનાથી અધિક મોટો છે, કેમ કે આવી વાતો બનાવીને તમે તેને હરાવી શકશો નહીં.**

નઝર બિન હારિષ ઈસ્લામ તથા પયગંબરે ઈસ્લામ ﷺનો એટલો મોટો દુશ્મન હતો કે તેણે ઈસ્લામની વિરુદ્ધ ચળવળ ચલાવવા અજમથી અસ્ફન્દયાર અને રુસ્તમના કિસ્સા કિસ્સા લાવીને અરબમાં ફેલાવવાની તજવીઝ કુરેશના સરદારો સામે પેશ કરી હતી, પણ તેની એ યુક્તિ કુર્આને હકીમની અસરકારક્તાની શક્તિની સામે ટકી ન શકી. તેના (ઉપરોક્ત) શબ્દો ફરીથી ધ્યાનપૂર્વક વાંચો.

કાફિરો તથા મુશ્રિકોનો જેવો રદિયો આ ઈસ્લામના દુશ્મને જ આપ્યો છે તે આ શબ્દોથી બિલ્કુલ જાહેર છે. એ જ લોકો જાત જાતના આક્ષેપો અને ચિત્ર વિચિત્ર વાતો પયગંબરે ઈસ્લામ ﷺ અને તેમના લાવેલા પયગામના વિશે કહેતા હતા, તેની તેમનામાંનો જ એક વ્યક્તિ રદ કરી રહ્યો છે ! સત્યની રોશનીથી મોં નથી ફેરવી શકાતું, સચ્ચાઈનું પ્રતિબિંબ તેના દિમાગના પડદા પર પડી રહ્યું છે, જેના કારણે તે પોતાની હજાર દુશ્મની છતાં તેને છુપાવી નથી શકતો.

આ સ્થળે વિચારવું પડે છે કે કેવી રીતે એક કાફિર દુશ્મન ખુદ પોતાના જ લોકોને રદિયો આપી રહ્યો છે ! હકીકતમાં વાત એ છે કે આ કુર્આન હકીમની વર્ણન શૈલી, પછી તેને લાવનારાની આકર્ષક હસ્તી અને કુર્આને હકીમની અસરકારકતાની શક્તિ હતી જેને અન્ય સર્વ ચીજો કરતાં વિશિષ્ટ કરી રહી હતી. એટલા માટે તે સમજી રહ્યો હતો કે એ શાઈરી કેવી રીતે હોઈ શકે છે, જ્યોતિષ કેવી રીતે હોય શકે છે, એ જાદૂગરી કેવી રીતે હોય શકે છે, પરંતુ હઠ તથા અદાવતના કારણે તેનું દિમાગ લાચાર તથા મજબૂર હતું કે તેને સહીહ રસ્તા પર ચાલવા માટે મજબૂર કરે, એટલા માટે તેણે હકીકતના ચેહરા પરથી પડદો હટાવી આપ્યો, પરંતુ ખુદ તેના રસ્તે ચાલી ન શક્યો. આ હતી કુર્આને અઝીઝની તાષીરની શક્તિ જેનાથી પ્રભાવિત થયા વિના એક કાફિર પણ ન રહી શક્યો.

## ★ કાનમાં પુમડાં રાખી દીધાં છતાં હક્કનો અવાજ કાને પડી જતાં મુસલમાન બની ગયા ! ★

હઝરત તુફૈલ બિન અમ્ર દવસી મક્કા મોઅઝ્ઝમામાં પોતાની કોઈ જરૂરતને લીધે તશરીફ લાવ્યા. તે બુધ્ધિશાળી તથા શરીફ ઈન્સાન હતા, સાથોસાથ તે શાઈરી પર પ્રભુત્વ ધરાવતા હતા. આ તે સમયનો બનાવ છે જ્યારે હુઝૂરે અન્વર ﷺની દાવત તથા તબ્લીગની અસર ફેલાય રહી હતી. કુરેશના સરદારો આપના મુકાબલામાં એડી ચોટીનું જોર લગાડી રહ્યા હતા. કુરેશના સરદારોએ તેમનાથી મળીને પોતાની નિરર્થક વાતો વડે હઝરત તુફેલ બિન અમ્ર દવસીને સરકાર ﷺથી બદગુમાન કરવાની કોશિશ એ રીતે કરી કે, અમારા શહેરમાં એક એવો માણસ જાહેર થયો છે જેણે અમને સૌને પરેશાનીમાં મૂકી દીધા છે. અમારી જમાઅતમાં વિખવાદ પેદા કરી આપ્યો છે અમે સૌ વિખવાદ અને અશાંતિથી પરેશાન છીએ, તેની વાણી જાદૂઈ અસર ધરાવે છે. બાપ બેટા, પતિ પત્નીમાં જુદાઈ પાડી દીધી છે. અમને એ વાતનો અંદેશો છે કે જે મુસીબતમાં અમે

Web.:www.barkatekhwaja.net

લોકો સપડાયેલા છીએ એ જ બલા તમારી ક઼ૌમ પર સવાર ન થઈ જાય, એટલા માટે એની સાથે વાતચીત ન કરશો અને ન તો એની વાતો સાંભળજો. હઝરત શાઈરે ઈસ્લામ તુફૈલ બિન અમ્ર દવસીને આ પ્રકારની વાતોથી હુઝૂરથી સખત બદઝન કરી દીધા હતા.

એમનું વર્ણન છે કે મજબૂત ઈરાદો કરી લીધો હતો કે મુહમ્મદ ﷺથી વાત કરીશ નહીં અને ન એમની વાતો સાંભળીશ. સાવચેતી ખાતર તેમણે પોતાના કાનોમાં રૂ નાખી લીધુ હતું. તે કહે છે કે સવારના સમયે હું મસ્જિદે હરામમાં ગયો. રસૂલુલ્લાહ ﷺ કાબાની નજીક ઉભા રહીને નમાઝ પઢી રહ્યા હતા. હું પણ તેમની નજીક ઉભો થઈ ગયો. કોઈ રીતે એમની વાતો મારા કાનમાં પડી ગઈ. એમના કલામ (વાણી)થી હું ખૂબ જ ખુશ થયો કે આ તો ખૂબ જ સારી વાણી છે !

આપે દિલમાં વિચાર્યું કે ખુદાની ક઼સમ ! હું સારા બુરામાં તમીઝ કરનાર એક શાઈર છું કેમ ન એમની વાણી સાંભળું ?! જો તેમની વાતો સારી હશે તો તેને સ્વીકારી લઈશ, નહીં તો તેમનાથી દૂર રહીશ. હું થોડીવાર સુધી તેમની પાસે ઉભો રહ્યો, ત્યાં સુધી કે તે પોતાના ઘરની તરફ પરત થયા તો હું પણ તેમની પાછળ ચાલ્યો. જ્યારે તે ઘરમાં દાખલ થઈ ગયા તો હું પણ તેમની સાથે દાખલ થઈ ગયો અને કહ્યું, હે મુહમ્મદ ! ﷺ આપના વિશે આપની ક઼ૌમે એવી એવી વાતો કરે છે, જેનાથી પ્રભાવિત થઈને મેં મારા કાનોમાં રૂ ખોસી આપ્યું હતું. આપનું કલામ (વાણી) ખૂબ જ ઉમદા કલામ હતું, મેં તેને સાંભળી લીધું. હવે તમે તમારી વાતો મારા સમક્ષ રજૂ કરો.

સરકારે દો આલમ ﷺએ તેમને ઈસ્લામની દાવત આપી અને કુર્આને હકીમની આયતે કરીમા તિલાવત કરી, તરત જ તેમણે બેખુદીના આલમમાં કહ્યું, ખુદાની ક઼સમ ! આનાથી સારુ કલામ મેં કદી સાંભળ્યું ન હતું ! અને કલ્મએ શહાદત પઢીને મુસલમાન થઈ ગયા. પછી પરત થઈને પોતાના ક઼બીલામાં ઈસ્લામની તબ્લીગ શરૂ કરી. સતત ઈસ્લામની દાવત તથા તબ્લીગનું કામ કરતા રહ્યા, ત્યાં સુધી કે ગઝવએ ખંદકના સમય સુધી તેમના ક઼બીલાના સિત્તેર ઘરાનાં ઈસ્લામ લઈ આવ્યાં.

હઝરત તુફૈલ બિન અમ્ર દવસી એક ઉચ્ચ કક્ષાના શાઈર હતા. તેમને શાઈરાના કલામનો ખૂબ જ અનુભવ હતો. તે પોતાની સમજ તથા દિર્ઘ દષ્ટિથી સારા બુરામાં ફરક કરનારા માણસ હતા. કુર્આને હકીમની આયતે કરીમાને સાંભળીને અને સરકાર ﷺની શખ્સિયતથી પ્રભાવિત થઈને ઈસ્લામની દોલતથી માલામાલ થયા. શું આ એ વાતની દલીલ નથી કે કુર્આને હકીમની મોજિઝામય વર્ણન શૈલી દિલોમાં ક્રાંતિ પેદા કરવા માટે પૂરતી છે.

આ અલ્લાહની વહીની ભરપૂર અસરકારકતા હતી જેણે હજારો પ્રોપેગન્ડાઓની અસરોને પળવારમાં નષ્ટ કરી દીધી. એટલા માટે હું કહું છું કે સહીહ સમજ પામવા અને સમજદારીની મજબૂતી પામવા માટે કુર્આન હકીમની મુબારક આયતો આશ્ચર્યજનક તાષીર (અસરકારતા) ધરાવે છે. જેથી મુસલમાનોએ જોઈએ કે સાહિત્યિક તથા સ્પીચને લગતી કિતાબોને પઢવાને બદલે કુર્આને કરીમની તિલાવતથી પોતાના દિમાગને રોશન તથા મુનવ્વર કરે.

પરંતુ અફસોસ એ વાત પર છે કે વર્તમાન સમયની ગલત રવીઓ અને ગુમરાહીઓએ મુસલમાનોના શોખને એ રીતે મંદ કરી આપ્યો છે કે તેઓ નોવેલ પઢી શકે છે, બનાવટી કહાનીઓમાં પોતાનો કિંમતી સમય વેડફી શકે છે, વર્તમાન પત્રોની ખબરો માટે બેચેન રહે છે, (હવે તો મોબાઈલ પર દુનિયાની ફોગટની વધુ પેજ 09 પર..

Web.: www.barkatekhwaja.net

## ★ દારુલ ઉલૂમ ગ઼ૌષે સમદાનીમાં ઈસ્લાહુલ મુસ્લિમીન કોન્ફ્રન્સ ★

તા. ૨૮–૩–૨૦૨૨ના રોજ દારુલ ઉલૂમ ગ઼ૌષે સમદાની પીપલીયા રાજ મુક઼ામે મુસ્લિમ સમાજમાં દીની જાગૃતિ લાવવા ઈસ્લાહુલ મુસ્લિમીન કોન્ફ્રન્સ રાખવામાં આવી જેમાં વાંકાનેર તાલુકા વિસ્તારના ૫૦થી વધુ ગામોના આલિમો અને દરેક ગામની મસ્જિદના આગેવાનો તથા દીની સંસ્થાઓના આલિમ સાહબો, ટ્રસ્ટીઓ તથા વાંકાનેર શહેરના વેપારીઓએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી. જેમાં સમાજના અંદર શૈક્ષણિક જાગૃતિ લાવવા અને ગવર્મેન્ટ નોકરીઓ માટે તૈયારીઓ કરવા ઉષ્માન ગનીભાઈ શેરસીયાએ ફોકસ આપ્યો હતો, તેમજ ઈલ્મે દીનની ફઝીલતના વિષય પર હઝરત મૌલાના મુશ્તાક સાહબ અકબરીએ, અને લોકોને ભલાઈનો હુકમ આપો અને બુરાઈથી રોકોના વિષય ઉપર મૌલાના મુહમ્મદ ઈસ્માઈલ સાહબ અકબરીએ, અને મુસલમાનો એક બનો સંગઠિત બનોના વિષય ઉપર હઝરત મૌલાના સૈયદ ફારૂક બાપુ અશરફીએ ખૂબ જ નિરાલા અંદાઝમાં બયાનો કર્યાં હતાં, ત્યાર પછી આ કોન્ફ્રન્સના મુખ્ય વક્તા હઝરત મૌલાના મુહમ્મદ અમીન સાહબ અકબરી નાઝિમે આ'લા દારુલ ઉલૂમ ગ઼ૌષે સમદાનીએ સમાજમાં દીની જાગૃતિ લાવવા અને બુરાઈઓથી રોકવા ઘણા બધા મુદ્દાઓ ઉપર વિસ્તારપૂર્વક રહનુમાઈ ફર્માવી હતી, જેમાં અમુક મુદ્દાઓ અહીંયા દર્શાવીએ છીએ : (૧) આપણી આવનાર પેઢીને મઝહબે ઈસ્લામથી નજીક રાખવા અને બાળકોના દિલમાં અત્યારથી જ અલ્લાહ વ રસૂલની મહોબ્બત ઉતારવા અને ઘર ઘર કુર્આને કરીમની તા'લીમ આમ કરવા માટે દરેક ગામના મદ્રસાઓની તા'લીમ બેહતર બનાવવામાં આવે. (૨) યુવાનોમાં દીની જાગૃતિ લાવવા જુમ્આની અંદર સમયને આધિન કુર્આનો હદીષની રોશનીમાં બયાન કરવામાં આવે. (૩) અત્યારની મોંઘવારીને ધ્યાને લઈ ઈમામો/મુદર્રિસોના પગાર વધારવામાં આવે નહીંતર આવનારા સમયમાં સારા આલિમો મળશે નહીં જે દીન માટે મોટુ નુકસાન હશે. (૪) રમઝાનુલ મુબારકના અદબ ખાતર દરેક ગામમાં દિવસ દરમિયાન કોઈ પણ મુસલમાનભાઈ જાહેરમાં દુકાનો ઉપર ચા, પાન, ફાકીનું સેવન ન કરે, તેનું દરેક ગામની મસ્જિદોમાં એલાન કરવા આવે. (૫) લગ્ન પ્રસંગોમાં ઢોલ તમાશા બેન્ડ બાજા ડીજે સાથે કુફ્રિયા ગીતો ઉપર ઔરતો જવાન દીકરીઓનું નાચવું હરામ અને ઈસ્લામની તા'લીમથી તદ્દન વિરુદ્ધ છે તેને રોકવામાં આવે. (૬) સ્કૂલો કોલેજોમાં અભ્યાસ કરતા દીકરા, દીકરીઓની દીનદારી ઈજ્જત આબરૂની હિફ઼ાઝતની દરેક વાલીએ કાળજી રાખવી. (૭) તલાક઼ અલ્લાહને નાપસંદ છે માટે તેનાથી બચો ! અગર કોઈ રસ્તો બાકી ન રહે તો સારા આલિમોથી રહનુમાઈ મેળવી આગળ વિચારો. આ સિવાય ઘણા બધા મુદ્દાઓ મૌલાના મુહમ્મદ અમીન સાહબે બયાન કરી તમામ આલિમો, આગેવાનોને સમાજમાં દીનદારી લાવવા અને બુરાઈઓથી રોકવા ભલામણો કરી હતી. અંતમાં દરેક આલિમોને ફર્ઝ ઉલૂમ સીખીયે, નામની કારઆમદ કિતાબ તોહફ઼ા રૂપે આપવામાં આવી. અને બાદમાં સલાતો સલામ પઢી દુઆ ગુજારવામાં આવી.

*–રજૂકર્તાઃ મૌલાના અશરફ સાહબ–વાંકાનેર*

Web.:www.barkatekhwaja.net


**તદ્દન સસ્તા દરોથી મકતબની ઉર્દૂ કિતાબો મંગાવો**

**હઝરત મુફ્તી જલાલુદ્દીન અમજદી رحمۃ اللہ علیہની સંપાદિત મદ્રસામાં પઢાતી ઉર્દૂ કિતાબો**

| કિતાબનું નામ | હિસ્સા | કિંમત | ઘટાડેલ કિંમત |
|---|---|---|---|
| નૂરાની તા'લીમ | અવ્વલ | રૂા. ૨ | રૂા. ૧.૦ |
| નૂરાની તા'લીમ | દૌમ | રૂા.૩ | રૂા. ૧.૫ |
| નૂરાની તા'લીમ | સૌમ | રૂા.૫ | રૂા. ૨.૫ |
| નૂરાની તા'લીમ | ચહારૂમ | રૂા.૬ | રૂા. ૩.૦ |
| નૂરાની તા'લીમ | પંજુમ | રૂા.૬ | રૂા. ૩.૦ |
| જન્નતી ઝેવર | ઉર્દૂ | રૂા.૧૦૦ | રૂા. ૫૦ |

મદ્રસા તથા દારુલ ઉલૂમના તલબા/તાલિબાત માટે ખાસ કન્શેશન દરે ટપાલ ખર્ચ સહિત મેળવવા આજે જ સંપર્ક કરો.

ઠે. રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫૨૧૪૭૭

**9427464411 PhonePe/Paytm/G Pay**